# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

વર્ષ-13 । અંક-177 । વિક્રમ સંવત-2080 । વૈશાખ સુદ-05 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક

12 MAY-2024 SUNDAY




પેજ-08
'મિસ્ટર એન્ડ મિસિસ માહી' ફિલ્મ માટે જહાન્વીકપૂરે અઢી વર્ષ ક્રિકેટની...

પેજ-09
નીરજ ચોપરાએ દોહા ડાયમંડ લીગમાં સિલ્વર મેડલ જીત્યો




**હવામાન**


| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 40.00 | 28.00 |
| વડોદરા | 39.00 | 28.00 |
| સુરત | 36.00 | 28.00 |

પેજ 5



માર્કેટમાં ગરબડ કરનારા લોકો ચેતી જજો, SEBIએ જાહેર કર્યા...

ઇઝરાયલ-ગાઝા યુદ્ધ અંગે યુએસ સરકારનો રિપોર્ટ: નક્કર પુરાવા...



પેજ 10

**.....સુવિચાર.....**
સફળતા માટે કોઈ મંત્ર નથી, આ માત્ર મહેનતનું પરિણામ છે!

### જામીન પર બહાર આવેલા સીએમ અરવિંદ કેજરીવાલનો હુંકાર

# મોદી જીતશે તો શાહને PM બનાવશે, યોગીની રાજકીય કારકિર્દી ખતમ કરશે



(એજન્સી) નવી દિલ્હી । તા. 11

દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલે પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે ' જો ભાજપ જીતશે તો અમિત શાહ પીએમ બનશે, ' આ નિવેદને લઈ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પલટલાર કરતા કહ્યું કે 'આ દેશના લોકો, પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ અથવા પૂર્વોત્તર બધા સાથે ઉભા છે. મોદીજી ગઠબંધનના તમામ નેતાઓ જાણે છે કે અમે 400 સીટો પાર કરવા જઈ રહ્યા છીએ અને મોદીજી ત્રીજી વખત આ દેશના પીએમ બનશે, તેથી જ તેઓ આ પ્રકારની ગેરસમજ ફેલાવી રહ્યા છે બીજેપીના બંધારણમાં આવી કોઈ જોગવાઈ નથી અને મોદીજી 2029 સુધી દેશનું નેતૃત્વ કરશે અને મોદીજી આવનારી ચૂંટણીઓનું પણ નેતૃત્વ કરશે.INDI ગઠબંધન માટે કોઈ સારા સમાચાર નથી... તેઓ આવા જુઠ્ઠાણું ફેલાવીને ચૂંટણી જીતી શકતા નથી. તેલંગાણામાં રેલી બાદ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે એક પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. જેમાં તેમણે અનેક મુદ્દાઓ પર ચર્ચા કરી અને મીડિયાના સવાલોના જવાબ આપ્યા હતા.

### ▪ સરમુખત્યારશાહીને રોકવા દેશનું ભ્રમણ કરીશ

પ્રેસ કોન્ફરન્સને સંબોધતા સીએમ કેજરીવાલે કહ્યું કે 'હું મારા દેશને આ સરમુખત્યારશાહીથી બચાવવા 140 કરોડ લોકોની ભીખ માંગવા આવ્યો છું. તેમજ હું સુપ્રીમ કોર્ટનો આભાર માનું છું. તેઓએ મને 21 દિવસનો સમય આપ્યો છે. દિવસમાં 24 કલાક છે, હું આ સરમુખત્યારશાહીને રોકવા માટે આખા દેશનું ભ્રમણ કરીશ. મારા લોહીનું એક-એક ટીપું દેશ માટે કુર્બાન છે.'

### ▪ કેજરીવાલ જેલમાંથી બહાર આવતા આપને રાહત

નોંધનીય છે કે કેજરીવાલ જેલમાંથી બહાર આવવાથી આમ આદમી પાર્ટીને મોટી રાહત મળી છે, કારણ કે તેઓ AAPના સૌથી મોટા સ્ટાર પ્રચારક છે. અરવિંદ કેજરીવાલ એવા સમયે જેલમાંથી બહાર આવ્યા છે જ્યારે દિલ્હી, પંજાબ અને હરિયાણા જેવા રાજ્યોમાં ચૂંટણી થવાની બાકી છે. આ ત્રણેય રાજ્યોમાં આમ આદમી પાર્ટીની સ્થિતિ ઘણી મજબૂત છે. જેલમાંથી બહાર આવ્યા બાદ કેજરીવાલનો ત્રણેય રાજ્યોમાં રેલીઓ અને રોડ શો કરવાનો પ્લાન છે.

### દેશના લોકો અમારી સાથે છે : મુખ્યમંત્રી ભગવંત માન

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની જેલમાંથી છૂટ્યા બાદ AAPની પહેલી પ્રેસ કોન્ફરન્સમાં પંજાબના સીએમ ભગવંત માને કહ્યું કે 'લોકો અમારી સાથે છે.' કેજરીવાલે કહ્યું હતું કે મને ખબર પડી કે જ્યારે હું જેલમાં ગયો ત્યારે મારી માતા અને બહેનો ખૂબ રડી હતી. દરેકનો આભાર માનવા માંગુ છું. કરોડો લોકોએ પ્રાર્થના કરી છે.તેના આશીર્વાદથી જ હું તમારી વચ્ચે છું.



કેજરીવાલને ક્યારેય કોઈ પદ માટે લાલચ નથી જ્યારે હું જેલમાં હતો ત્યારે કેટલાક લોકોએ એવો મુદ્દો ઉઠાવ્યો હતો કે કેજરીવાલ મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું કેમ આપતા નથી. કેજરીવાલ ક્યારેય કોઈ પદ માટે લાલચુ નથી.

### VS

### અરવિંદ કેજરીવાલના નિવેદનને લઈ અમિત શાહનો પલટવાર

# દેશનું નેતૃત્વ વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ કરશે, આમાં કોઈ મૂંઝવણની વાત નથી




(એજન્સી) નવી દિલ્હી । તા. 11

દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલે પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે ' જો ભાજપ જીતશે તો અમિત શાહ પીએમ બનશે, ' આ નિવેદને લઈ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પલટલાર કરતા કહ્યું કે 'આ દેશના લોકો, પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ અથવા પૂર્વોત્તર બધા સાથે ઉભા છે. મોદીજી ગઠબંધનના તમામ નેતાઓ જાણે છે કે અમે 400 સીટો પાર કરવા જઈ રહ્યા છીએ અને મોદીજી ત્રીજી વખત આ દેશના પીએમ બનશે, તેથી જ તેઓ આ પ્રકારની ગેરસમજ ફેલાવી રહ્યા છે બીજેપીના બંધારણમાં આવી કોઈ જોગવાઈ નથી અને મોદીજી 2029 સુધી દેશનું નેતૃત્વ કરશે અને મોદીજી આવનારી ચૂંટણીઓનું પણ નેતૃત્વ કરશે.INDI ગઠબંધન માટે કોઈ સારા સમાચાર નથી... તેઓ આવા જુઠ્ઠાણું ફેલાવીને ચૂંટણી જીતી શકતા નથી. તેલંગાણામાં રેલી બાદ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે એક પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. જેમાં તેમણે અનેક મુદ્દાઓ પર ચર્ચા કરી અને મીડિયાના સવાલોના જવાબ આપ્યા હતા.


### ▪ મોદી ફરી વડાપ્રધાન બનશે અને ટર્મ પણ પૂરી કરશે

અમિત શાહે કહ્યું કે, 'હું અરવિંદ કેજરીવાલ એન્ડ કંપની અને ઈન્ડિ ગઠબંધનને કહેવા માંગુ છું કે, મોદીજી 75 વર્ષના થઈ રહ્યા હોવાથી તમારે ખુશ થવાની બિલકુલ જરૂર નથી. ભાજપના બંધારણમાં એવું નથી લખ્યું કે, મોદીજી ફરી વડાપ્રધાન ના બની શકે. તેઓ ફરી વડાપ્રધાન બનશે અને ટર્મ પણ પૂરી કરશે. ભવિષ્યમાં પણ વડાપ્રધાન મોદી જ દેશનું નેતૃત્વ કરતા રહેશે.'

### ▪ કાયદા અંગે કેજરીવાલની સમજણ નબળી છે

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના વચગાળાના જામીન પર કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પ્રેસ કોન્ફરન્સ કરીને કહ્યું કે, 'અરવિંદ કેજરીવાલને ચૂંટણી પ્રચાર કરવા માટે વચગાળાના જામીન અપાયા છે. તેમણે સુપ્રીમ કોર્ટની સામે પ્રાર્થના કરી હતી કે તેમની ધરપકડ ખોટી છે, પરંતુ સુપ્રીમ કોર્ટે ન માન્યું. તેમને વચગાળાના જામીન માત્ર 1 જૂન સુધી અપાયા છે અને 2 જૂને તેમને એજન્સીઓની સામે આત્મસમર્પણ કરવું પડશે. જો અરવિંદ કેજરીવાલ તેને ક્લીન ચિટ માને છે તો કાયદા અંગે તેમની સમજણ નબળી છે.'

### આગામી 5 વર્ષમાં મોદીજી દેશને નવા શિખરે લઈ જશે: નડ્ડા

ભાજપ અધ્યક્ષ જે.પી. નડ્ડાએ પણ કેજરીવાલના નિવેદન પર પ્રતિક્રિયા આપી છે. તેમણે X પર લખ્યું કે- 'કેજરીવાલ અને આખું ઈન્ડિ ગઠબંધન ચૂંટણીમાં નિષ્ફળતા અનુભવી રહ્યું છે. દેશને ભટકાવવા અને ભ્રમિત કરવાનો જ તેમનો ઉદ્દેશ્ય છે. પૂર્વથી પશ્ચિમ, ઉત્તરથી દક્ષિણ તરફ મોદીજીને જનતાના પ્રચંડ આશીર્વાદ મળી રહ્યા છે. વડાપ્રધાન મોદીજીની સામે ન તો તેમની પાસે કોઈ નીતિ છે અને ન કોઈ કાર્યક્રમ છે. હવે મોદીજીની ઉંમરનું બહાનું લઈને રસ્તો શોધી રહ્યા છે. ભાજપના બંધારણમાં ક્યાંય પણ ઉંમરને લઈને કોઈ વ્યવસ્થા નથી. જનતા જાણે છે મોદીજીના કણ-કણ અને ક્ષણ-ક્ષણ ભારત માતાની સેવા માટે સમર્પિત છે.



## Quick Read

### રિશ્તે મેં હમ પાકિસ્તાન કે બાપ લગતે હૈં...: કોંગ્રેસના પૂર્વ નેતા આચાર્ય પ્રમોદ કૃષ્ણમ

નવી દિલ્હી | કોંગ્રેસના પૂર્વ નેતા આચાર્ય પ્રમોદ કૃષ્ણમે કોંગ્રેસના નેતા મણિશંકર ઐયરના નિવેદન પર વળતો જવાબ આપ્યો છે. જેના કારણે તેઓ ચર્ચામાં છે. વિપક્ષી પાર્ટીઓ પર કટાક્ષ કરતા તેમણે કહ્યું - "વિપક્ષના લોકો રોજ વડાપ્રધાન મોદીને ગાળો આપે છે. આચાર્ય પ્રમોદ કૃષ્ણમે કહ્યું કે 4 જૂન પછી નરેન્દ્ર મોદી ત્રીજી વખત પ્રધાનમંત્રી પદના શપથ લેશે. વધુમાં તેમણે કહ્યુ કે, "મણિશંકર ઐયર હોય કે કોંગ્રેસના અન્ય નેતાઓ, આ બધા લોકો ભારતમાં રહે છે અને પાકિસ્તાનના ગીતો ગાય છે.

### 'ટેમ્પો પલટ્યો અને રસ્તા પર વિખેરાયાં 7 કરોડ, ચૂંટણી ટાણે વધુ એક નોટોનો પહાડ મળ્યો

અમરાવતી |આંધ્રપ્રદેશમાં શનિવારે ફરી એક વખત ભારે માત્રામાં રોકડ જપ્ત કરાઈ. અગાઉ શુક્રવારે પણ એનટીઆર જિલ્લામાં 8 કરોડ રૂપિયા જપ્ત કરાયા હતા. તાજેતરનો મામલો રાજ્યના પૂર્વ ગોદાવરી જિલ્લાનો છે જ્યાં શનિવારે થેલામાં ભરીને સાત કરોડ રોકડા લઈ જવામાં આવી રહ્યા હતા. તે સમયે જ નલ્લાજર્લા મંડલના અનંતપલ્લી ખાતે એક ટ્રક સાથેની ટક્કરમાં ટેમ્પો પલટી ખાઈ ગયો અને અહીંથી પોલ ખુલી ગઈ.

### બિહારમાં કોચિંગ ક્લાસના શિક્ષકની હેવાનિયત, 19 મહિનામાં 70 વખત આચર્યું દુષ્કર્મ

સીતામઢી | બિહારના સીતામઢી જિલ્લામાં એક સગીર વિદ્યાર્થિની સાથે શરમજનક ઘટના બની હોવાનું પ્રકાશમાં આવ્યું છે. અનૈતિક કૃત્યની આ ઘટના સાંભળીને બધા ચોંકી ગયા છે. પીડિત વિદ્યાર્થિનીની પર 19 મહિનામાં 70 વખત દુષ્કર્મ આચર્યું હતું. શિક્ષકે આ ઘટનાને અંજામ આપ્યો છે જે શરમજનક છે અને સમાજને વિચારવા મજબૂર કર્યો છે. એટલે કે ફરી એક શિક્ષકે ગુરુ-શિષ્ય પરંપરાને કલંકિત કરી છે. પીડિત વિદ્યાર્થિનીની માતાએ શિક્ષકના આ કૃત્ય અંગે FIR નોંધાવી છે.

### વરુણ ગાંધીની ટિકિટ કેન્સલ થવા પાછળ આવું છે કારણ, માતા મેનકા ગાંધીએ કર્યો ખુલાસો

નવી દિલ્હી | ભારતીય જનતા પાર્ટીના સાંસદ અને વરુણ ગાંધીની માતા મેનકા ગાંધીએ પોતાના પુત્રની ટિકિટ રદ્દ થવાને લઈને મોટો ખુલાસો કર્યો છે. વરુણ ગાંધીને પીલીભીતથી ટિકિટ ન આપવા અંગે મેનકા ગાંધીએ કહ્યું કે વરુણને ત્યાંથી ટિકિટ આપવી જોઈતી હતી, પરંતુ પાર્ટીએ ટિકિટ આપી નથી. મોંઘવારી અને બેરોજગારીના મુદ્દે અનેક વખત પોતાની જ સરકાર સામે અવાજ ઉઠાવનારા વરુણ ગાંધીની ટિકિટ રદ કરીને ભાજપે પૂર્વ સાંસદ જિતિન પ્રસાદને પીલીભીતથી પોતાના ઉમેદવાર તરીકે ઉતાર્યા છે.


# મોદી વડાપ્રધાન નથી, રાજા છે : રાહુલ ગાંધી

(એજન્સી) નવી દિલ્હી । તા. 11

લોકસભા ચૂંટણી 2024ના ચોથા તબક્કાના મતદાન પહેલા કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ 10 મે 2024ના રોજ BJP અને PM નરેન્દ્ર મોદી પર અનેક પ્રહારો કર્યા હતા. રાહુલ ગાંધીએ કહ્યું કે, નરેન્દ્ર મોદી વડાપ્રધાન નથી, રાજા છે. લખનૌમાં આયોજિત એક કાર્યક્રમમાં રાહુલ ગાંધીએ કહ્યું કે, આગામી સમયમાં કોંગ્રેસ પાર્ટીએ પણ પોતાની રાજનીતિ બદલવી પડશે અને આમ કરવું પડશે. હું કોંગ્રેસ પક્ષ વતી આ કહી રહ્યો છું. રાહુલ ગાંધીએ કહ્યું કે, જ્યારે ભારત બ્લોકની સરકાર સત્તામાં આવશે, ત્યારે તેઓ જાતિ આધારિત વસ્તી ગણતરીનો આદેશ આપશે. જો દેશને મજબૂત બનાવવો હોય તો 90 ટકાનો સમાવેશ કર્યા વિના ન થઈ શકે. જો તમે કહો કે, આ 90 ટકા લોકો નોકરશાહી, રમતગમત, મીડિયા, ન્યાયતંત્ર અને સુંદરતા સ્પર્ધાઓમાં પણ નહીં આવે તો તમે કઈ મહાસત્તા બનશો? શું તમે 10 ટકા વસ્તીને મહાસત્તા બનાવવા માંગો છો?

### EDના અધિકારીઓ સાથે વાત કરતી વખતે બોલ્યા રાહુલ

## તમે મને નથી બોલાવ્યો, હું પોતે આવ્યો છું...



**મારે પણ 10 વર્ષ માટે જેલમાં જવું જોઈએ: રાહુલ**

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે, 'ઈડીની પૂછપરછ દરમિયાન મેં એક જેલ જોઈ. હું વિચારતો હતો કે મારા પરદાદા 12 વર્ષથી સુધી જેલમાં રહ્યા, મારે પણ ઓછામાં ઓછા 10 વર્ષ માટે જવું જોઈએ. મને કોઈ પણ જેલ આપો તેનાથી કોઈ ફરક નથી પડતો. હું કહું છું કે ભારતનું સત્ય દેશની જનતા સમક્ષ લાવો, હું માનું છું કે જો આપણે સત્ય રજૂ કરીશું તો ભારતનું રાજકારણ સંપૂર્ણપણે બદલાઈ જશે.' અહેવાલો અનુસાર, જૂન 2022માં નેશનલ હેરાલ્ડ કેસમાં રાહુલ ગાંધીની ઘણાં દિવસો સુધી પૂછપરછ કરવામાં આવી હતી. નેશનલ હેરાલ્ડ અખબાર જે આઝાદી પહેલાનું અખબાર છે. છ મહિના પહેલા ઈડીએ નેશનલ હેરાલ્ડ કેસમાં યંગ ઈન્ડિયાની 751.9 કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કરી હતી. મની લોન્ડરિંગના મામલામાં કોંગ્રેસ સાથે જોડાયેલા યંગ ઈન્ડિયા વિરુદ્ધ આ કાર્યવાહી કરવામાં આવી છે. આ કંપનીમાં સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીની 76% ભાગીદારી છે. જેના કારણે ઈડીએ રાહુલ ગાંધીની પૂછપરછ કરી હતી.

### બે-ત્રણ ફાઇનાન્સરોના હાથમાં સત્તા...

વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર રાજા હોવાનો આરોપ લગાવતા રાહુલ ગાંધીએ દાવો કર્યો હતો કે મોદી કેટલાક ફાઈનાન્સર્સનો માસ્ક છે. રાહુલે કહ્યું કે, મોદીજી રાજા છે, હું સાચું કહું છું. તે વડાપ્રધાન નથી, રાજા છે. તેમને કેબિનેટ, સંસદ કે બંધારણ સાથે કોઈ લેવાદેવા નથી. તે 21મી સદીના રાજા છે અને બે કે ત્રણ ફાઈનાન્સર્સની સામે છે જેમની પાસે વાસ્તવિક શક્તિ છે.

## લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કામાં 65.68% મતદાન, ચૂંટણી પંચે જાહેર કર્યા આંકડા

(એજન્સી) નવી દિલ્હી । તા. 11

લોકસભાની ચૂંટણી માટે ત્રણ તબક્કાનું મતદાન થઈ ચૂક્યું છે. હવે આગામી 13 મેના રોજ ચોથા તબક્કાની ચૂંટણી યોજાશે. ત્યારે આ પહેલા શનિવારે ચૂંટણી પંચે ત્રીજા તબક્કાની ચૂંટણી માટે મતદાનના આંકડા જાહેર કર્યા છે. જેમાં સામે આવ્યું છે કે ચૂંટણીના ત્રીજા તબક્કાનું ફાઈનલ મતદાન 65.68 ટકા છે. તમને જણાવી દઈએ કે ચૂંટણી પછી પણ ચૂંટણી પંચે ડેટા જાહેર કર્યો હતો. જેમાં 64.40 ટકા મતદાન થયું હોવાનું સામે આવ્યું હતું, જો કે શનિવારે જાહેર કરવામાં આવેલ ડેટા ચૂંટણીના દિવસે જાહેર કરવામાં આવેલા આંકડા કરતા લગભગ 1 ટકા વધુ છે.

## ચૂંટણી વખતે PM મોદી બાળકની જેમ રડે છે, ઈન્દિરા ગાંધી પાસેથી શીખો... : પ્રિયંકા ગાંધી

(એજન્સી) નવી દિલ્હી । તા. 11

કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધી વાડ્રાએ શનિવારે નંદૂરબાર લોકસભા બેઠકથી કોંગ્રેસના ઉમેદવાર પાડવીના સમર્થનમાં ચૂંટણી સભાને સંબોધી હતી. આ દરમિયાન પ્રિયંકા ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ચૂંટણી ભાષણોને ખોખલા ગણાવ્યા અને આરોપ લગાવ્યો કે તેઓ રાજનીતિનો ઉપયોગ માત્ર સત્તા મેળવવા માટે કરી રહ્યા છે, ન કે લોકોની સેવા માટે. પ્રિયંકા ગાંધીએ કહ્યું હતું, કે 'ચૂંટણી સમયે મંચ પર આવીને નાના બાળકની જેમ રડવા લાગે છે. કહે છે કે મને ગાળ આપી. પ્રિયંકા ગાંધીએ કહ્યું હતું કે, 'વડાપ્રધાન મોદી જે પણ બોલે છે, તે ખોખલી વાતો છે જેમાં કોઈ વજન નથી હોતું. મને નરેન્દ્ર મોદીની કોઈ આદિવાસીના ઘરે જઈને તેમની સમસ્યાઓ સમજવાની એક તસવીર બતાવો.



તમારી સંસ્કૃતિ અને પરંપરાનું સન્માન કરવું રાજકીય નેતાઓનું કર્તવ્ય છે. ભાજપ આદિવાસીઓની સંસ્કૃતિ અને પરંપરાનું સન્માન નથી કરતું. રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મૂને નવા સંસદ ભવનના ઉદ્ઘાટન કરવા અને અયોધ્યામાં રામ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં ભાગ લેવાની મંજૂરી ન અપાઈ. જ્યારે હકીકતમાં સન્માન આપવાની વાત આવે છે તો મોદીજી પાછળ હટી જાય છે.' પ્રિયંકા ગાંધીએ કહ્યું હતું કે, મોદીજી એક બાળકની જેમ રડે છે અને કહે છે કે તેમની સાથે દુર્વ્યવહાર કરાઈ રહ્યો છે.

### રેવંત રેડ્ડીના નિવેદન પછી ભાજપના પ્રહાર

## ભગવાન જાણે સર્જિકલ સ્ટ્રાઇક થઇ છે કે નહીં



(એજન્સી) તેલંગાણા । તા. 11

તેલંગાણાના મુખ્યમંત્રી અને પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ રેવંત રેડ્ડીએ વર્ષ 2019માં જમ્મુ અને કાશ્મીરના પુલવામામાં થયેલા આતંકવાદી હુમલા અને ત્યારબાદ ભારતીય સેના દ્વારા પાકિસ્તાની આતંકી વિરુદ્ધ કરવામાં આવેલી સર્જિકલ સ્ટ્રાઈક પર સવાલો ઉઠાવ્યા છે. તેમણે કહ્યું કે, 'ભગવાન જાણે સર્જિકલ સ્ટ્રાઈક થઈ છે કે નહીં, તે કોઈ જાણતું નથી.' આ નિવેદન પર ભાજપે વળતો જવાબ આપ્યો છે.

### રેડ્ડીએ સર્જિકલ ટ્રાઇક પર સવાલો ઉઠાવ્યા

**1** તેલંગાણાના મુખ્યમંત્રી રેવન્ત રેડ્ડીએ કહ્યું કે, 'કેન્દ્ર સરકારે આજ સુધી પુલવામા હુમલાનો ખુલાસો કર્યો નથી. આ હુમલા પાછળ કોનો હાથ છે, હુમલામાં વપરાયેલ વિસ્ફોટક ક્યાંથી આવ્યું અને તેની તપાસ શા માટે કરવામાં આવી નથી.' પાકિસ્તાનના બાલાકોટમાં ભારતીય વાયુસેના દ્વારા કરવામાં આવેલા સર્જિકલ સ્ટ્રાઈક પર સવાલો ઉઠાવતા કહ્યું કે, 'ભગવાન જાણે સર્જિકલ સ્ટ્રાઈક થઈ છે કે નહીં.

### રેવંત રેડ્ડીને ભાજપે વળતો જવાબ આપ્યો

**2** રેવંત રેડ્ડીના નિવેદનનો જવાબ આપતા ભાજપના નેતા બંદી સંજય કુમારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર લખ્યું, 'એક દિવસ, તેને પાકિસ્તાનના અખબાર તરફથી પ્રશંસા મળી. આજે તેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને રાષ્ટ્રીય સુરક્ષા પર સવાલ કરે છે. કોંગ્રેસ હૈદરાબાદમાં આવેલા ગોકુલ ચેટ, મક્કા મસ્જિદ, દિલશુખનગર અને લુમ્બિની પાર્કમા થયેલા બોમ્બ વિસ્ફોટો માટે જવાબદાર છે.

### પુલવામામાં 40 જવાનો શહીદ થયા હતા

**3** 14મી ફેબ્રુઆરી, 2019ના રોજ જમ્મુ અને કાશ્મીરના પુલવામામાં IEDથી ભરેલા વાહનને સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (CRPF)ની બસ સાથે ટક્કર મારી હતી. આ હુમલામાં 40 જવાનો શહીદ થયા હતા. આના જવાબમાં 26મી ફેબ્રુઆરીએ ભારતીય વાયુસેનાના યુદ્ધ વિમાનોએ પાકિસ્તાનના બાલાકોટમાં જૈશના ઠેકાણાને નિશાન બનાવ્યું, જેમાં મોટી સંખ્યામાં આતંકી માર્યા ગયા હતી.

### કાળજું કંપાવનારી ઘટના... પરિવારના 5 લોકોની હત્યા પછી ઉત્તરપ્રદેશમાં આવેલ સીતાપુરના મનોવિકૃત યુવકે આત્મહત્યા કરી

# દીકરાએ માતાને ગોળી મારી, પત્નીનું માથું છૂંદી નાખ્યું... 3 બાળકને ધાબા પરથી નીચે ફેંક્યાં

(એજન્સી) સીતાપુર । તા. 11

UPના સીતાપુરમાં કાળજું કંપાવી દે એવી ઘટના સામે આવી છે. સીતાપુરમાં એક યુવકે તેના આખા પરિવારને ખતમ કરી નાખ્યો છે. આ યુવકે માતાને ગોળી મારી હત્યા કરી. બાદમાં પત્નીને ગોળી માર્યા બાદ તેણે હથોડા વડે તેનું માથું છૂંદી નાખ્યું હતું. યુવક આટલેથી અટક્યો નહિ. તેણે પોતાનાં માસૂમ ત્રણ બાળકને ધાબા પરથી નીચે પેંકી દીધાં હતાં. ત્રણેય બાળકો નીચે પટકાતાં મોતને ભેટ્યાં હતાં. પોતાના આખા પરિવારની હત્યા કર્યા બાદ તેણે ઘરની બહાર આવીને પોતાને ગોળી મારીને આત્મહત્યા કરી લીધી. મામલો યુપીના સીતાપુરના રામપુર પોલીસ સ્ટેશનના પાલાપુર ગામનો છે.



### ગામલોકોની સામે પોતાને ગોળી મારી

ગ્રામજનોએ જણાવ્યું કે સવારે લગભગ 5 વાગ્યાની આસપાસ ગામલોકોએ ગોળીબારનો અવાજ સાંભળ્યો. આ પછી તેઓ પોતાના ઘરની બહાર આવ્યા. અનુરાગ બંદૂક લઈને ઘરની બહાર નીકળ્યો હતો. પછી તેણે પોતાની કાનપટ્ટી પર બંદૂક રાખીને ગોળી મારી આત્મહત્યા કરી હતી. ગામલોકો તેને રોકે ત્યાં સુધીમાં તેણે ગોળી ચલાવી દીધી હતી. પાડોશીઓ ઘરની અંદર ગયા. ત્રણેય બાળકો ઘરના આંગણામાં લોહીથી લથપથ પડ્યાં હતાં.

### કામ-ધંધો ન કરવા બાબતે ઝઘડા થતા હતા

જણાવવામાં આવી રહ્યું છે કે કામ-ધંધો ન કરવા બાબતે પતિ-પત્ની વચ્ચે ઝઘડો થતો હતો. અનુરાગ છેલ્લા ત્રણ મહિનાથી ખેતીના કામમાં પણ ધ્યાન આપતો નહોતો. તે દરરોજ સાંજે દારૂ પીને ઘરે આવતો હતો અને ગાળાગાળી કરતો હતો. પત્ની કહેતી હતી કે તું આ રીતે પૈસા બગાડીશ તો બાળકોનો ઉછેર કેવી રીતે કરીશ. હું ક્યાં સુધી એકલી મજૂરી કરીને મારો પરિવાર ચલાવીશ? તેણે અનુરાગને સમજાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ અનુરાગે ઝઘડો શરૂ કર્યો.

### પાસ કરવાના હતા તેમાં મોટાભાગના રાજ્ય બહારના, મહીસાગર જિલ્લામાંથી ખેડા કલેકટરને પણ ફરિયાદ થઈ હતી

# નીટ પરીક્ષાના કૌભાંડમાં 16 પરીક્ષાર્થીઓની યાદી મળી...

**નીટમાચીટ : ગોધરા ખાતેની સ્કૂલમાંથી નીટ પરીક્ષા કૌભાંડ આંતરેત રાજય હોવાની શકયતાઓ**

(એજન્સી) ગોધરા | તા.11

ગોધરાની નીટની પરીક્ષામાં એક પરીક્ષાર્થી દીઠ 10 લાખ રૂપીયા લઈ 16 પરીક્ષાર્થીઓને પાસ કરવાના હતા. જેમાં પોલીસ પાસે 16 પરીક્ષાર્થીઓના નામમાંથી મોટા ભાગના પરીક્ષાર્થીઓ રાજય બહારના હોવાથી સમગ્ર કૌભાંડ આંતરરાજય હોવાની પ્રબળ શકતાઓ સેવાઈ રહી છે.

ગોધરાની જય જલારામ સ્કૂલમાં ફરજ બજાવતા શિક્ષક અને નીટ પરીક્ષાના ડેપ્યુટી સેન્ટર સુપ્રિટેન્ડેન્ટ તુષાર ભટ્ટ નીટના પરીક્ષાર્થીઓને પાસ કરવા વડોદરાના રોય ઓવરસીઝના સંચાલક પરશુરામ રોય પાસે એક વિદ્યાર્થી દીઠ 10 લાખ રૂપિયામાં સોદો નક્કી થયો હતો. જેમાં પોલીસે તુષાર ભટ્ટના મોબાઈલના વોટસઅપ ચેટીંગની તપાસ કરતા 16 પરીક્ષાર્થીઓને નીટની પરીક્ષામાં પાસ કરવાના હતા. પોલીસ તપાસમાં હાલ 16 નીટની પરીક્ષાના પરીક્ષાર્થીઓના નામ મળ્યા છે. જેમાંથી મોટા ભાગના પરીક્ષાર્થીઓ રાજય બહારના હોવાનું પોલીસને લાગી રહ્યું છે. જેથી નીટ પરીક્ષામાં પાસ કરવાની ગેરરીતીનો રેલ રાજય બહાર જવાની શકયતાઓ સેવાઈ રહી છે.

પોલીસ પાસે હાલ નીટમાં પાસ કરવાના હતા. તેવા 16 પરીક્ષાર્થીઓના નામના આધારે તેઓના સરનામા અને વાલીઓના નામની તપાસ કરી રહ્યા છે. જેના આધારે તમામ પરીક્ષાર્થીઓ અને વાલીઓને નોટિસ આપીને તેઓની પુછપરછ કરવામાં આવશે. જ્યારે નીટ કૌભાંડમાં અન્યની સંડોવણી બહાર આવવાની શકયતાઓ પ્રબળ દેખાઈ રહી છે પોલીસ પાસે હાલ નીટમાં પાસ કરવાના હતા. તેવા 16 પરીક્ષાર્થીઓના નામના આધારે તેઓના સરનામા અને વાલીઓના નામની તપાસ કરી રહ્યા છે. જેના આધારે તમામ પરીક્ષાર્થીઓ અને વાલીઓને નોટીસ આપીને તેઓની પુછપરછ કરવામાં આવશે. જ્યારે નીટ કૌભાંડમાં અન્યની સંડોવણી બહાર આવવાની શકયતાઓ પ્રબળ દેખાઈ રહી છે. નીટ પરીક્ષા કૌભાંડનો મુખ્ય સુત્રધાર તુષાર ભટ્ટ વડોદરા ખાતે રહેતો હતો. જ્યારે નીટની પરીક્ષામાં પરીક્ષાર્થીઓને પાસ કરવાના 10 લાખ આપનાર રોય ઓવરસીઝનો સંચાલક પરશુરામ રોય પણ વડોદરા ખાતે રહેતો હતો. જેથી બંને વચ્ચે મિત્રતા ગાઢ હતી. રોય ઓવરસીઝમાં મેડીકલ વીઝા આપવાની કામગીરી થતી હોવાથી અનેક મેડીકલ લાઈનના લોકો આવતા હોય છે. જેથી નીટની પરીક્ષામાં પાસ કરાવવા માટે પોતાના મિત્ર તુષાર ભટ્ટનો સાથ મળતા સમગ્ર કૌભાંડ રચાયું હતું. જયારે વચેટીયો આરીફ વોરા અગાઉ જલારામ સ્કૂલ ખાતે સંકળાયેલો હોવાથી આરીફ પકડાશે તો મોટા માથાના નામ આપવવાની શકતાઓ સેવાઈ રહી છે. તુષાર ભટ્ટ ઝારખંડ ની સમાજ સમિતિમાં જોડાયેલો છે નીટ પરીક્ષામાં ચોરી કરાવવાના કૌભાંડમાં મુખ્યસુત્રધાર તુષાર ભટ્ટ છે. જયારે તુષાર ભટ્ટનું શિક્ષણ જગતમાં મોટુ નામ છે.

## ન્યૂઝ કોર્નર

### 12 કોમર્સમાં 60% આવ્યા બાદ વિદ્યાર્થીનો ફાંસો

સુરત | ધો.12 સામાન્ય પ્રવાહની પરીક્ષા 60% સાથે પાસ કર્યા બાદ સિંગણપોરના વિદ્યાર્થીએ આપઘાત કરી લીધો હતો. સિંગણપોર ગામે સહજાનંદ સોસાયટીમાં રહેતા 19 વર્ષિય ભાવિન વસંત મારૂએ તાજેતરમાં ધો.12 સામાન્ય પ્રવાહની પરીક્ષા એક્સર્ટનલ મોડથી આપી હતી. પરીક્ષા બાદ ભાવિન મુંબઈમાં સગા કાકાના ઘરે રહેવા ગયો હતો.

ગત 9મી મેએ રિઝલ્ટ હોવાથી ભાવિન એક દિવસ પહેલા જ એટલે કે 8 મેએ રાતે ઘરે આવી ગયો હતો. ગત શુક્રવારે રિઝલ્ટ જાહેર થaયું હતું. જેમાં ભાવિન ધો.12ની પરીક્ષામાં 60% આવ્યા હતા. ભાવિને રસોડામાં ફાંસો ખાઈ લીધો હતો. ઘટનાની જાણ પરિવારને થતા તેમણેજેથી પોલીસે ઘટનાસ્થળે આવી મૃતદેહનો કબજો મેળવીને તેને પીએમ માટે સ્મીમેર મોકલી આપ્યો હતો. બીજી બાજુ પરિવારના નિવેદન લેવાની સાથે ઘરની તપાસ પણ કરવામાં આવી હતી.

### ફરિયાદ:વેપારીના પુત્રને તલવાર બતાવી ખંડણી મંગાઈ



સુરત | લિંબાયત શાંતિનગરમાં રહેતા અને કરિયાણાનો વેપાર કરતા 57 વર્ષીય રણછોડભાઈ પોમાજી પટેલે ફરિયાદ આપતા પોલીસે માથાભારે સૌરભ ઉર્ફે કાળીયા(રહે,શાંતિનગર, લિંબાયત) સામે ખંડણી. ધમકી અને મારામારી સહિતની કલમો હેઠળ ગુનો નોંધી શુકવારે મોડીસાંજે ધરપકડ કરી હતી. 9મી તારીખે સવારે વેપારીનો 28 વર્ષીય પુત્ર સતીષ દુકાન પર બેઠો હતો તે વખતે માથાભારે સૌરભ ઉર્ફે કાલીયાએ તલવાર લઈ દુકાને ધસી આવ્યો હતો અને 2 હજારની માંગણી કરી હતી. વેપારીના પુત્રએ 200 રૂપિયા આપ્યા, બાકીના રૂપિયા આપવાની ના પાડતા 3-4 તમાચા મારી દીધા હતા. આથી વેપારીએ બૂમાબૂમ કરતા આસપાસના લોકો ભેગા થતા આરોપી ભાગી ગયો હતો.

# A1 ગ્રેડમાં સુરતીલાલાઓ ટોપગિયરમાં

### 12 બાદ ધોરણ 10માં પણ રાજ્યમાં સૌથી વધુ સુરત જિલ્લાના 4,870 વિદ્યાર્થીને A1 ગ્રેડ, આ વર્ષનું 86.75% પરિણામ...



(એજન્સી) સુરત | તા.11

ગુજરાત બોર્ડનું ધોરણ 10નું 11 મે, 2024ના રોજ પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. સમગ્ર ગુજરાતનું 82.57 ટકા પરિણામ જાહેર કરવામાં આવ્યું છે, જેમાં સુરત જિલ્લાનું 86.75 ટકા પરિણામ જાહેર કરાયું છે. ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે પરિણામમાં 10.03 ટકાનો વધારો થયો છે. આ સાથે જ ગુજરાતમાં સૌથી વધુ સુરતના 4870 વિદ્યાર્થીએ A1 ગ્રેડ મેળવ્યો છે. ઉલ્લેખનીય છે કે બે દિવસ અગાઉ જાહેર થયેલા ધોરણ 12ના પરિણામમાં સુરત ગુજરાતમાં A1 અને A2 ગ્રેડમાં પ્રથમ હતું.

સુરત જિલ્લાનું 86.75 ટકા પરિણામ જાહેર કરવામાં આવ્યું છે, જેના પગલે સ્કૂલો ખાતે પહોંચેલા વિદ્યાર્થીઓ ખુશીથી ઝૂમી ઊઠ્યા હતા. સુરતમાં 4,870 વિદ્યાર્થીએ A1 ગ્રેડ મેળવ્યો છે, જે સમગ્ર ગુજરાતમાં સૌથી વધુ છે. આ સાથે A2માં 12,930, B-1માં 15,207 વિદ્યાર્થી ઉત્તીર્ણ થયા છે. 9 મેના રોજ જાહેર થયેલા ધોરણ 12ના સાયન્સ પ્રવાહ અને સામાન્ય પ્રવાહમાં પણ સુરત A1 ગ્રેડમાં 328 વિદ્યાર્થી અને A2 ગ્રેડમાં 1,844 વિદ્યાર્થી રાજ્યમાં અગ્રેસર રહ્યા હતા. ફરી એકવાર સુરતીઓએ A1 ગ્રેડમાં બાજી મારી છે.

ગત માર્ચ-એપ્રિલ મહિનામાં લેવામાં આવેલી ધોરણ 10ની પરીક્ષાનું પરિણામ આજે બોર્ડની સત્તાવાર વેબસાઈટ પર જાહેર કરવામાં આવ્યું છે. ધોરણ 10ની પરીક્ષા માર્ચ-એપ્રિલ મહિનામાં લેવામાં આવી હતી. સુરત શહેર જિલ્લામાં ધોરણ 10ના 77,466 વિદ્યાર્થી નોંધાયા હતા. બોર્ડનાં પરિણામો પણ સમયસર જાહેર કરવામાં આવી રહ્યાં છે.

### પરિણામ બાદ વિદ્યાર્થીઓની પ્રતિક્રિયા

પરિણામને લઈ વિદ્યાર્થી પૂર્વ વેકરિયાએ જણાવ્યું હતું કે મારે ઘોરણ 10માં A1 ગ્રેડ સાથે 97.85 ટકા અને 99.25 પી. આર. આવ્યા છે. આગળ હવે એન્જિનિયરિંગ કરવાની ઈચ્છા છે. મારા પિતા રત્નકલાકાર છે અને માતા હાઉસવાઈફ છે. વધુમાં વિદ્યાર્થિની નાકરાણી યાનાએ જણાવ્યું હતું કે મારે 99.45 પી.આર. અને 95.16 ટકા આવ્યા છે. મારી મહેનતની સાથે માતા-પિતા અને શિક્ષકોનો સારો સપોર્ટ મળ્યો છે. હવે આગળ મારે આઈ ટી ફિલ્ડમાં જવું છે. મમ્મી 12 પાસ છે અને પિતા પરેશભાઈ 10 પાસ છે અને એમ્બ્રોઈડરી મશીન ચલાવે છે. તો નિધિ વિકરોતર નામની વિદ્યાર્થિનીએ જણાવ્યું હતું કે મારે ધો. 10માં 98.65 પી. આર. અને 91.89 ટકા આવ્યા છે.

### ગાંધીધામમાં ગુપ્ત રાહે તપાસ, જોકે પોલીસ વિભાગનો નનૈયો

# હવાલાના સોદાની શંકાએ ગુજરાતની પેઢીઓ પરના દરોડાનો રેલો ભુજ સુધી !

(એજન્સી) ભુજ | તા.11



અમદાવાદ અને સુરતની કેટલાક બેંકના ખાતામાં શંકાસ્પદ ટ્રાન્ઝેક્શન થયા હોવાની માહિતી મળતા સીઆઈડી ક્રાઈમની ટીમ ગુપ્ત રીતે આંગડિયા પેઢીની માહિતી એકત્ર કરી 20 થી વધુ જગ્યાએ દરોડા પાડ્યા હોવાના સમાચાર સાથે જે આંગડિયા પેઢી ભુજ અને ગાંધીધામમાં શાખા ધરાવે છે ત્યાં પણ તપાસ થતી હોવાની સૂત્રોએ માહિતી આપી હતી. ક્રિકેટ સટ્ટો, ડબ્બા ટ્રેડિંગ, એમસીએક્સ, ક્રૂડ વગેરેના સોદામાં હાર જીતના પૈસાનો હવાલો દુબઈ મોકલાયા હોવાનું પકડાયું હતું. ગુરુવારે સીઆઈડી ક્રાઈમે ઈન્કમટેકસની ટિમોને સાથે રાખી નવરંગપુરા, સી.જી રોડ, ઈસ્કોન આર્કેડ, માણેકચોક, ચીનુભાઈ ટાવરની આંગડિયા પેઢી પર દરોડા પાડ્યા હતા.

મોડે સુધી ચાલેલી દરોડાની કાર્યવાહી સંદર્ભે આ વ્યવસાય સાથે જોડાયેલા સૂત્રોના જણાવ્યા મુજબ અમદાવાદની પીએમ આંગડિયા અને એચએન આંગડિયા પર તપાસ ચાલુ થતા તેની કચ્છમાં ગાંધીધામ, ભુજ સહિત આવેલી બ્રાન્ચ પર પણ તપાસ થવાની શંકા બતાવી હતી. ક્રિકેટ સટ્ટો કચ્છમાં પણ કરોડો રૂપિયાનો રમાય છે ત્યારે આ જિલ્લાની આંગડિયા પેઢી પર પણ દરોડા પડે તો નવાઈ નહીં. આઈપીએલ ના સટ્ટા માટે દુબઈ હબ કહેવાય છે. ગુજરાતમાં હજારો કરોડ રૂપિયાનું બે નંબરી નાણાકીય લેવડદેવડ આંગડિયા પેઢી દ્વારા હવાલાથી થાય છે. માધુપુરા ક્રિકેટ સટ્ટાની તપાસમાં હવાલાથી દુબઈ 10,000 કરોડ મોકલવામાં આવ્યા હોવાનો ઘટસ્ફોટ થયો હતો.

# તમે બે ધર્મો પાળો છો કહીને યુવક પર બંદૂક-પાઈપથી હુમલો કરવામાં આવ્યો

વડોદરા | તાંદલજામાં યુવકને તમે બે ધર્મ પાળો છો, ગરાસિયા બાપુ થઈ ગયા છો. તેમ કહી બે જણાએ ઝઘડો કર્યો હતો. તેઓએ પાઈપ અને માઉઝર (બંદુક) વડે યુવકને માર મારતાં તે બેભાન થઈ ગયો હતો. આ મામલે જેપી રોડ પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી. પાદરા ભોજ ગામે રહેતા વસીમભાઈ યુસુફભાઈ નોબારા ગાડી લે-વેચનું કામ કરે છે.

તેમણે જે.પી રોડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી કે, ગુરુવારે હું તાંદલજા આફિસા પ્રોવિઝન સ્ટોરના નાકા પાસે ગયો હતો. રાત્રે સાડા આઠ વાગ્યાની આસાપાસ સોહિલ ઈસ્માઈલ મલેક (રહે, આશીયાના ડુપ્લેક્ષ, તાંદલજા) મારી પાસે આવી જૂની અદાવતે મને ગમેતેમ બોલવા લાગ્યો હતો.

તે કહેતો હતો કે, તમે બે ધર્મ પાળો છો, તમે ગરાસિયા બાપુ થઈ ગયા છો. તે તેની કારમાંથી પાઈપ અને માઉઝર જેવું હથિયાર કાઢી લાવ્યો હતો. જેના વડે તેને મને માર માર્યો હતો. સોહિલ સાથેના અન્ય એક ઈસમે લાકડા વડે મને માર માર્યો હતો. જોકે તે બાદ તેઓ બંને જતા રહ્યા હતા. હું બેભાન થઈ જતા મારા સગા-સંબંધીઓ આવી ગયા હતા.

# ધોરાજીમાં અનેક વિસ્તારમાં પીવા માટે ખૂબ ડહોળા પાણીનું વિતરણ

(એજન્સી) ધોરાજી | તા.11

ધોરાજી શહેરના અનેક વિસ્તારોમાં ઉનાળો શરૂ થતાંની સાથે જ પીવાના પાણીના પોકાર શરૂ થયા છે અને અધુરામાં પુરું પીવા માટે ડહોળું પાણી અપાતું હોવાથી લોકરોષ આસમાને પહોંચી ગયો છે. આથી આ સમસ્યાઓનું નીરાકરણ કરવા માગણી ઉઠી છે. ધોરાજી નગરપાલિકામાં વહીવટદારનું શાસન આવ્યા બાદ સ્થિતિ વધુ ડામાડોળ થતી હોવાનું જણાઈ રહ્યું છે. પ્રાથમિક અને આવશ્યક સેવાઓ મામલે તંત્ર એક પણ સમસ્યાનો ઉકેલ લાવી શકતું નથી. ધોરાજી શહેર વિસ્તારમાં હાલમાં 42 થી 44 ડિગ્રી ગરમી તાપમાનમાં નગરજનોને પીવાનું પાણી સમયસર ન મળતા ભારે હાલાકી ભોગવવી પડી રહી છે, તો વળી અમુક જગ્યાએ ડહોળા પાણીનું વિતરણ કરવામાં આવતું હોવાની ફરિયાદ ઉઠી છે. અમુક વિસ્તારોમાં તો છ થી આઠ દિવસે પાણી વિતરણ કરવામાં આવે છે. આથી નગરજનો ભારે મુશ્કેલી વેઠી રહ્યા છે. પાણી, સફાઈ સહિતના પ્રશ્ન મામલે લોકોએ અવારનવાર તંત્ર વાહકોને રજૂઆત કરી હોવા છતાં નક્કર કાર્યવાહી નહીં થતી હોવાથી હવે લોકોની કઠણાઈ તંત્ર દુર કરે તેવી માગણી ઉઠી છે.

# કોઠી વન વિભાગની ઓફિસ પાસે કચરો સળગતાં 4 ટુ વ્હીલર સ્વાહા


(એજન્સી) વડોદરા | તા.11



કોઠી ચાર રસ્તા નજીક વન વિભાગની ઓફિસ પાસે કચરાના ઢગલામાં લાગેલી આગને પગલે રાવપુરા પોલીસે જપ્ત કરેલા 4 ટુ-વ્હીલર સળગી ગયાં હતાં. સ્થળ પર દોડી ગયેલા લાશ્કરોએ આગ પર કાબૂ મેળવ્યો હતો. સ્થાનિક લોકો પાસેથી જાણવા મળ્યા મુજબ વન વિભાગની ઓફિસ પાસે મહિલા કર્મચારીઓ દ્વારા કચરો વાળીને ઢગલો કર્યો હતો. જે સળગાવ્યા બાદ ઓલવી નખાયો હતો. જોકે ધુમાડો નીકળતો હતો. જેને પગલે લોકોએ ટકોર પણ કરી હતી કે, આ જોખમી સાબિત થઈ શકે છે. પરંતુ આગ જણાતી ન હોવાથી મહિલા કર્મચારીઓ રવાના થઈ હતી. બીજી તરફ ગણતરીની મિનિટોમાં સૂકાં પાંદડાં અને અન્ય કચરામાં આગ પકડાતાં ત્યાં મૂકેલા રાવપુરા પોલીસના મુદ્દામાલના 3 એક્ટિવા અને 1 બાઈક ઝપટમાં આવતાં સળગી ગયાં હતાં. ગોરવા શાક માર્કેટ પાસે ગુરુવારે રાત્રે 10:30 વાગ્યાના અરસામાં સુનિલભાઈના દર્શન ફોટો સ્ટુડિયો અને કામરુન અહેમદની એવન ટેલર શોપમાં શોર્ટ સર્કિટથી આગ લાગી હતી. જોકે આગ વધુ પ્રસરે તે પૂર્વે ફાયરબ્રિગેડે કાબૂ મેળવ્યો હતો.

# કાર્યવાહી:ફતેગંજ બ્રિજ નીચે રોડ બેસી ગયો, આખરે સમારકામ શરૂ

(એજન્સી) વડોદરા | તા.11



શહેરના ફતેગંજ બ્રિજ નીચે નિઝામપુરા તરફના રોડ પર અગાઉ પાણીની લાઈનમાં થયેલા લીકેજ બાદ સમારકામ કરાયું હતું. જોકે યોગ્ય પુરાણના અભાવે રોડ બેસી જતાં તંત્ર દોડતું થયું છે અને ફરીથી ખોદકામ કરી પેચવર્ક કરવાની કાર્યવાહી હાથ ધરી છે.

શહેરના ફતેગંજ બ્રિજ નીચે નિઝામપુરા તરફના રોડ પર એક મહિના અગાઉ ફાજલપુરથી આવતી પાણીની 900 મિમીની લાઈનમાં ભંગાણ પડ્યું હતું. જેમાં રોજ 1 લાખ લિટર પાણીનો વેડફાટ થયો હતો. અંદાજિત 31 કલાકની કામગીરી બાદ ભંગાણનું સમારકામ થયું હતું. જોકે સમારકામની કામગીરી કર્યા બાદ યોગ્ય પુરાણ નહીં થતાં શુક્રવારે રોડ બેસી ગયો હતો. રોડ બેસી જવાની ઘટના બાદ વોર્ડના અધિકારીઓએ સ્થળ પર પહોંચીને ખોદકામ કર્યું હતું. અધિકારીઓએ સવારથી જ રોડનું પેચવર્ક શરૂ કર્યું હોવાની માહિતી મળી છે.

**બ્રેકિંગ ન્યૂઝ**

### તપાસ:વીડિયો બનાવી યુવકનો નદીમાં કૂદી આપઘાત...

રાજકોટ | મેટોડા જીઆઈડીસી પાસેના જીજ્ઞેશ પાર્કમાં રહેતો અજય માવજીભાઈ ખાંભલા (ઉ.22) એ મેટોડાના વાગુદળ ગામની નદીમાં ઝંપલાવી આપઘાત કરી લેતા ફાયર બ્રિગેડની ટીમે મૃતદેહ બહાર કાઢી તેને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં ખસેડાતા પીએસઆઈ કુલદીપસિંહ ગોહિલે તપાસ હાથ ધરી છે. પોલીસની તપાસમાં મેટોડામાં કીર્તિ નામની યુવતી અને રૈયાધારમાં રહેતો જીઆરડી રાહુલે હનીટ્રેપમાં ફસાવી તેની પાસેથી રૂપિયા પડાવી સતત હેરાન કરતા હોય જેથી યુવકે આ પગલું ભરી લીધાનું તેના પરિવારે આક્ષેપ કર્યો હતો.

### ઠગાઈ: કાપડ માર્કેટમાં 10 વેપારી સાથે 1.45 કરોડની છેતરપિંડી

સુરત | રિંગરોડ પર 10 વેપારીને ગ્રે-કાપડનો માલ ઉધાર આપવામાં 1.45 કરોડ ગુમાવતા વિવર્સ બીપીન ગોરધનભાઈ ગાબાણીએ ક્રાઈમબ્રાંચમાં ફરિયાદ આપી છે. રાજન, નટુ દાના કામલીયા, બ્રીજેશ, સોમતારામ ધર્મરામ માલી, જીગર સત્યેન્દ્ર સોની, મમતાદેવી, કૌશિક અને દલાલ સાહિલ સામે ગુનો નોંધ્યો છે. ઉધાર આપનાર રાજેશને 28.31 લાખ, કિશનને 22.51 લાખ, દિનેશ મકવાણાને 2.59 લાખ, સંજીવ 9 લાખ, રાજન 5.57 લાખ, નટુ 17 લાખ, બ્રીજેશ 17.98 લાખ, સોમતારામ 6.19 લાખ, જીગર 24.78 લાખ અને મમતાદેવી 11.36 લાખ છે.

### ઈલેક્ટ્રિક બાઈકો બળીને ખાખ

# નાના વરાછામાં બાઈકના શો રૂમમાં આગ, ધુમાડાના ગોટેગોટા, કોઈ જાનહાનિ નહીં

(એજન્સી) સુરત | તા.11

સુરતના નાના વરાછા વિસ્તારમાં આવેલા ઈલેક્ટ્રિક બાઈકના શો રૂમમાં એકાએક આગ લાગી હતી. ફાયર વિભાગને બાઈકમાં આગ લાગ્યા હોવાની માહિતી મળી હતી, પરંતુ ઘટનાસ્થળે પહોંચતા માલુમ પડ્યું હતું કે, શો રૂમમાં જ આગ લાગી ગઈ છે. શરૂઆતમાં માત્ર બે ગાડી પહોંચી હતી અને ત્યારબાદ અન્ય ફાયર સ્ટેશનની ગાડીઓ પણ બોલાવવામાં આવી હતી. જેમાં ભારે જહેમત બાદ ફાયર વિભાગને આગને કાબુ કરવામાં સફળતા મળી હતી. આ ઘટનામાં સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી.

નાના વરાછા વિસ્તારમાં ઢાળ પાસે આવેલા ભવ્ય બાઈકના શો રૂમમાં આગ લાગી હતી. ફાયર વિભાગને ગાડીમાં આગ લાગી હોવાનો કોલ મળતા કાપોદ્રા વિસ્તારની ફાયર ફાઈટરની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. આખે આખું શો રૂમ આગની લપેટમાં આવી ગયેલું જોવા મળતા અન્ય ફાયર સ્ટેશનની ગાડીઓને પણ બોલાવવામાં આવી હતી. શો રૂમમાં લાગેલી આગને કારણે ધુમાડાના ગોટેગોટા દુર-દુર સુધી જોવા મળ્યા હતા. જેના કારણે આસપાસની દુકાનોમાં પણ ગભરાટ ફેલાઈ ગઈ હતી. ઘટનાને પગલે સ્થળે લોકોનું ટોળું એકત્રિત થઈ ગયું હતું. આગમાં આંખો શો રૂમ બળીને ખાખ થઈ ગયો હતો. ફાયર અધિકારી કિરણ પટેલે જણાવ્યું કે, કોલ મળતાની સાથે જ અમારે ટીમ સ્થળ પર પહોંચી હતી, પરંતુ આગ વધુ હોવાને કારણે કાપોદ્રા, સરથાણા અને વરાછાની ગાડીઓ બોલાવી હતી. તેમના દ્વારા આગ ઉપર કાબુ મેળવવામાં આવ્યો હતો.

### રાજુલામાં અલગ અલગ કારણોસર 2 મહિલા સહિત 6 વ્યક્તિઓની આત્મહત્યા

# પત્ની પિયર જતાં પતિએ નગ્ન હાલતમાં ગળાફાંસો ખાઈ લીધો

(એજન્સી) અમરેલી | તા.11

અમરેલી જિલ્લામાં વિવિધ કારણોસર 2 મહિલા સહિત 6 વ્યક્તિએઆત્મહત્યાનો માર્ગ લઈ મહામૂલી જિંદગીનો અંત આણી લીધો હતો. આ પૈકીના એક બનાવમાં રાજુલા પંથકની એક પરિણીતા પિયર ચાલી જતા પાછળથી પતિએ નગ્ન હાલતમાં ગળાફાંસો ખાઈ લીધો હતો. બીજા બનાવમાં પ્રેમમાં પાગલ બનેલી ભાભીએ ઝેર પી લઈ આત્મહત્યા કરી લીધી હતી. જેમાં ભાભીના વિરહમાં પ્રેમી દીયરે પણ ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. અમરેલી જીલ્લામા યમરાજા એ પડાવ નાખતા કાળચક્ર ફરી વળેલ હતું. અમરેલી ધારી અને રાજુલા પંથકમાં અલગ અલગ કારણોસર 2 મહિલા સહિત 6 વ્યક્તિઓએ આત્મહત્યા કરી હતી. પ્રાપ્ત વિગત મુજબ પ્રથમ ઘટનામા ધારી તાલુકાના જીરા ગામના અશ્વિન ભરતભાઈ ચારોલીયા ને તેની કુટુંબી ભાભી સાથે પ્રેમ સબંધ હોવાથી બંને એ એક માસ પહેલા ઝેરી દવા પી લીધેલ હતી જેમાં પ્રેમિકા ભાભીનું મોત નીપજેલ હતું.અને પોતે બચી ગયેલ હતો.પોતાની પ્રેમિકા એવી ભાભી ના મોત થી પ્રેમ સબંધમા લાગી આવતા ગઈ કાલે પોતાની મેળે દોરડા વડે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધાનું ધારી પોલીસમાં ભરતભાઈ માવજીભાઈ ચારોલિયા એ જાહેર કરેલ હતુ.

બીજી ઘટનામા ધારી ના વાઘાપરા વિસ્તારમાં રહેતા વિક્રમ પ્રફુલભાઈ પાટડીયા ઉ. 21 નામના યુવાને કોઈ અગમ્ય કારણોસર ઝેરી પાવડર પી જતાં મોત નીપજ્યાનું પ્રફુલભાઈ કાળુભાઈ પાટડીયાએ ધારી પોલીસમા જાહેર કરેલ હતું.

ત્રીજી ઘટનામા અમરેલી તાલુકાના વાંકિયા ગામે હનુમાન શેરીમા જુના કોળીવાડમા રહેતિ રાધાબેન જીવનભાઈ પાટડીયા ઉ.૨૩ એ કોઈ અગમ્ય કારણોસર ઘરે સ્લેબના હુકમાં ચૂંદડી વડે ગળાફાસો ખાઈ આપઘાત કરી લીધાનું ભીખાભાઈ સવજીભાઈ પાટડીયા એ પોલીસમાં જાહેર કરેલ હતું. ચોથી ઘટનામા અમરેલી તાલુકાના વડેરા ગામની રાજીબેન શામજીભાઈ બારૈયા ઉ. 91 નામની વૃધ્ધા દશ વર્ષથી માનસિક રોગની બીમારીથી પીડાતા હતા.જેનાથી કંટાળી જઈ ઝેરી દવા પી જતા મોત થયાનું કાળુભાઈ શામજીભાઈ બારૈયા એ પોલીસમા જાહેર કરેલ હતું.

પાંચમી ઘટનામા રાજુલા ના ખાભલીયાપરૂ લીલાપિર ની ધાર વિસ્તારમાં રહેતા રમેશભાઈ ભોળાભાઈ વેગડ ની પત્ની આઠ દિવસથી પોતાના પિયર ગયેલ હતી.ત્યારે ઘરે એકલા રહેલા રમેશભાઈ એ કોઈ અગમ્ય કારણોસર ઘર ની ઓસરીમા સાડી વડે નગ્ન હાલતમાં ગળાફાસો ખાઈ લીધાનું કૈલાશબેન રમેશભાઈ વેગડે રાજુલા પોલીસમા જાહેર કરેલ હતું.

છઠ્ઠી ઘટનામાં અમરેલી શહેરના ધારી રોડ ઉપર આવેલ રોકડનગર મા રહેતા વિમલ વિનુભાઈ કાલેણા ઉ.૨૩ નામના યુવાને કોઈ અગમ્ય કારણોસર પોતાની મેળે રૂમમાં ઓછાડ વડે પંખા સાથે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધાનું વિનુભાઈ બચુભાઈ કાલેણા એ પોલીસમાં જાહેર કરેલ હતું.

# બિસ્માર રોડ નવો બન્યો તો વાહન અકસ્માત વધ્યા : સપ્તાહમાં 2 ના મોત

(એજન્સી) ભાવનગર | તા.11

ભાવનગર શહેરના ભીલવાડા સર્કલથી વાલ્કેટ ગેટ વિસ્તારમાં આવેલા મેઈન રોડનું કામ તાજેતરમાં કરવામાં આવ્યુ છે, આ રોડ પેવર બનાવવામાં આવ્યો છે તે ઘણી આવકારદાયક બાબત છે કારણ કે આ રોડ સાવ બિસ્માર હાલતમાં હતો. આ રોડ નવો બનતા ભારે વાહનો સહિતના વાહન ચાલકો પુરઝડપે પોતાના વાહન ચલાવે છે અને અવાર નવાર અકસ્માતો થાય છે, જેમાં ખાસ કરીને છેલ્લા આઠ દિવસમાં આ રોડ ઉપર વાહન અકસ્માતમાં બે વ્યક્તિના મોત નિપજ્યા છે જે ઘણી ગંભીર બાબત છે. ભીલવાડા સર્કલથી વાલ્કેટ ગેઈટ સુધીના રોડ ઉપર ચાલતા ભારે વાહનો ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે અને જરૂર પડે તો લોખંડની એંગલો મુકી ભારે વાહનો ચાલતા બંધ કરવામાં આવે અથવા તેના વિકલ્પરૂપે ક્રેસંટ સર્કલથી પ્રભુદાસ તળાવ થઈ ટેકરીના ચોક થઈ વૈશાલી સિનેમા તરફ ભારે વાહનો ટ્રક, ડમ્પર, લકઝરી બસોને ડાયવર્ઝન કરવામાં આવે તેવી માંગણી છે. કેબલ સ્ટેટ પુલ થતા અમદાવાદ, રાજુલા, ઉના, મહુવા, તળાજા વિગેરેનો ટ્રાફીક ભારે રહે છે, તો આ રોડ ઉપર ભારે વાહનો ન ચાલે તેની તકેદારી રાખવા માંગ કરવામાં આવી છે. આ વિસ્તારમાં મોટા ભાગે ધામક સ્થળો જેમાં ખાસ કરીને મંદીર, મસ્જીદ, શાળા, આંગણવાડીઓ તેમજ શાકમાર્કેટ તેમજ મોટો બજાર વિસ્તાર આવેલો છે, જેથી લોકોની અવર જવર મોટા પ્રમાણમાં રહે છે તેમજ આ વિસ્તારમાં ગરીબ અને પછાત વિસ્તારના લોકો વસવાટ કરે છે.

## ન્યુઝ ફ્લેશ

### ભીમાસરમાં રહેણાંક મકાનમાથી રૂ. 1.12 લાખનો દારૂ મળ્યો

ગાંધીધામ | રાપર તાલુકાનાં ભીમાસર ગામે સ્થાનિક પોલીસે રહેણાંક મકાન પર બાતમી આધારે દરોડો પાડી ૧.૧૨ લાખનો શરાબ ઝડપી લીધો હતો જ્યારે આરોપી હજાર મળ્યો ન હતો. આ અંગે આદેસર પોલીસે વિગતો આપતા જણાવ્યુ હતું કે, ભીમાસર ગામે રહેતા હરદેવસિંહ દીલુભા વાઘેલાએ પોતાના રહેણાક મકાનમાં શરાબનો જથ્થા સંતાડયો હોવાથી બાતમીના આધારે સ્થાનિક પોલીસે દરોડો પાડી અલગ અલગ બ્રાન્ડની રૂ. ૧,૧૨,૦૮૦ના કિમતની ૭૩૮ શરાબની બોટલો ઝડપી લીધી હતી. જ્યારે આરોપી દરોડા સમયે હજાર મળ્યો ન હતો. જે અંગે આરોપી વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો.

### અંજારમાં આડા સંબંધનો વહેમ રાખી યુવાનનું અપહરણ કરી જવાયું

ગાંધીધામ | અંજારમાં પત્ની સાથે આડા સંબંધ હોવાનો વહેમ રાખી યુવાનને ગાડી માથી ઉતારી માર મારી તેનું અપહરણ કરી જવામાં આવ્યું હતું. જેથી યુવાનના પિતા પોલીસ મથકે પહોચતા તેને છોડી પણ મૂકવામાં આવ્યો હોવાનો બનાવ સામે આવ્યો છે. આ અંગે અંજાર પોલીસ મથકે વિજય નગરમાં રહેતા નારણભાઈ કરશનભાઈ કાતરીયાએ ફરિયાદ નોંધાવતાં જણાવ્યું હતું કે, ફરિયાદીનો ૨૨ વર્ષીય પુત્ર તુષાર તેના મિત્રો રાહુલ, રાજ અને પારસ સાથે સાપેડા રોડ પરથી અંજાર આવી રહ્યો હતો ત્યારે રસ્તામાં એક્ટિવાથી આવેલા નયન સોરઠિયા અને એક અજાણ્યા ઈસમે તેમણે રોક્યો હતો અને ગાડી માથી નીચે ઉતારી માર મારવા લાગ્યા હતા. એટલામાં નયનનો ભાઈ અજય અન્ય એક્ટિવાથી આવી તુષારનો અપહરણ કરી ગયા હતા.

### પાવીજેતપુર તાલુકાના સુસ્કાલ ગામે કારની અડફેટે 13 વર્ષના છોકરાનું મોત

પાવીજેતપુર | ૧૩ વર્ષ ના છોકરાને એક કારે એકસીડન્ટ કરતા માથામાં ગંભીર ઈજા થતા સારવાર દરમિયાન મોત નિપજ્યુ હતુ. સુસ્કાલ ગામે બે મે ના રોજ બાબરભાઈ શામળભાઈ તડવી નો ૧૩ વર્ષનો પુત્ર પ્રિયાંશકુમાર રોડ ક્રોસ કરી રહ્યો હતો.તે સમયે ફોરવીલ ગાડીએ એક્સિડન્ટ કરી વાહન ચાલક ભાગી ગયો હતો. પ્રિયાંશકુમારનો કાકા નો છોકરો ગાડીનો પિછો કરી બોડેલી સ્વામિનારાયણ મંદિર પાસેથી પકડી લાગ્યો હતોપ્રિયાંશ કુમારને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી.તાત્કાલિક બોડેલી મુકામે લઈ જવામાં આવ્યા હતા જ્યાંથી તેઓને વડોદરા એસએસજીમાં ખસેડવામાં આવ્યા હતા. રમેશભાઈએ સારવારનો બધો ખર્ચો આપવાની વાત કરી હતી.તેથી જે તે સમયે ફરિયાદ ફાળવવામાં આવી ન હતી પરંતુ તા.૮ મે ના રોજ વડોદરા એસએસજી મુકામે સારવાર દરમિયાન પ્રીયાંશકુમારનું મોત થઈ જતા પાવીજેતપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવા આવી છે.

### મહાપાલિકાના ફાયર વિભાગે 3 દિવસમાં ફાયર સેફ્ટીના મામલે 128 નોટિસ ફટકારી

# ભાવનગરમાં ફાયર સેફ્ટીના મામલે વધુ 48 બિલ્ડીંગ ધારકોને નોટિસ

(એજન્સી) ભાવનગર | તા.11




ભાવનગર શહેરમાં બનેલા આગના બનાવ બાદ મહાપાલિકાની ટીમે ફાયર સેફ્ટીના મામલે કાર્યવાહી હાથ ધરી છે અને છેલ્લા ત્રણ દિવસથી ફાયર સેફ્ટીના મામલે બિલ્ડીંગ ધારકોને નોટિસ ફટકારવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આજે શુક્રવારે વધુ ૪૮ કોમર્શિયલ બિલ્ડીંગને ફાયર સેફ્ટીના મામલે નોટિસ આપવામાં આવી છે. ચાર દિવસમાં બિલ્ડીંગ ધારકો વર્ક ઓર્ડર નહીં આપે તો સીલ મારવામાં આવશે તેમ ફાયર વિભાગના સુત્રોએ જણાવેલ છે. ભાવનગર શહેરના વોરાબજારમાં આવેલ હવેલીવાળી શેરીમાં આવેલ એક બિલ્ડીંગના ગોડાઉનમાં ભયંકર આગ લાગી હતી. આ બિલ્ડિંગમાં(ગોડાઉનમાં) કોઈપણ જાતના ફાયર સેફ્ટીના સાધનો ઈન્સ્ટોલ કરેલ ન હતા, જેના પગલે મહાપાલિકાના તંત્રએ કડક કાર્યવાહી શરૂ કરી છે અને ફાયર સેફ્ટીના સાધનો ન હોય તેવી બિલ્ડીંગોને નોટિસ આપવાની કામગીરી હાથ ધરી છે, જેમાં આજે શુક્રવારે વધુ ૪૮ બિલ્ડીંગ ધારકોને નોટિસ ફટકારાઈ છે. ઉલ્લેખનીય છે કે, ગત બુધવારે વોરાબજારમાં આવેલ હવેલીવાળી શેરી વિસ્તારમાં ૨૭ બિલ્ડીંગ ધારકોને નોટિસ ફટકારી હતી, જ્યારે ગત ગુરૂવારે શહેરના ગામતળ (બજાર) વિસ્તારના વધુ ૫૨ કોમર્શિયલ બિલ્ડીંગને ફાયર સેફ્ટીના મામલે ફાયર વિભાગે નોટિસ ઈસ્યુ કરી હતી. ત્રણ દિવસમાં કુલ ૧૨૮ બિલ્ડીંગ ધારકોને ફાયર સેફ્ટીની નોટિસ આપવામાં આવી છે. મહાપાલિકાએ કોમર્શિયલ બિલ્ડીંગ ધારકોને નોટિસ ફટકારતા ફફડાટ ફેલાયો હતો.

ઉલ્લેખનીય છે કે, ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઈફ સેફ્ટી મેઝર્સ એક્ટ-૨૦૧૩ સમગ્ર ગુજરાતમાં અમલમાં છે, જેથી ભાવનગર મહાનગરપાલિકા હદ વિસ્તારમાં પણ આ કાયદો લાગુ છે. આ કાયદાની કલમ-૧૮ ની જોગવાઇ મુજબ બિલ્ડીંગમાં અગ્નિ નિવારણ અને જીવન સુરક્ષાના સાધનો વસાવવા માલિકો બંધાયેલા છે. આ જોગવાઈની અવગણના બદલ આ અધિનિયમની કલમ-૨૬ મુજબ તમારી જગ્યા ખાલી કરાવી અને જગ્યાનો વપરાશ બંધ (સીલ) કરાવવાની જોગવાઈ છે. ફાયર એન.ઓ.સી. લેવા અંગે કોઈપણ પ્રકારની કાર્યવાહી કરેલ નથી તે ગંભીર બાબત હોઈ ઉક્ત મિલકતમાં ફાયર સેફ્ટીના સાધનો ઈન્સ્ટોલ કરી ફાયર વિભાગનું એન.ઓ.સી. દિન-૦૪ માં લેવાનુ રહેશે. વર્ક ઓર્ડર ચાર દિવસમાં નહીં આવે તો ફાયર વિભાગના દ્વારા કાર્યવાહી કરવામાં આવશે તેમ ફાયર વિભાગના અધિકારીએ જણાવેલ છે.

### કૌટુંબીક પ્રસંગમાં જવાની ના કહેતા સુખપરમાં પરિણીતાનો આપઘાત

(એજન્સી) ભુજ | તા.11

ઓરિસ્સાના મજુરનો કહોવાયેલો મૃતદેહ મળી આવ્યાનો બનાવ હજુ તાજો જ છે. ત્યાં અબડાસા તાલુકાના સાંધણ ગામના ગુમ થયેલા યુવકની લાશ મોડકા ચોકડી સુથરી નજીક પુલ નીચેથી મળી આવતાં ચકચાર મચી જવા પામી છે. તો, ભુજ તાલુકાના સુખપર ગામે રહેતી પરિણીતાને પતિએ કૌટુંબીક પ્રસંગમાં જવાની ના કહેતાં ફાંસો ખાઇ જીવનનો ત્યાગ કરી દીધો હતો. પોલીસે બનાવને લઇ તપાસ શરૂ કરી છે. કોઠારા પોલીસ મથકેથી પ્રાપ્ત વિગતો મુજબ સાંધણ ગામેથી ગત ૪ એપ્રિલના બપોરના ત્રણ વાગ્યા બાદ મજુરી કામ અર્થે ઘરેથી નીકળી ગયેલા સુરેશ નાનજીભાઇ કટુઆ (ઉ.વ.૩૫) નામના યુવકની કોહવાયેલી લાશ સાંધણથી મોડકા તરફ જતા સુથરી ગામ નજીક પુલીયા નીચે પાણીમાં કોહવાયેલી લાશ મળી આવી હતી. કોઠારા પોલીસ મથકના સબ ઈન્સ્પેકટર જે.જે.રાણાએ જણાવ્યું હતું કે, મૃતક સુરેશ કટુઆની ૬ એપ્રિલના રોજ પોલીસ મથકે ગુમ નોંધ દાખલ થઇ હતી. દરમિયાન શુક્રવારે સવારે મૃતક સુરેશની લાશ મોડકા ચોકડીથી સુથરી નજીક પુલીયા નીચેથી મળી આવતાં આ અંગે મૃતકના ભાઇ હરેશ નાનજીભાઇ કટુઆએ પોલીસને જાણ કરી હતી.

### ચોથા એડિશનલ સેશન્સ અને પોક્સો જજનો દાખલારૂપ ચુકાદો

# સિહોરમાં માસૂમ સગીરા ઉપર બળાત્કાર ગુજારનાર સાવકા પિતાને આજીવન કેદ

(એજન્સી) ભાવનગર | તા.11



ભાવનગર જિલ્લાના સિહોર પંથકમાં પાંચ વર્ષ પૂર્વે એક કુમળીવયની માસૂમ સગીરા ઉપર બળાત્કાર ગુજારનાર હવસખોર સાવકા પિતાને ભાવનગર કોર્ટે આજીવન સખત કેદની સજા ઉપરાંત રોકડ રકમનો દંડ ફટકાર્યો છે. આ ઉપરાંત ભોગગ્રસ્તને વિક્ટીમ કમ્પેનશેસન સ્કીમ હેઠળ સાડા ચાર લાખ ચુકવવા પણ કોર્ટે ભલામણ કરી છે.

પાંચ વર્ષ પૂર્વેની ચકચારી ઘટના અંગે મળતી વિગત અનુસાર સિહોરના રામનગર, પ્લોટ વિસ્તારમાં રહેતો મુકેશ હરિભાઈ મકવાણા (ઉં.વ.૪૦, રહે, મુળ ધારી, જિ.અમરેલી) નામના શખ્સ સાથે એક પરીણિતાએ બીજું ઘર માંડયા બાદ તેણી સિહોર મુકામે મજૂરી કામ માટે આવ્યા હતા. ત્યારે તેમના પ્રથમ પતિથી થયેલ સગીર પુત્રીને પણ ગત તા.૦૧-૦૪-૨૦૧૯ના રોજ રસોઈ કરવા માટે સિહોર તેડી લાવ્યા હતા. દરમિયાનમાં ફૂલ જેવી માસૂમ દીકરી ઉપર હવસખોર સાવકો બાપ મુકેશ મકવાણાની નજર બગડી હતી અને તા.૧-૪-૨૦૧૯થી તા.૧૪-૪-૨૦૧૯ના સમયગાળા દરમિયાન સગીરા સાથે સાથે દુષ્કર્મ ગુજારી તેણીની જાતિય સતામણી કરી હતી.આ બનાવ અંગે સગીરાના માતાએ ફરિયાદ નોંધાવતા સિહોર પોલીસે આઈપીસી કલમ ૩૭૬ (૨) (એફ ) અને પોક્સોની જુદી-જુદી કલમ હેઠળ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી હતી. દરમિયાનમાં આ અંગેનો કેસ ભાવનગરના ચોથા એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ અને સ્પેશિયલ પોક્સો જજ એમ.પી. મહેતાની કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ વી.જી. માંડલિયા અને સી.એમ. પરમારની ધારદાર દલીલો, દસ્તાવેજી પુરાવાઓ વગેરે ધ્યાને લઈ ન્યાયમૂર્તિ એમ.પી. મહેતાએ સમાજમાં દાખલારૂપ ચુકાદો આપી આરોપી મુકેશ હરિભાઈ મકવાણાને કસુરવાર ગણી આજીવન સખત કેદની સજા ફરમાવી છે, તેમજ રૂા.૨૦,૦૦૦નો દંડ અને દંડ ન ભરે તો વધુ બે વર્ષ કેદની સજા ફરમાવી છે. આ ઉપરાંત અદાલતે ભોગ બનનારને વિકટીમ કમ્પેન્સેશન સ્કીમ હેઠળ રૂા.૪,૫૦,૦૦૦ વળતર ચૂકવવા પણ ભલામણ કરી છે.



### 250 થી વધુ ગામોને પાણી પુરું પાડતા કનેવાલ તળાવમાં માત્ર 35 ટકા જ પાણી

(એજન્સી) આણંદ | તા.11

આણંદ જિલ્લાના ભાલ પંથક અને સૌરાષ્ટ્રના ગામોને પીવાનું પાણી પુરું પાડતા કનેવાલ તળાવમાં પાણીનું સ્તર નીચું જતા તળાવને ભરવા માટે સીંચાઈ વિભાગની નહેરોમાં ૧૨૫ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે. કનેવાલ તળાવમાંથી પ્રતિ દિન ૧૬૦ એમએલડી પાણીની જાવક થતી હોવાથી હાલમાં તળાવમાં માત્ર ૩૫ ટકા જ પાણી બચ્યું છે. આણંદ જિલ્લાની ખંભાત નગરપાલિકા તેમજ તારાપુર તાલુકાના ૪૨ ગામો સહિત સૌરાષ્ટ્રના કેટલાક ગામો મળી લગભગ ૨૫૦થી વધુ ગામોને કનેવાલ તળાવમાંથી પીવાનું પાણી પુરું પાડવામાં આવે છે. કાળઝાળ ગરમી વચ્ચે પાણીની માંગ વધતા પ્રતિ દિન ૧૬૦ એમએલડી પાણીની તળાવમાંથી જાવક થઈ રહી હોવાથી હાલ તળાવમાં પાણીનો જથ્થો ઘટયો છે. કનેવાલ તળાવમાં પાણીની સપાટી જાળવી રાખવા માટે સિંચાઈ વિભાગની નહેરનું પાણી આવશ્યક હોવાથી છેલ્લા બે દિવસથી નહેરમાં ૧૨૫ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે.



### આણંદ જિલ્લામાં તાપમાનનો પારો 40.5 ડિગ્રીએ પહોંચ્યો

(એજન્સી) આણંદ | તા.11

છેલ્લા ત્રણ દિવસથી આણંદ જિલ્લામાં મહત્તમ તાપમાનનો પારો ૪૦ ડી.સે.થી ઉપર રહેતા જિલ્લાવાસીઓ કાળઝાળ ગરમીમાં શેકાયા છે. ત્યારે આગામી એક સપ્તાહ સુધી જિલ્લાવાસીઓને કાળઝાળ ગરમીમાંથી કોઇ રાહત નહીં મળે તેવી સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે. આણંદ કૃષિ યુનિ.ના હવામાન વિભાગના જણાવ્યા મુજબ, શુક્રવારના રોજ જિલ્લાનું મહતમ તાપમાન ૪૦.૫ અને લઘુતમ તાપમાન ૨૭.૬ નોંધાયું હતું. જ્યારે હવામાં ભેજનું પ્રમાણ ૮૩ ટકા અને પવનની ઝડપ ૬.૧ કિ.મી./કલાક રહેવા પામી હતી. જેને લઈ આણંદ જિલ્લો અગનભઠ્ઠીમાં ફેરવાયો છે. બપોરે ૧૨ વાગ્યાથી સાંજના પાંચ વાગ્યા સુધી અસહ્ય ગરમીના કારણે લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. લોકો ઘરમાં પુરાઈ રહેવાનું પસંદ કરતા કર્ફ્યુ જેવો માહોલ સર્જાય છે. આગામી એક સપ્તાહ સુધી જિલ્લામાં ગરમીનું જોર યથાવત્ રહેશે અને જિલ્લાવાસીઓએ આકરી ગરમીનો સામનો કરવો પડશે તેવી સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે.



### નડિયાદ ચકલાસી ભાગોળથી ફતેપુરા રોડ પરની કાંસની સફાઇ હાથ ધરાઇ

(એજન્સી) નડિયાદ | તા.11

નડિયાદ નગરપાલિકામાં અત્યંત પ્રદૂષિત બનેલી વરસાદી કાંસની સફાઈ માટે અનેક લેખિત રજૂઆતો થઈ હતી. સફાઈનો કોન્ટ્રાક્ટ ધરાવતી એજન્સીને સફાઈ માટે આદેશ આપતા એજન્સીએ ચકલાસી ભાગોળથી ફતેપુરા રોડ પરની વરસાદી કાંસની સફાઈ શરૂ કરી છે. આ સફાઈ દરમિયાન પ્રદૂષિત પાણીનો સંપુર્ણપણે નિકાલ કરવામાં આવે તેવી સ્થાનિકોની માંગ છે.નડિયાદ શહેરમાં વોર્ડ નં.૧૩ના ચકલાસી ભાગોળથી ફતેપુરા રોડ પર આવેલી ખુલ્લી વરસાદી કાંસમાં અસહ્ય ગંદકી અને પ્રદૂષિત પાણી ભરાઈ રહ્યું હતું. અસહ્ય દુર્ગંધથી સ્થાનિકો ત્રસ્ત થયા હતા. આ અંગે સ્થાનિકોએ નગરપાલિકાને રજૂઆતો કરી કાંસની સફાઈ માટે માંગ કરી હતી. જેના પગલે પાલિકાએ એજન્સીને કાંસની સફાઈનો આદેશ આપ્યો છે. હાલ એજન્સી દ્વારા ફતેપુરા રોડ પરના કાંસની સફાઈ હાથ ધરાતા સ્થાનિકોએ રાહતના શ્વાસ લીધા છે. જો કે, આ સફાઈ દરમિયાન જવાબદાર અધિકારી સ્થળ મુલાકાત લઈ તેમના નિરિક્ષણ હેઠળ વરસાદી કાંસ સંપૂર્ણ પણે પ્રદૂષિત પાણી અને ગંદકીથી મુક્ત કરાવે તેવી સ્થાનિકોની માંગણી છે.



### ગોહિલવાડમાં કૃષિ ઓજારોના પૂજન સાથે ખેડૂતો દ્વારા ખેતીકામનો પ્રારંભ

(એજન્સી) ભાવનગર | તા.11

વર્ષ દરમિયાનના ચાર વણજોયા સર્વશ્રેષ્ઠ મુર્હૂત પૈકીના અખાત્રીજના તહેવારની ગોહિલવાડમાં શુક્રવારે પરંપરાગત રીતે ઉજવણી કરાઈ હતી. આ સાથે ગોહિલવાડમાં ધરતીપુત્રો દ્વારા ખેતર ખેડવાની હળોતરો વિધિ સાથે ખેતીકાર્યના પણ જગતના તાત ખેડૂતો દ્વારા શ્રીગણેશ કરાયા હતા. ઠેર-ઠેર ધરતીમાતાનું વેદોકત મંત્રોચ્ચાર સાથે પૂજન અર્ચન કરવામાં આવ્યુ હતુ.અક્ષય તૃતીયાના મહાપર્વને હિન્દુ તેમજ જૈન ધર્મમાં વિશેષ માનવામાં આવે છે. આજના દિવસે જે કામ કરવામાં આવે છે તેનુ ત્રણ ગણુ અક્ષય ફળ મળે છે. તેથી ગોહિલવાડમાં અખાત્રીજના પર્વે ખેડૂતો દ્વારા કૃષિના વિવિધ ઓજારોનું વિધિવત પૂજન અર્ચન કરી વાવણીની તૈયારી સાથે ખેતીકાર્યની શરૂઆત કરાઇ હતી આ સાથે ખેડૂતો, ભાગીયાઓ તેમજ શ્રમિકો ખેતીકામમાં મગ્ન બની ગયા હતા. અનેક ગામોમાં સ્વાધ્યાય પરિવાર દ્વારા ગ્રામજનોના સહકારથી યોગેશ્વર કૃષિના શુભ મુર્હૂત કરાયા હતા.

### બોલીવુડની ફિલ્મોમાં કચકડે કંડારાયેલ ભુજ નજીકનું ટપકેશ્વરી જીઓ હેરીટેજ સાઈટ તરીકે વિકસાવાશે

(એજન્સી) ભુજ | તા.11



કચ્છ જીલ્લામાં ત્રણે પ્રકારની પ્રકૃતિ આવેલી છે દરિયો, ડુંગર અને રણ. કચ્છના પાટનગર ભુજમાં અનેક પ્રકારનો શિલ્પ સ્થાપત્યો તેમજ બાંધકામોનો વારસો ધરબાયેલો છે.જેના કારણે દેશ વિદેશથી મહેમાનો કચ્છના પ્રવાસે આવતા હોય છે. ત્યારે ભુજથી આઠ થી દસ કિલોમીટરના અંતરે ડુંગરોની હારમાળા વચ્ચે ટપકેશ્વરી આવેલું છે. જેને જીઓ હેરીટેજ સાઈટ તરીકે ઘોષીત કરવામાં આવ્યું છે. ભુજ થી હરિપર જતા માર્ગ પર હરિપરથી થોડે દુર ટપકેશ્વરી સ્થળ આવેલું છે. અહિં ચામુંડા માતાજીનું મંદિર પણ આવેલું છે.ટપકેશ્વરી વિસ્તારમાં ભુજ તેમજ આસપાસના ટ્રેકિંગ પ્રિય લોકો અવાર નવાર ટ્રેકિંગ કેમ્પ યોજી અહિં આવતા હોય છે. આ જગ્યા જાગીર તરીકે પ્રખ્યાત છે. મુખ્ય મંદિરની આસપાસ નાના-મોટા અનેક મંદિરો પણ આવેલા છે.રાજાશાહીના વખતમાં વર્ષમાં એકાદ વખત અહિં મેળો ભરાતો અને ભુજના લોકો અહિં મેળામાં મહાલ્વા પણ આવતા હતા. ડુંગરોના પત્થરોમાંથી બારે મહિના પાણી ટપકતું હોવાના કારણે કુંડમાં સતત પાણી ભરેલું રહેતું હોવાના કારણે કદાચ ટપકેશ્વરી નામ પડયું હોવાની લોકવાયકા છે.અહિં કુવામાં બારે મહિના પાણી ભરાયેલું રહેતું હોય છે.કચ્છમાં આવતા પ્રવાસીઓ અહિં ઐતિહાસીક બાંધકામો, સાંસ્કૃતિક વારસા થી વાકેફ થતા હોય છે. ત્યારે હવે કુદરતી સૌંદર્યથી ભરપુર એવા ટપકેશ્વરીના જીઓલોજીકલ વારસાથી પ્રવાસીઓ વાકેફ થાય તેવા હેતુ થી જીઓ હેરીટેજ સ્થળ તરીકે વિકાસ પામશે.

### 7 વિધાનસભાના બુથ વાઈઝ આંકડા મેળવી રાજકીય પક્ષોએ કસરત શરૂ કરી

# ભાવનગર બેઠક પર બુથ વાઈઝ આંકડાને આધારે હાર-જીતના ગણીત માંડવાના શરૂ

(એજન્સી) ભાવનગર | તા.11

ભાવનગર લોકસભા બેઠકની ચૂંટણી ગત મંગળવારે યોજાય હતી, જેમાં ભાવનગર લોકસભા બેઠક પર સરેરાશ ૫૩.૯૨ ટકા મતદાન થયુ છે. ભાવનગર લોકસભા બેઠક પર રાજકીય પક્ષોએ જોરશોરથી પ્રચાર કર્યો હતો. ભાજપ અને આપ પાર્ટી વચ્ચે સીધો જંગ જામ્યો હતો. મતદાન વધે તે માટે ચૂંટણી તંત્રએ સતત કાર્યક્રમ કર્યા હતા અને લોકોને મતદાન કરવા માટે જાગૃત કર્યા હતાં. મતદાતા પણ વધ્યા હતાં. આ બધી જ બાબત વચ્ચે પણ મતદાન ઘટયુ છે તેથી રાજકીય પક્ષોના ગણીત ખોટા પડે તેવી શકયતા છે. બુથ વાઈઝ આંકડાના આધારે રાજકીય લોકોએ ગણીત માંડયા છે. ભાવનગર લોકસભા બેઠક પર કેટલાક મતદાન મથક પર આશરે ૩૧ ટકા જેટલુ ઓછું મતદાન થયુ છે તો કેટલાક મતદાન મથક પર ૮૦ ટકા જેટલુ વધુ મતદાન થયુ છે. ભાવનગર લોકસભા બેઠક હેઠળ સાત વિધાનસભા બેઠક આવે છે, જેમાં ભાવનગર પૂર્વ, ભાવનગર પશ્ચિમ, ભાવનગર ગ્રામ્ય, તળાજા, પાલિતાણા, બોટાદ અને ગઢડા વગેરે બેઠકનો સમાવેશ થાય છે. રાજકીય પક્ષો અને લોકોનો વિધાનસભાના જુદા જુદા વિસ્તારમાં પ્રભાવ હોય છે તેમજ જ્ઞાતી સમીકરણ પણ હોય છે. બુથ વાઈઝ આંકડા પરથી કયાં બુથમાં કેટલુ મતદાન થયુ છે ? તે જાણવા મળે છે. જે મતદાન બુથ પર જે તે રાજકીય પાર્ટી અને રાજકીય લોકોનો પ્રભાવ હોય છે અથવા જ્ઞાતી સમીકરણ હોય છે તેના આધારે મત પડયા હોવાનો અંદાજ કાઢવામાં આવે છે.

ભાજપ અને ઈન્ડીયા ગઠબંધનના કોંગ્રેસ-આપ વગેરે પાર્ટીના લોકો બુથ વાઈઝ યાદી લઈ મતની ગણતરી કરી રહ્યા હોવાનુ ચર્ચાય રહ્યુ છે. આ બંને પાર્ટીનો જે તે વિસ્તારમાં પ્રભાવ હોય છે અથવા ઉમેદવારનો પ્રભાવ હોય છે. પાર્ટી અને ઉમેદવારનો પ્રભાવ હોય ત્યાં વધુ મતદાન થયુ હોય તો તે ઉમેદવારને ફાયદો થતો હોય છે અને ઓછું મતદાન થયુ હોય તો નુકશાન થતુ હોવાનો અંદાજ માંડવામાં આવતો હોય છે. બુથ વાઈઝ આંકડા પરથી રાજકીય લોકોને ચૂંટણીના પરિણામ કોની તરફી રહેશે ? તેનો થોડો ઘણો ખ્યાલ આવતો હોય છે. કેટલીકવાર મતદાતાઓની નારાજગી હોય તો રાજકીય લોકોના ગણીત ખોટા પણ પડી જતા હોય છે. હાલ રાજકીય લોકોએ બુથ વાઈઝ યાદી મેળવી ગણતરીઓ શરૂ કરી છે અને હાર-જીતનો અંદાજ માંડવામાં આવી રહ્યો છે પરંતુ સાચી માહિતી તો મતગણતરી પછી જ મળશે.

### દહેવાણમાં ખેતરમાં મુકેલા ઝટકા મશીનના વીજ કરંટથી મહિલાનું મોત

(એજન્સી) આણંદ | તા.11

બોરસદ તાલુકાના દહેવાણ ગામે છીણાપુરા સીમ વિસ્તારમાં ત્રણ દિવસ પૂર્વે પાકની સાચવણી માટે મુકેલા ઝટકા મશીનનો વીજ કરંટ લાગતા એક મહિલાનું મોત નિપજ્યું હોવાનો બનાવ બન્યો હતો. આ અંગે વીરસદ પોલીસે ખેતર ભાગે રાખનાર ભાગીયા વિરુધ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. દહેવાણ ગામે રહેતા અને ખેતી કરતા પુનમભાઈ ભીખાભાઈ પરમારના કૌટુંમ્બિક ભાણેજ વિજય ચૌહાણે છેલ્લા ત્રણેક માસથી છીણાપુરા સીમમાં આવેલું એક ખેતર અર્જુનભાઈ પરમાર પાસેથી ભાગે ખેતી કરવા માટે રાખ્યું છે. આ ખેતરમાં તેણે બાજરીનો પાક કર્યો છે અને પરિવાર સાથે ખેતરમાં ઓરડી બાંધી રહે છે. ખેતરમાં બાજરીનો પાક થયેલો હોવાથી તેની સાચવણી માટે ખેતર ફરતે લોખંડના તારની વાડ બાંધી ઝટકા મશીન મુક્યું હતું. ગત તા.૯મી મેના રોજ બાજરીના પાકની કાપણી અર્થે વિજય પૂનમભાઈના ઘરે ગયા હતા.

## આપનો આજનો દિવસ



**મેષ (અ,લ,ઇ)**
આજે તમે પરિવારના સભ્યો સાથે દિવસ પસાર કરી શકો છો. પરંતુ વ્યવસાય તરફ ધ્યાન આપવું એ તમારી પ્રાથમિકતા હોવી જોઈએ. જેથી તમે પૈસા મેળવી શકો.



**વૃષભ (બ,વ,ઉ)**
ધંધામાં નસીબ સાથ આપશે અને કાર્યક્ષેત્રમાં પ્રગતિ થશે તેમજ લાભ પણ મળશે. સામાજિક અને કાર્યક્ષેત્રમાં તમારું માન અને પ્રભાવ આજે વધવા જઈ રહ્યો છે.



**મિથુન (ક,છ,ઘ)**
આજે તમારી શક્તિ વધશે. તેમજ ધંધા અથવા કાર્યક્ષેત્રમાં કોઈ વિશેષ વ્યવસ્થા કે પરિવર્તન કરવાનો આજનો દિવસ રહેશે. દ્રષ્ટિકોણ આ દિવસમાં બદલાઈ શકે છે.



**કર્ક (ડ,હ)**
આજે તમે ધંધા કે કામ સંબંધિત પ્રવાસ કરી શકો છો. ઉપરાંત બધા કાર્ય તમારા દ્વારા પૂરા થશે. શુભ અથવા ધાર્મિક કાર્યો આજે પરિવારમાં થઈ શકે છે. કોઈ પણ ધાર્મિક સ્થળની મુલાકાત પણ લઈ શકો છો.



**સિંહ (મ,ટ)**
આજે તમને રાજ્ય તરફથી સન્માન અને સાંસારિક પ્રતિષ્ઠાથી મળશે. વેપારના ક્ષેત્રમાં નવા ભાગીદારો મળશે અને લાભ પ્રાપ્ત કરશો.



**કન્યા (પ,ઠ,ણ)**
આજે તમને કાર્યક્ષેત્ર અને ધંધામાં ભાગ્યનો સાથ મળી શકે છે. તમારા માટે શુભ સાબિત થશે. આજે તમે વેપારમાં સેવકો અને ભાગીદારો સાથે સારો તાલમેલ જાળવશો .



**તુલા (ર,ત)**
આજનો દિવસ તમારા ધંધા અને કાર્યમાં ભાગદોડ તેમજ વિશેષ ચિંતમાં વિતાવશો. તમે તમારા જીવનસાથીના સ્વાસ્થ્યની ચિંતા કરી શકો છો, તમારે તેમની સંભાળ લેવી પડશે.




**વૃશ્ચિક (ન,ય)**
આજે વેપાર અને કાર્યક્ષેત્રના સંબંધમાં તમે જે પણ નવા પ્રયત્નો કરો છો તેમાં તમને વિજય મળશે. આજે ઓફિસના કામમાં સુધારો કરવાની જરૂર છે, જે તમને સારા પરિણામ આપશે.



**ધન (ભ,ધ,ફ)**
કોઈ ચીજવસ્તુ ખરીદી શકો છો, જેમાં કેટલાક પૈસા પણ ખર્ચ થઈ શકે છે. સંતાન તરફથી કેટલાક સારા સમાચાર મળી શકે છે. જેના કારણે પરિવારમાં આનંદનો માહોલ રહેશે.



**મકર (ખ,જ)**
આજે તમને વ્યવસાય અને ક્ષેત્રમાં લાભથી સંતોષ મળશે. તેમજ આજે આનંદનો દિવસ રહેશે. આજે તમારા વ્યક્તિત્વમાં એક અલગ આકર્ષણ રહેશે અને લોકો તમારાથી પ્રભાવિત થશે.



**કુંભ (ગ,શ,સ)**
આજે તમારા મિત્રો અથવા સગા-સંબંધીઓ ઘણાં દિવસો સુધી રોકાવા તમારા ઘરે આવી શકે છે. તેમનું સન્માન કરવું તમારા માટે ફાયદાકારક રહેશે.



**મીન (દ,ચ,ઝ,થ)**
ધંધા અને કાર્યક્ષેત્રમાં અચાનક પૈસા મળવાના સંકેત છે. જે તમને આર્થિક શક્તિ આપશે. આજે તમારી જાતે વ્યવસાયિક સમસ્યાઓ ઉકેલવાનો પ્રયાસ કરો.

## ન્યૂઝ ટ્રેક

### PFમાં વિદેશી કામદારોનો સમાવેશ ગેરબંધારણીય : કર્ણાટક હાઈકોર્ટ

મુંબઈ | વિદેશી કામદારોને પ્રોવિડન્ટ ફંડ અને પેન્શન સ્કીમમાં સામેલ કરવા માટે કાયદામાં સુધારો કરાયાના 15 વર્ષો બાદ હવે કર્ણાટક હાઈકોર્ટએ આ જોગવાઈને ગેરબંધારણીય અને મનસ્વી ગણાવી છે. આ એક એવો ઘટનાક્રમ છે જેને સરકાર અને એમપ્લોઈઝપ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશન ઈપીએફઓ) દ્વારા સર્વોચ્ચ અદાલતમાં પડકારવામાં આવી શકે છે. વડી અદાલતનો આ હુકમ સામાજિક સલામતીની યોજનામાં યોગદાન આપનારા હજારો વિદેશી કર્મચારીઓ અથવા હાલ જેઓ તેનો ભાગ છે, તેને અસરકર્તા છે. એજ્યુકેશન, લોજિસ્ટિક્સ, રિયલ એસ્ટેટ અને ટેકનોલોજી જેવા ક્ષેત્રોમાંથી અપીલકર્તાઓ તરીકે સામેલ લોકો દ્વારા એવી દલીલ કરવામાં આવી હતી.

### ટાટા મોટર્સ ઓટો ફાઈનાન્સ કરતી પેટા કંપનીને ટાટા કેપિટલમાં મર્જ કરશે

મુંબઈ | ટાટા મોટર્સએ પોતાની વ્હીકલ ફાઈનાન્સ પેટાકંપની ટાટા મોટર્સ ફાઈનાન્સને અલગ કરી તેનું ટાટા કેપિટલમાં મર્જર કરવાની યોજના બનાવી છે. આ કવાયતનો હેતુ નાણાંકીય સેવાઓના સંચાલનના મોટા હિસ્સાને એક કંપની હેઠળ લાવવાની સાથોસાથ ઓટોમેકર કંપનીની બેલેન્સ શીટમાં ઘટાડો કરવાનો પણ છે. આ પ્રક્રિયામાં શેર-સ્વેપ સમજૂતી સામેલ હશે. ગ્રુપની હોલ્ડિંગ કંપની ટાટા સન્સ ટાટા મોટર્સને ટાટા કેપિટલના શેરનો પ્રસ્તાવ આપશે. જેથી વોલ્યૂમના હિસાબે ભારતની ત્રીજા નંબરની સૌથી મોટી કાર નિર્માતા કંપનીને ટાટા કેપિટલમાં હિસ્સેદારી મળી જશે.

### IT નોટિસ મળી હોય તો ITR ફાઈલ કરો અથવા ચકાસણી માટે તૈયાર

મુંબઈ | પૂછપરછની નોટિસના જવાબમાં જો કરદાતા આવકવેરા રિટર્ન ફાઈલ નહીં કરે તો આવા કેસની ચકાસણી કરવામાં આવશે. જ્યારે કરદાતાએ ટેક્સ રિટર્ન ફાઈલ ન કર્યું હોય અથવા કોઈ ચોક્કસ વિગત સંબંધિત વધારાની પ્રારંભિક માહિતી જેમ કે, બેંક વ્યાજ અથવા સંપત્તિના વેચાણ પર લાંબાગાળાની મૂડી લાભ-વેચાણ પરનું નુકસાન મેળવવા માટે સેક્શન 142(1) હેઠળ આ નોટિસ ફટકારવામાં આવે છે. આ માર્ગદર્શન સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસ (સીબીડીટી) દ્વારા તાજેતરમાં જારી કરવામાં આવેલ વ્યાપક દિશા-નિર્દેશોનો ભાગ છે, જેમાં આવકવેરા રિટર્નની સંપૂર્ણ ચકાસણી માટે અનિવાર્ય પસંદગીની વાત કરવામાં આવી છે. આ માર્ગદર્શિકા વાર્ષિક ધોરણે જારી કરવામાં આવે છે.

#### બ્રોકરોની મધ્યસ્થી ઘટાડવા સેબીનો નવો પ્રસ્તાવ

# ગ્રાહકોના ડિમેટ ખાતામાં સિક્યુરિટીઝનું ડાયરેક્ટ પે-આઉટ ફરજિયાત બનશે

(એજન્સી) નવી દિલ્હી | તા.11

શેર બજારોમાં હવે બ્રોકરો-શેરદલાલોની ભૂમિકા કહો કે દરમિયાનગીરી ઘટાડવાની વધુ એક કવાયતમાં મૂડી બજાર નિયામક તંત્ર સેબીએ ગ્રાહકોના ડિમેટ એકાઉન્ટોમાં સીધું જ સિક્યુરિટીઝનું પે-આઉટ ફરજિયાત બનાવવાની કવાયત હાથ ધરી છે. સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)એ બ્રોકરોના પૂલ એકાઉન્ટના બદલે ગ્રાહકોના ડિમેટ એકાઉન્ટોમાં સિક્યુરિટીઝ સીધી જ જમા-ક્રેડિટ થાય એ પ્રસ્તાવિત કર્યું છે. અત્યારે આ પ્રક્રિયા સ્વૈચ્છિક છે. જેમાં બ્રોકરના પૂલ એકાઉન્ટમાં સિક્યુરિટીઝ જમા થાય એને બ્રોકર સંબંધિત ગ્રાહકોના ડિમેટ એકાઉન્ટોમાં જમા કરે છે. કાર્યકારી ક્ષમતા વધારવા અને અને ગ્રાહકની સિક્યુરિટીઝ પરના જોખમોને ઘટાડવા માટે આ પગલાંમાં ગ્રાહકના ખાતામાં સિક્યુરિટીઝ સીધી જમા કરવાની પ્રક્રિયાને ફરજીયાત બનાવવા માટે વિચારણા કરવામાં આવી હોવાનું સેબીએ એક પ્રસ્તાવમાં જણાવ્યું છે. સેબીએ આ પ્રસ્તાવ પર ૩૦, મે સુધીમાં




જાહેર ટિપ્પણીઓ માગી છે. મૂડી બજાર નિયામક તંત્રએ ઈન્ફ્રાસ્ટ્રકચર ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ્સ(ઈન્વિટ્સ)ના ટ્રેડીંગ લોટનું કદ રૂ.૧ કરોડથી ઘટાડીને રૂ.૨૫ લાખ કરવાનો પણ પ્રસ્તાવ મૂક્યો છે. આ દરખાસ્તનો ઉદ્દેશ રોકાણકારોનો વ્યાપ વધે અને આકર્ષણ વધારવા પ્રાઈવેટલી પ્લેસ્ડ ઈન્વિટ્સમાં પ્રવાહિતા વધારવાનો છે. સેબીનું કહેવું છે કે, આ પગલાથી રોકાણ પોર્ટફોલિયોના વૈવિધ્યિકરણને પ્રોત્સાહન મળશે અને રોકાણકારોને વધુ સારી રીતે જોખમનું સંચાલન કરવા સક્ષમ બનાવશે.

સેબીએ ઈન્વિટ્સના સ્પોન્સર્સ માટેના ધોરણોમાં ફેરફારની દરખાસ્ત પણ કરી છે. જેના હેઠળ સ્પોન્સરમાં ફેરફાર કાં તો નવા સ્પોન્સર અથવા હાલના સ્પોન્સર્સની એક્ઝિટના કારણે લાગુ થશે. સૂચિત સુધારાનો હેતુ નવા સ્પોન્સરને સામેલ કર્યા વિના કો-સ્પોન્સરની એક્ઝિટ સહિતના સ્પોન્સરશીપમાં સંભવિત ફેરફારોને સ્પષ્ટ કરવાનો હોવાનું સેબીએ કહ્યું છે.

## બેન્ક ઓફ ઈન્ડિયાનો ચોખ્ખો નફો Q4FY24માં વાર્ષિક ધોરણે 57 ટકા વધી રૂપિયા 6,318 કરોડ થયો

(એજન્સી) મુંબઈ | તા. 11

બેન્ક ઓફ ઈન્ડિયાએ નાણાકીય વર્ષ 2024ના ચોથા ત્રિમાસિક ગાળા માટેના તેના પરિણામોની જાહેરાત કરી છે. આ ત્રિમાસિક ગાળા દરમિયાન કંપનીનો ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે 57 ટકા વધીને વધીને રૂપિયા 6,318 કરોડ થયો છે. એવી જ રીતે અનુક્રમિક ધોરણે ત્રિમાસિક ગાળા દરમિયાન બેન્કનો ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે 7 ટકા વધ્યો છે અને તે નાણાકીય વર્ષ 2024ના ચોથા ત્રિમાસિક ગાળામાં રૂપિયા 1,439 કરોડ થયો છે.

નાણાકીય વર્ષ 2023ના ચોથા ત્રિમાસિક ગાળામાં રૂપિયા 1,350 કરોડ હતો. એસેટ ક્વૉલિટીના મોરચે બેન્કનો કુલ એનપીએ રેશિયો વાર્ષિક ધોરણે 233 બેસિસ પોઈન્ટ ઘટ્યો છે અને ચોખ્ખો એનપીએ રેશિયો વાર્ષિક ધોરણે 44 બેસિસ પોઈન્ટ ઘટ્યો છે. વૈશ્વિક કારોબાર વાર્ષિક ધોરણે 11.65 ટકા વધ્યો છે, વૈશ્વિક થાપણો વાર્ષિક ધોરણે 10.21 ટકા વધી છે અને વૈશ્વિક ધિરાણ વાર્ષિક ધોરણે 13.52 ટકા વધ્યું છે. 31મી માર્ચ,2024 પ્રમાણે બેન્કનો કુલ મૂડી પર્યાપ્ત ગુણોત્તર (સીઆરએઆર) 16.96 ટકા રહ્યો હતો, જે માર્ચ,2023માં 16.28 ટકા હતો. સીઈટી-1 રેશિયો પણ 31મી માર્ચ,2024ના રોજ 14.24 ટકા રહ્યો છે. આરએએમ એડવાન્સિસ વાર્ષિક ધોરણે 15.55 ટકા વધીને રૂપિયા 2,74,477 કરોડ થયો છે, જે માર્ચ,2024માં એડવાન્સિસના 55.74 ટકાથી બનેલ છે. રિટેલ ક્રેડિટ ગ્રોથ આ અવધિમાં 18.12 ટકા વધીને રૂપિયા 1,11,484 કરોડ રહ્યો છે.

એગ્રિકલ્ચર ક્રેડિટ પણ વાર્ષિક ધોરણે 16.69 ટકા વધી રૂપિયા 84,460 કરોડ રહ્યો છે. એમએસએમઈ ક્રેડિટ વૃદ્ધિ વાર્ષિક ધોરણે 10.96 ટકા વધીને રૂપિયા 78,533 કરોડ થઈ છે.

## વૈશ્વિક અનિશ્ચિતતાઓ વચ્ચે 238માંથી 115 દેશોમાં ભારતની નિકાસ વધી

(એજન્સી) નવી દિલ્હી | તા.11

વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતાઓ છતાં, નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં કુલ ૨૩૮ દેશોમાંથી ૧૧૫ દેશોમાં ભારતની નિકાસ વધી છે. આ માહિતી સત્તાવાર આંકડાઓ પરથી સામે આવી છે. વાણિજ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર, કુલ નિકાસમાં ભારતના આ ૧૧૫ નિકાસ સ્થળોનો હિસ્સો ૪૬.૫ ટકા છે. આ દેશોમાં અમેરિકા, સંયુક્ત આરબ અમીરાત (યુએઈ), નેધરલેન્ડ, ચીન, બ્રિટન, સાઉદી અરેબિયા, સિંગાપોર, બાંગ્લાદેશ, જર્મની અને ઈટાલીનો સમાવેશ થાય છે. પાછલા નાણાકીય વર્ષમાં દેશની મર્ચેન્ડાઈઝ નિકાસ ત્રણ ટકા ઘટીને ૪૩૭.૧ બિલિયન ડોલર રહી હતી. જોકે, સેવાઓની નિકાસ વધીને ૩૪૧.૧ બિલિયન ડોલર




થઈ છે, જે ૨૦૨૨-૨૩માં ૩૨૫.૩ બિલિયન ડોલરની સરખામણીએ છે. ડેટા દર્શાવે છે કે સતત વૈશ્વિક પડકારો હોવા છતાં, દેશની કુલ નિકાસ (સામાન અને સેવાઓનું સંયોજન) ૨૦૨૨-૨૩માં સર્વકાલીન ઉચ્ચ સ્તરે પહોંચવાની હતી. ગત નાણાકીય વર્ષ (૨૦૨૩-૨૪)માં દેશની કુલ નિકાસ ૭૭૮.૨ બિલિયન ડોલર સુધી પહોંચી હતી, જ્યારે ૨૦૨૨-૨૩માં તે ૭૭૬.૪ બિલિયન ડોલર હતી. આ રીતે નિકાસમાં ૦.૨૩ ટકાનો નજીવો વધારો નોંધાયો હતો. ભારતની મર્ચેન્ડાઈઝ નિકાસનો હિસ્સો પણ ૨૦૧૪માં ૧.૭૦ ટકાથી વધીને ૨૦૨૩માં ૧.૮૨ ટકા થયો છે. આ સમયગાળા દરમિયાન ભારત માલના વિશ્વના નિકાસકારોમાં ૧૯માથી ૧૭મા સ્થાને પહોંચી ગયું છે. વધુમાં, ટોચના ૧૦ સ્થળોએ ભારતની નિકાસમાં વર્ષ ૨૦૨૩-૨૪માં વાર્ષિક ધોરણે ૧૩ ટકા વૃદ્ધિ થવાની ધારણા છે.`છઈ ભારતની નિકાસ માટે પ્રાથમિક ગંતવ્ય તરીકે ઉભરી આવ્યું છે જેની નિકાસ મૂલ્ય ૩૫.૬ બિલિયન ડોલર છે. એ જ રીતે, સિંગાપોરમાં નિકાસ ૨૦.૧૯ ટકા વધીને ૧૪.૪ અબજ ડોલર, બ્રિટનમાં નિકાસ ૧૩.૩૦ ટકા વધીને ૧૩ અબજ ડોલર અને ચીનમાં નિકાસ ૮.૭૦ ટકા વધીને ૧૬.૭ અબજ ડોલર થઈ છે.

## એર ઇન્ડિયાએ એમ્સ્ટર્ડેમ, મિલાન અને કોપનહેગન સુધી વધારાની ફ્લાઇટ્સ સાથે યુરોપમાં ઉપસ્થિતિ મજબૂત કરી

(એજન્સી) ગુરૂગ્રામ | તા.11

ભારતની અગ્રણી વૈશ્વિક એરલાઈન એર ઈન્ડિયાએ નિરંતર માગને પૂર્ણ કરવા માટે એમ્સ્ટર્ડેમ, કોપનહેગન અને મિલાન માટે વધારાની ફ્લાઈટ્સ સાથે તેની યુરોપિયન કામગીરીમાં વધારો કર્યો છે. એર ઈન્ડિયા 22 જૂન, 2024થી દિલ્હીથી એમ્સ્ટર્ડેમ શિફોલ અને દિલ્હીથી મિલાન માલપેન્સા વચ્ચે દૈનિક નોન-સ્ટોપ ફ્લાઈટ્સનું સંચાલન કરશે, જેનાથી બે મહત્વપૂર્ણ રૂટ ઉપર અનુક્રમે 4x સાપ્તાહિક અને 5x સાપ્તાહિક ફ્રિકવન્સી વધશે. આ ઉપરાંત એર ઈન્ડિયા દિલ્હી-કોપનહેગન રૂટ ઉપર વધુ એક ફ્લાઈટ ઉમેરશે, જેથી આ રૂટ ઉપર સાપ્તાહિક 5x ફ્રિકવન્સી થશે. આ વધારાની ફ્લાઈટ્સ 16 જૂન, 2024થી એર ઈન્ડિયાની ઝુરિચ સુધીની ડેઈલી, નોન-સ્ટોપ ફ્લાઈટ તથા ફ્રેન્કફર્ટ અને પેરિસ ચાર્લ્ડ ડી ગોલ (સીડીજી) સુધીની ડેઈલી સર્વિસિસમાં ઉમેરો કરશે. તેનાથી ભારત અને યુરોપ વચ્ચે ઈનબાઉન્ડ અને આઉટબાઉન્ડ પેસેન્જર ટ્રાફિક અને કાર્ગોને બળ મળે છે. એર ઈન્ડિયાના સીઈઓ અને એમડી કેમ્પબેલ વિલ્સને કહ્યું હતું કે, “એર ઈન્ડિયાની પરિવર્તનકારી સફરમાં અમારા વૈશ્વિક રૂટ નેટવર્કનું વિસ્તરણ અમારી મુખ્ય પ્રાથમિકતા છે. ત્રણ યુરોપિયન શહેરો સુધીની ફ્રિકવન્સીમાં વધારા સાથે એર ઈન્ડિયા એમ્સ્ટર્ડેમ શિફોલ, કોપનહેગમ, ફ્રેન્કફર્ટ, મિલાન માલપેન્સા, પેરિસ સીડીજી, વિયેના અને ઝુરિક એમ સાત પોઈન્ટ્સથી અવર-જવર માટે સાપ્તાહિક 80 ફ્લાઈટ્સ સાથે મેઈનલેન્ડ યુરોપને સેવા આપશે.

## નવા નાણાં વર્ષના પ્રથમ મહિનામાં કંપનીના રજિસ્ટ્રેશનમાં 3.7 ટકા ઘટાડો




(એજન્સી) નવી દિલ્હી | તા. 11

નાણાંકીય વર્ષ ૨૦૨૪ દરમિયાન રોકાણોમાં થયેલા વધારાને પગલે, નાણાંકીય વર્ષ ૨૦૨૫ (એપ્રિલ)ના પ્રથમ મહિનામાં કંપનીના રજિસ્ટ્રેશનમાં વાર્ષિક ધોરણે ૩.૭ ટકા ઘટાડો નોંધાયો હતો, જે આંશિક રીતે ઉચ્ચ આધાર અસરને આભારી છે. કોર્પોરેટ અફેર્સ મંત્રાલયના તાજેતરના ડેટા મુજબ, મર્યાદિત જવાબદારી ભાગીદારી (એલએલપી) ના સમાવેશમાં વાર્ષિક ધોરણે ૩૬ ટકાનો નોંધપાત્ર વધારો જોવા મળ્યો હતો. ચાલુ નાણાકીય વર્ષના એપ્રિલમાં ૧૫,૯૮૨ કંપનીઓ નોંધાઈ હતી, જે અગાઉના વર્ષે ૧૬,૫૯૯ નોંધાઈ હતી. તેનાથી વિપરિત, એલએલપી રજિસ્ટ્રેશન અગાઉના વર્ષના એપ્રિલમાં ૪,૩૩૫થી વધીને ૫,૮૯૬ થઈ ગયું હતું. નોંધનીય રીતે, એપ્રિલ ૨૦૨૩માં ૪ ટકાનો વધારો જોવા મળ્યો હતો, જ્યારે એલએલપી નોંધણીઓમાં નોંધપાત્ર વધારો થયો હતો. નાણાકીય વર્ષ ૨૪ના સમયગાળા દરમિયાન, દેશમાં ૧૮૫,૦૦૦થી વધુ કંપની નોંધણીઓ જોવા મળી હતી, જે અગાઉના વર્ષની સરખામણીએ ૧૬.૩ ટકા વધુ કંપનીઓ અને ૬૨.૭ ટકા વધુ એલએલપીની વૃદ્ધિ દર્શાવે છે. સત્તાવાર ડેટા અનુસાર ચાલુ વર્ષના માર્ચ મહિનામાં જ લગભગ ૧૬,૬૦૦ કંપનીઓની સ્થાપના કરવામાં આવી હતી. રેકોર્ડ ઈન્કોર્પોરેશનનું વલણ અને બોજ ઘટાડવા અને વ્યવસાય માટે અનુકૂળ વાતાવરણને ઉત્તેજન આપવાના પ્રયાસોને કારણે આ સ્થિતિનું નિર્માણ થયું હતું. નાણાકીય વર્ષ ૨૪ માં કંપનીના નિવેશની અપવાદરૂપ સંખ્યા ચાલુ નાણાકીય વર્ષમાં વૃદ્ધિની ગણતરી માટે ઉચ્ચ આધાર અસર ઊભી કરી શકે છે.

### ગોલ્ડ લોન લેનારાઓને જોરદાર ઝટકો, RBIએ લીધો મોટો નિર્ણય, NBFCને આપ્યો કડક નિર્દેશ

(એજન્સી) નવી દિલ્હી | તા. 11

ગોલ્ડ લોન લેનારાઓ હવે મોટી રકમની રોકડ મેળવી શકશે નહીં. આરબીઆઈએ નોન બેન્કિંગ ફાઈનાન્સ કંપનીઓ (NBFC)ને નિર્દેશ આપ્યો છે કે, ગોલ્ડ લોન પેટે લોનધારકોને રૂ. 20 હજારથી વધુ રોકડ ફાળવે નહીં. આવકવેરા અધિનિયમ અનુસાર, ગોલ્ડના બદલે રૂ. 20 હજાર સુધીની જ રોકડ મળી શકે. આરબીઆઈએ આ સપ્તાહની શરૂઆતમાં સ્મોલ ફાઈનાન્સ કંપનીઓને પણ આવકવેરા અધિનિયમની કલમ 269 (SS)નું પાલન કરવા નિર્દેશ કર્યો હતો. જે અંતર્ગત કોઈપણ વ્યક્તિ અન્ય વ્યક્તિ દ્વારા લેવામાં આવેલી લોન અને ડિપોઝિટ મેળવી શકશે નહીં. હા તે ચોક્કસ માધ્યમના આધારે પેમેન્ટ મેળવી શકે છે. જેમાં રૂ. 20 હજાર સુધીની રોકડ લિમિટ છે. આરબીઆઈએ આઈઆઈએફએલ ફાઈનાન્સના ગોલ્ડ લોન પોર્ટફોલિયોમાં અમુક મટિરિયલ સુપરવિઝરી ખામીઓ જોવા મળતાં ગોલ્ડ લોનની ફાળવણી અને મંજૂરી પર પ્રતિબંધ લાદ્યા બાદ આ એડવાઈઝરી બહાર પાડી છે. મણપ્પુરમ ફાઈનાન્સના એમડી અને સીઈઓ વીપી નંદકુમારે જણાવ્યું કે, ગોલ્ડ લોન પેટે રૂ. 20 હજારની રોકડ આપવાની મર્યાદાનું પુનરાવર્તન થયું છે.

## માર્કેટમાં ગરબડ કરનારા લોકો ચેતી જજો, SEBIએ જાહેર કર્યા નવા નિયમ, થશે આકરી કાર્યવાહી

(એજન્સી) નવી દિલ્હી | તા. 11

શેરબજારમાં રોકાણકારોની સંખ્યા સતત વધી રહી છે. જેની સાથે ગેરરીતિઓ અને છેતરપિંડી કરનારાઓની સંખ્યા પણ વધી છે. આ સમસ્યાને ધ્યાનમાં લેતાં સેબીએ આકરૂ વલણ દર્શાવી નવા નિયમો જારી કર્યા છે. જેમાં તે તેના કર્મચારીઓ વિરૂદ્ધ આકરી કાર્યવાહી કરી શકે છે. માર્કેટ રેગ્યુલેટર સેબીએ પોતાના કર્મચારીઓની સેવાઓને નિયંત્રિત કરતાં નિયમોમાં સંશોધન કર્યું છે. જેમાં આર્થિક નુકસાનની ભરપાઈ માટે કર્મચારીઓ પાસેથી મોટી પેનલ્ટી પણ વસૂલી શકે છે. આ વસૂલાત કર્મચારીઓને મળતા પગાર અને અન્ય રકમમાંથી કરશે. સેબી આ નિયમ અંતર્ગત તેના કોઈ કર્મચારી દ્વારા પોતાની સત્તાનો દુરૂપયોગ કરવામાં આવે અથવા તો કોઈ કર્મચારી કથિત રૂપે અયોગ્ય લક્ષ્યો માટે ફ્રોડ કરે તો તેની વિરૂદ્ધ કાર્યવાહી કરી આર્થિક નુકસાન પેટે પેનલ્ટી પણ વસૂલવામાં આવશે. સેબીના રિટાયર્ડ કર્મચારીઓને પણ આ નવા નિયમ હેઠળ આવરી લેવામાં



### ઈન્વેસ્ટમેન્ટ એઢવાઈઝર્સે વર્ષમાં બે વખત સોશિયલ મીડિયા પર પોતાની ઉપસ્થિતિ વિશે માહિતી રજૂ કરવાની રહેશે

આવ્યા છે. સેબીએ 6 મેના રોજ એક નોટિફિકેશન જારી કરી જણાવ્યું હતું કે, નવી વ્યવસ્થા તેવા કર્મચારીઓ પર લાગૂ થશે, જેઓએ રાજીનામુ આપી દીધુ છે અથવા તો રિટાયર થઈ ગયા છે. જો તેઓ માર્કેટ સંબંધિત કોઈ ખોટી જાહેરાતો કે ગેરરીતિ આચરતાં હશે તો તેમની વિરૂદ્ધ કડક કાર્યવાહી હાથ ધરાશે. તેમની ગ્રેજ્યુઅટી અટકાવી દેવામાં આવશે. ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર માટે પણ નિયમો જારી કર્યા છે. હવે ઈન્વેસ્ટમેન્ટ એઢવાઈઝર્સે વર્ષમાં બે વખત સોશિયલ મીડિયા પર પોતાની ઉપસ્થિતિ વિશે માહિતી રજૂ કરવાની રહેશે. આ માહિતી તેઓએ એક સુપરવાઈઝરી સંસ્થાને આપવાની રહેશે. જેની નિમણૂક સેબી કરે છે. જેનાથી ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર્સ પર સરળતાથી દેખરેખ રાખી શકાશે, અને છેતરપિંડી અટકાવાશે.

**રોકાણ ઓછું કમાણી વધુ** | ફ્રેન્ચાઈઝી શરૂ કરવા માટે સિક્યુરિટી પેટે ઓછામાં ઓછી રૂ. 5000નુ રોકાણ કરેલુ હોવુ જોઈએ

# તમારી પાસે 200 ચો.ફૂટનો એરિયા છે? જો હાં તો લઈ લો જલદીથી આ ફ્રેન્ચાઈઝી, થશે ધૂમ કમાણી

(એજન્સી) મુંબઈ | તા. 11

શું તમે ઘરેબેઠા અથવા તો તમારી માલિકીની જગ્યા પર સરકારી સંસ્થા સાથે જોડાઈ કામ કરવા માગો છો. જો તમે 200 વર્ગફૂટનો એરિયા અને નજીવી મૂડી ધરાવતા હોવ તો તમે પોસ્ટ ઓફિસ માટે ફ્રેન્ચાઈઝી લઈ કમાણી કરી શકો છો. હાલ દેશમાં 1.55 લાખ પોસ્ટ ઓફિસ છે. સરકાર સમય-સમય પર તેની સુવિધાઓનું વિસ્તરણ કરી રહી છે.

જેના મારફત મની ઓર્ડર મોકલવો, સ્ટેમ્પ-સ્ટેશનરી, પોસ્ટ મોકલવી અને મંગાવવી, નાની બચત યોજનાઓ શરૂ કરવા સહિત તમામ કામ પોસ્ટ ઓફિસમાં થાય છે. ઈન્ડિયા પોસ્ટે નવી પોસ્ટ ઓફિસ શરૂ કરવા ફ્રેન્ચાઈઝી સ્કીમ શરૂ કરી છે. જેમાં તમે પોસ્ટ ઓફિસ શરૂ કરી આવક ઉભી કરી શકો છો. દેશના અનેક વિસ્તારોમાં હાલ પોસ્ટ ઓફિસની સેવાઓ ઉપલબ્ધ નથી. જેથી ઈન્ડિયા પોસ્ટે ફ્રેન્ચાઈઝી સુવિધા શરૂ કરી છે.




### પોસ્ટ ઓફિસ ફ્રેન્ચાઈઝીના પ્રકાર

પોસ્ટ ઓફિસ દ્વારા બે પ્રકારની ફ્રેન્ચાઈઝી આપવામાં આવે છે. જેમાં એક ફ્રેન્ચાઈઝી આઉટલેટ અને બીજુ પોસ્ટલ એજન્ટ્સ ફ્રેન્ચાઈઝી છે. વધુમાં એજન્ટ્સ તરીકે કામ કરવાની પોસ્ટલ એજન્ટ્સ ફ્રેન્ચાઈઝી પણ મળે છે. જેમાં શહેર અને ગ્રામ્ય વિસ્તોરમાં પોસ્ટલ સ્ટેમ્પ્સ અને સ્ટેશનરી ઘેર-ઘેર સુધી પહોંચાડે છે. પોસ્ટ ઓફિસ ફ્રેન્ચાઈઝી સ્કીમ અંતર્ગત કોઈપણ વ્યક્તિ નાની રકમ જમા કરી સામાન્ય પ્રક્રિયા બાદ પોસ્ટ ઓફિસ શરૂ કરી શકે છે. પોસ્ટ ઓફિસ એક સફળ બિઝનેસ મોડલ છે. જેમાં સારી એવી કમાણી કરી શકો છો.

### કોણ લઈ શકે છે ફ્રેન્ચાઈઝી?

ફ્રેન્ચાઈઝી લેનાર વ્યક્તિની વય 18 વર્ષથી વધુ હોવી જોઈએ. પરિવારનો કોઈપણ સભ્ય પોસ્ટ ડિપાર્ટમેન્ટમાં કામ કરતો ન હોવો જોઈએ. ફ્રેન્ચાઈઝી લેનાર વ્યક્તિ માન્યતા પ્રાપ્ત શાળામાંથી ઓછામાં ઓછું આઠમું ધોરણ પાસ કરેલુ હોવુ જોઈએ. ફ્રેન્ચાઈઝી માટે તમારે ફોર્મ ભરી અરજી કરવાની રહેશે. ત્યારબાદ પસંદગી થવા પર ઈન્ડિયા પોસ્ટ સાથે એક એમઓયુ પર હસ્તાક્ષર કરવાના રહેશે.

## વેરિટાસ એડવર્ટાઇઝિંગ લિમિટેડનો આઇપીઓ 13 મે, 2024ના રોજ ખુલશે

(એજન્સી) મુંબઇ | તા. 11

વેરિટાસ એડવર્ટાઈઝિંગ લિમિટેડ, વિવિધ પ્લેટફોર્મ પર 360-ડિગ્રી સેવાઓ પ્રદાન કરતી એક એકીકૃત જાહેરાત એજન્સીએ 13 મે, 2024ના રોજ ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ (આઈપીઓ) સાથે જાહેરમાં જવાની તેની યોજના જાહેર કરી છે. કંપની આ આઈપીઓના માધ્યમથી શેરને એનએસઇ ઈમર્જ પ્લેટફોર્મ પર સૂચિબદ્ધ કરવા સાથે અપર બેન્ડ પર 8.48 કરોડ એકત્ર કરવાનું લક્ષ્ય ધરાવે છે. આ આઈપીઓમાંથી મળેલી ચોખ્ખી આવકનો ઉપયોગ (i) પશ્ચિમ બંગાળ, આસામ, મહારાષ્ટ્ર અને દિલ્હીમાં નવા પોલીસ બૂથની સ્થાપના, (ii) કોલકાતા, મુંબઈ અને પુણેમાં ટ્રાફિક સિગ્નલ પોઈન્ટ ડિસ્પ્લે અને (iii) સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે કરવામાં આવશે. એન્કર પોર્શન માટે બિડિંગ 10 મે, 2024ના રોજ ખુલશે, અન્ય તમામ કેટેગરીના સબ્સ્ક્રિપ્શન માટે 13 મે, 2024થી ઈશ્યુ ખુલશે અને 15 મે, 2024ના રોજ બંધ થશે. ઈશ્યુ માટે બુક રનિંગ લીડ મેનેજર હોરાઈઝન મેનેજમેન્ટ પ્રાઈવેટ લિમિટેડ છે. ઈશ્યુના રજીસ્ટ્રાર એમએએસ સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડ છે. વેરિટાસ એડવર્ટાઈઝિંગ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી દેબોજ્યોતિ બેનર્જીએ જણાવ્યુ, “વેરિટાસ એડવર્ટાઈઝિંગ લિમિટેડને ઉદ્યોગમાં ગણતરીની મીડિયા-માલિકી ધરાવતી માર્કેટિંગ અને એડવર્ટાઈઝિંગ એજન્સીઓમાંની એક હોવાનો ગર્વ છે. પશ્ચિમ બંગાળ, ગુવાહાટી અને શિલોંગ જેવા મુખ્ય પ્રદેશોમાં જાહેરાતના સ્થળોની માલિકી તેમજ દિલ્હી, મુંબઈ અને પુણે જેવા મોટા શહેરોમાં કામગીરી સાથે, અમે બહુવિધ પ્લેટફોર્મ પર 360- ડિગ્રી સેવાઓ પ્રદાન કરીએ છીએ. અમારી વ્યૂહાત્મક ધ્યાન કેન્દ્રિતામાં પોલીસ બૂથની જાહેરાત અને આઉટડોર હોર્ડિંગ્સનો લાભ ઉઠાવવાનો સમાવેશ થાય છે, જે તૃતીય પક્ષો પરની અમારી નિર્ભરતા ઘટાડે છે અને અમને એકીકૃત સેવાઓ પ્રદાન કરવા સક્ષમ બનાવે છે. હોરાઈઝન મેનેજમેન્ટ પ્રાઈવેટ લિમિટેડના ઓપરેશન્સના પ્રમુખ શ્રી માનવ ગોએન્કાએ જણાવ્યું, “વેરિટાસ એડવર્ટાઈઝિંગ લિમિટેડે એડવર્ટાઈઝિંગ ઈન્ડસ્ટ્રીમાં પોતાને એક મહત્વપૂર્ણ ખેલાડી તરીકે સ્થાન આપ્યું છે. વેરિટાસની ચોખ્ખી આવકનો ઉપયોગ પશ્ચિમ બંગાળ, આસામ, મહારાષ્ટ્ર અને દિલ્હી જેવા મુખ્ય બજારોમાં તેની હાજરીને વિસ્તારવા અને પોલીસ બૂથના નિર્માણ અને સ્થાપન થકી તેની જાહેરાતની જગ્યા વધારવા માટે કરવાની યોજના છે, જે વેરિટાસને જાહેરાત માટે જગ્યાનો ખર્ચ ઘટાડવામાં મદદ કરશે, વૃદ્ધિ અને નવીનતા પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા દર્શાવશે.”

## તંત્રીની કલમે...

**વિક્રમ સંવત 2080, વૈશાખ સુદ-05**

# હરિયાણામાં સંકટ

હરિયાણામાં ભાજપની સરકાર પર સંકટનાં વાદળો છવાયં છે અને તેના વિરુદ્ધ અભિયાન ચલાવી રહેલા નેતાઓની સંખ્યા અચાનક વધી ગઈ છે. જનનાયક જનતા પાર્ટી (જેજેપી)ના નેતા દુષ્યંત ચૌટાલાએ હરિયાણા સરકારને ગબડાવવા માટે કોંગ્રેસને બહારથી સમર્થન આપવા પર વિચાર કરવાની ઓફર કરી દીધી. વિપક્ષી નેતાઓની માંગ છે કે હરિયાણામાં શક્તિ પરીક્ષણ કરાવવામાં આવે. રાજ્યપાલ બંડારુ દત્તાત્રેય પાસે શક્તિ પરીક્ષણનો આદેશ આપવાની શક્તિ છે. વિપક્ષે એ પણ માંગ કરી છે કે જો સત્તારૂઢ પાર્ટી બહુમતમાં નથી, તો હરિયાણામાં તાત્કાલિક રાષ્ટ્રપતિ શાસન લગાવવામાં આવે, પરંતુ શંત આ આસાન છે? નવા દોરની ભાજપને પોતાની સરકારોના બચાવમાં સૌથી સક્ષમ માનવામાં આવે છે. પૂર્વ મુખ્યમંત્રી મનોહરલાલ ખટ્ટરની સાથે જ હાલના મુખ્યમંત્રી નાયબ સિંહ સૈની બહુમત પ્રત્યે આશ્વસ્ત દેખાય છે. મુખ્યમંત્રીએ કહ્યું કે કોઈ ખતરો નથી, તેમની પાસે સંખ્યાબળ છે અને જરૂર પડ્યે તે શક્તિ પરીક્ષણ કરવા તૈયાર છે. અસલમાં નાયબ સિંહ સૈનીને મુખ્યમંત્રી બન્યે હજુ બે મહિના વીત્યા છે અને કમ સે કમ ચાર ધારાસભ્ય તેમનો સાથ છોડી ચૂક્યા છે. જોકે તેમણે બહુમત સાબિત કર્યે બે મહિના જ વીત્યા છે અને કાયદેસર વિશેષ પરિસ્થિતિઓમાં હવે રાજ્યપાલ જ બહુમતી સાબિત કરવા માટે કહી શકે છે. એવામાં રાજ્યપાલને લખેલા પત્રનું મહત્ત્વ વધી જાય છે. બે મહિના પહેલાં બનેલી સરકારને વિપક્ષ એટલા માટે હવે અલ્પમતમાં માની રહ્યો છે, કારણ કે સરકારને સમર્થન આપનારા બે ધારાસભ્યો, એક ભાજપના અને બીજા અપક્ષે રાજીનામું આપી દીધું છે. તે ઉપરાંત ત્રણ અપક્ષ ધારાસભ્યોએ સૈની સરકારમાંથી ટેકો પાછો ખેંચી લીધો છે. રાજ્યના ૯૦ સદસ્યોના સદનમાં ભાજપના ૪૦, કોંગ્રેસના ૩૦, જનનાયક પાર્ટીના ૧૦, હરિયાણા લોકહિત પાર્ટી (એચએલપી) અને આઈએનએલડીના એક-એક અને છ અપક્ષ ધારાસભ્યો છે. ભાજપ પાસે શરૂઆતમાં ૪૧ ધારાસભ્યો હતા, પરંતુ ૨૫ મેએ થનારી લોકસભા ચૂંટણી માટે પાર્ટીના ઉમેદવાર ખટ્ટરના રાજીનામા બાદ કરનાલ સીટ ખાલી થતાં ધારાસભ્યોની સંખ્યા ઘટીને ૪૦ રહી ગઈ છે. એનાથી વિપક્ષનું મનોબળ વધ્યું છે. વાસ્તવમાં દુષ્યંત ચૌટાલા સરકાર ગબડાવવા માંગે છે, પરંતુ કોંગ્રેસ વિના સરકાર ગબડાવવી મુશ્કેલ છે. કોંગ્રેસનું ધ્યાન હાલમાં લોકસભા ચૂંટણી પર છે, તેને હરિયાણામાં સરકાર તોડવાની કોઈ ઉતાવળ નથી. હરિયાણાની તમામ ૧૦ સીટો પર ૨૫ મેએ મતદાન છે અને ત્યાર બાદ જ પ્રદેશમાં સરકાર બનાવવા-પાડવાની રાજનીતિ તેજ થશે. જોકે ભાજપ સત્તા બચાવી રાખવા મુદ્દે આશ્વસ્ત દેખાઈ રહી છે. પૂર્વ મુખ્યમંત્રી મનોહરલાલ ખટ્ટરે પણ દાવો કર્યો છે કે કોંગ્રેસ અને જેજેપીના નેતા ભાજપના સંપર્કમાં છે. ભાજપના પક્ષમાં પૂરતા આંકડા નથી દેખાતા પરંતુ તેને ભરોસો છે કે વિપક્ષમાં ગાબડાં પાડીને સરકારને બચાવી શકાય છે. એમ પણ, ચાર-પાંચ મહિના બાદ જ હરિયાણામાં વિધાનસભા ચૂંટણીઓ થવાની છે. તેનાં પરિણામો હંમેશાં ચોંકાવે છે. ૨૦૦૯ની વિધાનસભામાં ભાજપને માત્ર ૪ સીટો મળી હતી, પરંતુ આગામી ચૂંટણી ૨૦૧૪માં તેને ૪૭ સીટો મળી હતી. ૨૦૧૯ની ચૂંટણીમાં પણ ભાજપ ૪૦ સીટો સાથે સૌથી મોટો પક્ષ બની હતી અને જેજેપી સાથે મળી તેણે સરકાર બનાવી હતી. તે એવું નહીં ઈચ્છે કે હરિયાણા જેવું રાજ્ય તેના હાથમાંથી નીકળી જાય, એટલે આવનાર દિવસોમાં કુરુક્ષેત્રવાળા રાજ્યમાં રાજનીતિ તેજ રહેવાની છે.

# ધોરણ 10 નર્મદા જિલ્લાનું ઊંચું કહી શકાય એવું પરિણામ 86.54 ટકા

## રાજપીપળાની નવદુર્ગા સ્કૂલ (નોન ગ્રાન્ટેડ) એ પણ છેલ્લા પાંચ વર્ષમાં ચોથી વાર 100 ટકા પરિણામ સાથે નામના મેળવી છે

**■ ગત વર્ષ કરતા 31.05 ટકાનો વધારો, નર્મદા જિલ્લામાંA1 ગ્રેડમાં 70 વિદ્યાર્થીઓ આવ્યાં**

ભરત શાહ | રાજપીપળા



આજ રોજ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ નું ધોરણ ૧૦નું માર્ચ ૨૦૨૪ ની બોર્ડની પરીક્ષાનું પરિણામ જાહેર થયું હતું. જેમાં ધોરણ 10 નર્મદા જિલ્લાનું ઊંચું કહી શકાય એવું પરિણામ 86.54 ટકા આવ્યું હતું. જેમાં 5988 વિદ્યાર્થીઓ પૈકી 5181 વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા હતા. નર્મદા જિલ્લામાં પ્રથમ 99.93 પીઆર સાથે જય અંબે સ્કૂલ નો વિદ્યાર્થી માછી કબીર રાકેશભાઈ પ્રથમ આવ્યો હતો.

નર્મદા જિલ્લામાં ગત વર્ષ કરતાં આ વર્ષે પરિણામમાં 31.05 ટકાનો વધારો નોંધાયો હતો. ગત વર્ષે જિલ્લાનું પરિણામ 55.40% આવ્યું હતું.જેમાં નર્મદા જિલ્લા માં A1 ગ્રેડમાં 70 વિદ્યાર્થીઓ આવ્યાં હતા,જયારે સો ટકા પરિણામ વાળી નર્મદા જિલ્લામાં 25 શાળાઓ આવી હતી જેમાં જય અંબે ગ્રુપ ઓફ સ્કૂલ 100%પરિણામ સાથે મેદાન મારી ગઈ હતી.જોકે મળતી માહિતી મુજબ રાજપીપળા ની નવદુર્ગા સ્કૂલ (નોન ગ્રાન્ટેડ) એ પણ છેલ્લા પાંચ વર્ષ માં ચોથી વાર ૧૦૦ ટકા પરિણામ સાથે નામના મેળવી છે.

નર્મદા જિલ્લા 16 કેન્દ્ર પૈકી સૌથી વધુ પરિણામ પ્રતાપ નગર કેન્દ્રનું 96.95% અને સૌથી ઓછું પરિણામ ડેડીયાપાડા કેન્દ્રનું પરિણામ 62.17 ટકા આવ્યું હતું જયારે અન્ય કેન્દ્રનું પરિણામ જોતા રાજપીપલા કેન્દ્રનું પરિણામ 86.63%, તિલકવાડનું 87.17%, સાગબારાનું 86.78%, કેવડિયાનું 86.61%, નિવાલદાનું 96.60%, પ્રતાપનગર 96.95%, સેલંબા 88.84%, મોઝદાનું 89.89%, ગરુડેશ્વર નું 90.81%, જુના મોઝદાનું 95.58%, ઉમરવાનું 91.30%, ઉતાવળીનું 82.65%, વાડવાનું 94.44%, બોરિયા નું 93.07%, ટીમ્બાપાડા કેન્દ્રનું પરિણામ 91.45%આવ્યું હતું.

જોકે ધોરણ 12નાં પરિણામની જેમ નર્મદા જિલ્લામાં ટોપ ટેનમાં પણ ફરી એક વાર જય અંબે ગ્રુપ ઓફસ્કૂલ રાજપીપળા મેદાન મારી ગઈ હતી.ટોપ ટેનમાં જય અંબે સ્કૂલના નવ વિદ્યાર્થીઓ આવ્યા હતા. જેમાં નર્મદા જીલ્લા માં પ્રથમ દસ માંથી જય અંબે ગ્રુપ ઓફ સ્કુલ્સ રાજપીપલા ના નવ વિદ્યાર્થીઓએ સ્થાન મેળવી જીલ્લાનું અને શાળાનું નામ રોશન કર્યું હતું.

નર્મદા જીલ્લામાં પ્રથમ નંબર માછી કબીર રાકેશભાઈ 600 માંથી 583 ગુણ મેળવી 99.93 PR સાથે જિલ્લા માં પ્રથમ આવ્યો હતો. કબીરે પોતાની સફળતાનો શ્રેય માતા પિતા અને સ્કૂલના શિક્ષકોને આપ્યો હતો.

# ધારી શહેરમાં બજરંગ ગ્રુપ દ્વારા સ્મશાનમાં ખુલ્લી છાપરી બનાવવા માટે માગણી કરતા ધારાસભ્ય જે.વી. કાકડિયાએ

અશોક મણવર | અમરેલી



અમરેલીના ધારી શહેરમાં આવેલ સ્મશાન વર્ષો પહેલા અત્યંત જર્જરીત હોય ત્યારે બજરંગ ગ્રુપના દ્વારા 1995 માં ધારી અને હરીપરા ગામમાં સતત ત્રણ મહિના સુધી ઘરે ઘરે ફરી 8 લાખ જેવો લોક ફાળો એકત્રિત કરેલ તેમજ મુંબઈના દાતાશ્રીઓ તરફથી રુપિયા 1,50,000 નું દાન આવેલ અને ધારી ગ્રામ પંચાયત દ્વારા 1લાખ રુપિયા મંજૂર કરવામાં આવેલ તેમાંથી ધારી શહેરમા સ્મશાનનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો પ્રાર્થના હોલ સ્મશાન છાપરી અને કમ્પાઉન્ડ હોલ બનાવવામાં આવે છે ત્યારે આ કાર્યમાં ધારી શહેર માંથી દરેક હિન્દુ મુસ્લિમ ઘર દીઠ ફૂલ નહીં તો ફૂલની પાંખડી અનુદાન આપવામાં આવ્યુ છે.

ત્યાર બાદ હાલમાં ખુલ્લી છાપરી બનાવવા માટે ગ્રાન્ટની માગણી કરતા ધારી વિધાનસભાના ધારાસભ્ય જે વી કાકડીયા કેતનભાઇ સોની ,લાલજીભાઈ સુખડિયા સહિત અન્ય આગેવાનો દ્વારા ગ્રાન્ટ મંજૂર કરતા છાપરીનું કાર્ય શરૂ કરવામાં આવેલ અને સ્મશાનના આગળ દિવાલ મંજૂર કરાવી આ જગ્યા પર ફૂલ ઝાડ રોપી આગળ બાંકડા નાખવામાં આવશે અને તેની સામેની સાઈડમાં વાહન પાર્કિંગ માટે વ્યવસ્થિત મેદાન બનાવવામાં આવશે ત્યારે સ્મશાન છાપરી બનાવવા માટે ધારાસભ્ય જે વી કાકડીયા ગ્રાન્ટ ફાળવવા બદલ બજરંગ ગ્રુપ આભાર માન્યો

# ભાગીને પ્રેમ લગ્ન કરનાર દીકરી મળી આવતા પિતાએ આપી ધમકી, મહિલા હેલ્પલાઇન મદદરૂપ બન્યું

**■ મહિલાએ દોઢ વર્ષ પહેલાં પ્રેમસંબંધ હતા એ વ્યક્તિ સાથે ભાગી ને કોર્ટ મેરેજ કરી લીધેલ અને હાલ નવ મહિના નું બાળક છે**

ભરત શાહ | રાજપીપળા




નર્મદા જિલ્લાના ગરુડેશ્વર તાલુકામાંથી એક મહિલા નો મહિલા હેલ્પલાઈન પર કોલ આવતા જણાવેલ કે તેમણે પ્રેમલગ્ન કરેલ જેથી તેમના મમ્મી પપ્પા તેમની સાથે સંબંધ રાખતા નથી. અને આજ રોજ અમને જોયા તો ઝગડો કરવા આવેલ અને મારી નાંખવાની ધમકીઓ આપતા હતા. જેથી અભ્યામ ટીમ સ્થળ પર પહોંચીને બન્ને પક્ષો ને સમજાવી. ને સમાધાન કરાવ્યું હતું.

મળતી માહિતી અનુસાર મહિલા એ જણાવ્યું કે દોઢ વર્ષ પહેલાં તેમણે પ્રેમસંબંધ હતા એ વ્યક્તિ સાથે ભાગી ને કોર્ટ મેરેજ કરી લીધેલ અને હાલ નવ મહિના નું બાળક છે. મજૂરી કામ માટે તેઓ કાઠિયાવાડ રહેતા હતા. દોઢ મહિના થી સાસરી માં રહેવા આવ્યા છે. આ વાત ની જાણ મહિલા ના પિતા ને થતા તેઓ તેમની સરારી માં ઝગડો કરવા માટે આવ્યા હતા અને મારઝૂડ કરતા હતા. અમારા મરજી વિરુદ્ધ તે પ્રેમ લગ્ન કર્યા છે.અમારા ગામ માં તમને રહેવા ના દઇશું. તે અમારી આબરૂ જવડાવી છે. અહી દેખાતા નહિ, નહિતર બન્ને ને મારી નાખીશું ભલે અમારે જેલ ભેગા થવું પડે. અને રહેવું હોય તો તારું બાળક મોટું થાય પછી એને આજ ગામ માં લગ્ન કરવા આ લખાણ આપશે તોજ રહેવા દઈશું, જેવી ધમકીઓ આપી હેરાનગતિ કરતા માટે અભયમ ની મદદ લીધેલ. ત્યારબાદ સામાપક્ષ નું કાઉંસેલિંગ કરતા તેઓ એ જણાવતા કે અમારા ગામ માં આ પહેલી વ્યક્તિ છે જેણે ભાગી ને ગામ ના જ વ્યક્તિ સાથે લગ્ન કર્યા અને અમારી આબરૂ બગાડી દોઢ વર્ષ પછી આજે એનું મોઢું જોયું છે તો મને ગુસ્સો આવ્યો માટે ઝગડો થયો. અત્યાર સુધી તેઓ જ્યાં રહેતા હસે ત્યાજ આખી જિંદગી રહેશે.

અમારા ગામ માં એમને ના રહેવા દઈશુ.. ત્યારબાદ અભયમ ટીમે બન્ને પક્ષો નું કાઉંસેલિંગ કર્યું, કાયદાકિય માહિતી સલાહ સૂચનો આપી સમજાવ્યા અને ગામ માં રહેવા દેશે તેમજ ગુસ્સો નહી કરી સારી રીતે અપનાવી લે તેવી સમજ પાડતા આખરે કોઈપણ રીતે હેરાનગતિ નહી કરે તે મુજબ તેઓ સહમત થતા લખાણ લઈ બન્ને પક્ષો વચ્ચે સમાધાન કરાવેલ.

# કેમ ગાળો બોલો છો, કહી દંપતીએ મહિલા પર હુમલો કરી મારી નાંખવાની ધમકી આપતા ફરિયાદ




ભરત શાહ | રાજપીપળા

નર્મદા જિલ્લાના તિલકવાડા તાલુકા ના વરવાડા ગામમાં નજીવી બાબતે ઝગડો થતા દંપતી એ એક મહિલા ને માર મારી ધમકી આપતા ગુનો દાખલ થયો છે. મળતી માહિતી અનુસાર રમિલાબેન પ્રવીણભાઇ ભુરાભાઇ બારીયા ઉ.વ.૫૦,રહે.વરવાડા તા.તિલકવાડા જી.નર્મદા નાઓ એ આપેલી ફરિયાદ મુજબ તેઓ પોતાના ઘરના આંગણામાં તુવર સુકવતા હતા તે વખતે ગોપાલભાઈ ભુરાભાઈ બારીયા ને કહ્યું કે ખેતરમા ઢોરોને ખવડાવવા માટે ઘાસ વાવેલ છે તે ખોદી નાખજો તેમ કહેતા હતા તે વખતે તેમના ઘરની બાજુમા રહેતા (૧) પુષ્પાબેન મહેશભાઇ રમણભાઇ બારીયા તથા (૨) મહેશ ભાઇ રમણભાઇ બારીયા બન્ને રહે. વરવાડા નાઓ ત્યાં દોડી આવેલા અને કહેવા લાગેલ કે અમોને કેમ ગાળો બોલો છો તેમ કહેતા રમીલાબેન એ જણાવેલ કે હુ તમોને ગાળો બોલતી નથી તેમ કહેતા પુષ્પાબેન ત્યાં દોડી આવેલા અને રમીલાબેન ને પકડી ઢીક્કા પાટુનો માર મારવા લાગેલ ત્યારબાદ તેનુ ઉપરાણુ લઈને મહેશભાઈ હાથમા લાકડી લઈ આવી ડાબા પગના જાંગના ભાગે બે ત્રણ સપાટા મારી તેમજ શરીરે મુંઢ માર મારવા લાગેલ તે વખતે રમીલાબેન બુમાબુમ કરતા આ બંને જણ મા બેન સમાણી ગાળો બોલી જતા જતા કહેતા હતા કે આજે તો તુ બચી ગઈ છે, બીજી વાર લાગ મા અવશે તો તને જાનથી મારી નાખીશુ તેવી જાનથી મારી નાખવાની ધમકી આપતા આપી તેમના ઘર તરફ જતા રહ્યા, તિલકવાડા પોલીસે દંપતી વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# રાજપીપળાના કેટલાક વિસ્તારોમાં પીવાનું પાણી નહિ આવતા મહિલાઓ રજૂઆત કરવા પાલિકા પર પહોંચી



ભરત શાહ | રાજપીપળા

રાજપીપળા માં આવેલ મચ્છી માર્કેટ,આદિવાસી વાડી અને નિઝામસા દરગાહ પાછળ ના વિસ્તારમાં પાણીની સમસ્યા બાબતે સ્થાનિક મહિલાઓ પાલિકા પર પહોંચી હતી પરંતુ ત્યાં ગયા બાદ ખબર પડી કે આજે બીજો શનિવાર છે માટે કચેરી બંધ છે.જેથી મહિલાઓ નિરાશ થઈ હતી.

રાજપીપળા માં આવેલા મચ્છી માર્કેટ,આદિવાસી વાડી અને નિઝામસા દરગાહ પાછળ ના વિસ્તારો માં ઘણા સમયથી પાણીની ગંભીર સમસ્યા જોવા મળી છે, હાલમાં ઉનાળા ની લું લાગતી ગરમી પડે છે ત્યારે પાણી એક જરૂરી પ્રવાહી કહી શકાય પરંતુ પાલિકા દ્વારા આપતા પાણી ની ભર ઉનાળા માં જ કટોકટી સર્જાતા સ્થાનિક મહિલાઓ હેરાન પરેશાન થઈ રહ્યા છે જેથી આજે શનિવારે તેઓ નગરપાલિકામાં રજૂઆત કરવા માટે પહોંચ્યા હતા ત્યારે ત્યાં રજા હોવાથી કોઈ પણ ના મળતા મહિલાઓ એ પોતાનો રોષ પાલિકા સત્તાધીશો પર ઠાલવ્યો હતો.અને પાલિકા તંત્ર કુંભકર્ણ ની નિંદ્રા માંથી જાગી પાણી સહિત ની જીવન જરૂરિયાતની સુવિધા યોગ્ય રીતે આપે તેમ જણાવ્યું હતું.

# નાનીસિંગલોટી ગામ પાસે ટ્રેલર રિવર્સ ગયું, ચાલક કૂદી પડ્યો ત્યારે ટ્રેલર કોતરમાં પલ્ટી જતાં નુકશાન



ભરત શાહ | રાજપીપળા

નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તાલુકાના નાનીસિંગલોટી ગામ પાસે એક ટ્રેલર અચાનક જ રિવર્સ જતા ચાલક ટ્રેલર માંથી કૂદી પડ્યો ત્યારબાદ ડ્રાઈવર વિનાનું આ ટ્રેલર નજીક ના કોતર માં પલ્ટી મારી ગયું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર અશોકકુમાર રામપ્યારેલાલ પાલ રહે.દીલીપ ચાંદપુર ભીંટીતા. હાંડીયા જી.પ્રયાગરાજ (ઉત્તરપ્રદેશ) હાલ રહે.સચીન અસ્લમપુર સોસાયટી તા. જી.સુરત એ પોલીસ માં જાણ કર્યા મુજબ તેઓ ટ્રેલર ગાડી નંબર-GJ-39-T-2862 મા સોલર પેનલ ડિસ ભરીને પાટવલી ખાતે ગોડાઉનમા પહોંચાડવા માટે જતા હતા તે વખતે નાનીસિંગલોટી ગામ પાસે આવેલ ટેકરા પાસે રોડ ઉપર પોતાના કબ્જામાંનુ ટ્રેલર અચાનક રીવર્સ માં આવતા ટ્રેલર ગાડી કાબુમા ન રહેતા તેઓ ટ્રેલર ગાડી માંથી સ્ટેરીંગ છોડીને નીચે રોડ ઉપર કુદી પડેલ અને તેઓને કોઇ ઈજા થયેલ નથી અને ટ્રેલર ગાડી નજીક ના કોતરમા પલટી ખાઇ જતા ટ્રેલર ગાડીને તેમજ ટ્રેલર ગાડીમા ભરેલ સોલર પેનલ ડિસને નુકશાન થયું હતું. ડેડીયાપાડા પોલીસે ફરિયાદ લઈ તપાસ હાથ ધરી છે.

# રાજપીપળા કાળિયાભૂત મંદિર પાસે તરબૂચ વેચતા દંપતી પર ફોર વ્હીલ ગાડી ચઢાવી દેતા બંનેનું મોત

ભરત શાહ | રાજપીપળા



રાજપીપળા કાળિયાભૂત મામાં ના મંદિર નજીક તંબુ બાંધી રોડ ની બાજુમાં તરબૂચ વેચતા દેવીપૂજક પરિવાર ના દંપતી રાત્રે મંડપ પાસે સુતા હતા એ સમયે આજે વહેલી સવારે કોઈ અજાણી ગાડી ના ચાલકે દંપતી પર ગાડી ચઢાવી દેતા બંને નું મોત થયું છે.

મળતી માહિતી મુજબ રાજપીપળા ટેકરા ફળિયા, પ્રાથમિક શાળા નજીક માં રહેતા નગીનભાઈ કાલિદાસ દેવીપૂજક(ઉ.વ.૪૭) અને તેમના પત્ની જશીબેન નગીન ભાઈ દેવીપૂજક (ઉ.વ.૪૩) નાઓ આખો દિવસ તરબૂચ વેચી જમી પરવારી ત્યાં તરબૂચ વેચવા બાંધેલા તંબુ પાસે સૂઈ ગયા બાદ શનિવારે વહેલી સવારે કોઈ અજાણી ગાડી ના ચાલકે દંપતી પર ગાડી ચઢાવી દેતા બંને નું ઘટના સ્થળે મોત નિપજતાં પરિવારજનો ઘટના સ્થળે કલ્પાંત કરતા નજરે પડ્યા હતા,એક સાથે માતા પિતા ની છત્રછાયા ગુમાવી દેતા પરિવાર માં માતમ છવાયું હતું. ઘટના ની જાણ થતાં રાજપીપળા પોલીસ મથક ના પીએસઆઈ કે.એન.તાવિયાડ ઘટના સ્થળે પહોંચી અકસ્માત કરનાર ગાડી બાબતે તપાસ શરૂ કરી હતી. અને બંને મૃતદેહો ને પી.એમ.માટે મોકલ્યા હતા.

ઉલ્લેખનીય છે કે આ ઘટન બની ત્યાજ બાજુમાં આદર્શ નિવાસી શાળા આવેલી છે અને તરબૂચ ના તંબુ પાસે જ અન્ય ખાણી પીણી ની બીજી લારીઓ આવેલી હોય ત્યાં દિવસે શાળા ના બાળકો ની બહુ ભીડ રહે છે માટે ક્યારેક ધોળા દિવસે પણ આવી ઘટના બની શકે છે.

# ગડૉદ ગામમાં આંબલી ના ઝાડ પરથી પટકાયેલા યુવાનનું સારવાર દરમિયાન મોત

ભરત શાહ | રાજપીપળા



નર્મદા જિલ્લાના ગરુડેશ્વર તાલુકાના ગડૉદ ગામમાં આંબલી માં ઝાડ ઉપર આંબલી તોડવા ચઢેલા યુવાનનું ઝાડ પરથી નીચે પડતાં મોત નિપજ્યું હતું. મળતી માહિતી અનુસાર મરનાર સંજયભાઈ ભુદરભાઈ તડવી ઉ.વ.૩૭ રહે.ગડોદ તા.ગરૂડેશ્વર જી.નર્મદા નાઓ તા.૦૯/૦૫/૨૦૨૪ ના રોજ ગડોદ,કબીર પાસે આવેલા આંબલીના ઝાડ પરથી પડી જતા પ્રાથમિક સારવાર ગરૂડેશ્વર સરકારી દવાખાનામા કરાવી વધુ સારવાર માટે એસ.એસ.જી.હોસ્પીટલ વડોદરા ખાતે દાખલ કરેલ ત્યાં સારવાર દરમિયાન બીજા દિવસે તેમનું મોત થયા ગરુડેશ્વર પોલીસે અકસ્માત મોત દાખલ કરી છે.

# આમલેથા પોલીસ સ્ટેશનમાંથી નિવૃત્ત ASIની લાંચના ગુનામાં ધરપકડ બાદ શરતી જામીન મળ્યા

## ટ્રક રોકી ટ્રક છોડવાના અને હપ્તાના 13 હજાર માંગતા એ.સી.બી.માં ફરિયાદ થઇ હતી

ભરત શાહ | રાજપીપળા



નર્મદા જિલ્લાના આમલેથા પોલીસ સ્ટેશનમાં અગાઉ ફરજ બજાવતા એએસઆઈ ચન્દ્રકાંત શાંતારામ મોરે (ઉ.વ.64 ) એ તા.28 જૂન 2017 ના રોજ રાજપીપળા બાયપાસ રોડ પર એક ટ્રક રોકી અને ડ્રાઇવર બિપીન મનોહર વિશ્વકર્માના મોબાઈલ પરથી સાંજે ટ્રકના માલિક જયેશ કાળુભાઈ ચલાલીયા સાથે વાત કરી,એએસઆઈ ચન્દ્રકાંત મોરેએ જયેશભાઈ પાસે ગાડી છોડવા માટે 5 હજારની માંગણી કરી હતી.અને ટ્રકના એક મહિનાના બે હજાર પૈકી ચાર મહિનાના 8 હજાર ના હપ્તા મળી કુલ 13 હજારની માંગણી કરી હતી. જેથી લાંચની માંગણી અંગે જયેશભાઈ દ્વારા એસીબીમાં ફરિયાદ કરવામાં આવી હતી.જોકે ત્યારબાદ ચંદ્રકાંત મોરે નિવૃત્ત પણ થઈ ગયા હતા, એસીબી દ્વારા રજૂ કરાયેલા પુરાવા અને ફોરેન્સીક તપાસ બાદ ગુનો નોંધવાની મંજૂરી મળતાં એસીબી દ્વારા ચન્દ્રકાંત મોરે સામે ભ્રષ્ટાચાર અધિનિયમ હેઠળ ગુનો દાખલ કરી તેની ધરપકડ કરવામાં આવી હતી.

ત્યારબાદ શાંતારામ મોરે તરફે એડવોકેટ બંકિમ પરીખ દ્વારા જણાવાયું કે શાંતારામ મોરે સામે આક્ષેપ મુજબના ગુનાઓ નોંધાયેલ છે. પરંતુ તેમણે કોઈ ગુનો કરેલ નથી. પોલીસે ખોટી રીતે ધરપકડ કરી છે. તેઓ સીધી કે આડકતરી રીતે આ ગુનામાં સંડોવાયેલ નથી. રજૂ કરેલા પેપર્સ જોતા તેમના વિરૂધ્ધ કોઈ ગુનો બનતો નથી.આ ટ્રક ઓવરલોડ રેતી, કપચી ભરેલી હોઈ તેને રોકી કાયદેસરની કાર્યવાહી કરવાનું આક્ષેપીત કહેતા હોઈ ખોટી રીતે હેરાન કરવા સારૂ ખોટી ફરીયાદ કરેલી છે. કોઈ લાંચની રકમની માંગણી કરેલી નથી કે સ્વીકારેલી નથી કે તેમની પાસેથી કોઈ રકમ રીકવર થયેલી નથી. શાંતારામ મોરે નો કોઈ ગુનાહીત ભૂતકાળ નથી.તેઓ નિવૃત્ત સરકારી કર્મચારી અને નાસી- ભાગી જાય તેવા નથી તેમજ ટ્રાયલ વખતે તેઓ કોર્ટમાં નિયમિત રીતે હાજર રહેશે. કોર્ટ જે શરતો ફરમાવશે તેનું પાલન કરશે તેવી હકીકતો જણાવતા કોર્ટે કેટલીક શરતો ને આધીન જામીન ઉપર તેમને મુકત કરવા હુકમ કર્યો છે.

# ચાણસ્માના કંબોઈ નજીક નર્મદા કેનાલ તટે બિરાજ માન .. ગોરૈયા વિરદાદા

નિતીન કાકર ચાણસ્મા

ચાણસ્માથી ૧૨ કિલોમિટરના અંતરે રામગઢ અને કંબોઈના મધ્યમાં નર્મદની મુખ્ય કેનાલ પાસે ૧૮ વર્ણ નું આસ્થા અને અડગ શ્રદ્ધાનું કેન્દ્ર એવા ગોરૈયા વિર મહારાજનું મંદિર આવેલું છે..આ મંદિરનું પૌરાણિક મહત્મ્ય ખુબ જ છે.

લોકવાયકા પ્રમાણે 200થી ૨૫૦ વર્ષે પહેલા કંબોઈ ગામનો (રાવલ)બ્રાહમણ પરીવાર કચ્છમાં કોઈ કામ અર્થે ગયો હતો જે પરત ફરતાં બ્રાહ્મણ પરિવાર સાથે ગર્ભીણી મહિલા હોવાથી તેમની રક્ષા કાજે ગોરૈયા વિર સાથે આવ્યા હતા અને બ્રાહ્મણ પરિવારને કહ્યું હતું કે તમે પાછળ જોતા નહી નહીતર હું ત્યાં જ સ્થાન લઈ લઈશ આમ આ બ્રાહ્મણ કંબોઈ નજીક આવતાં અને હાલના ગોરૈયા વિરની પુજા કરતા પુજારીના વડવાઓ પાછળ જોતાં ત્યાં સ્થાન લઈ લીધું હતું ત્યારથી બ્રાહ્મણ પરીવારના વડવાઓ ચાર ઈંટોની ડેરી બનાવી ગોરૈયા વીર મહારાજ ની શ્રદ્ધા અને આસ્થાથી ભક્તિ કરતા હતા ત્યાર પછી તે સમયે રેલવે નજીકથી પસાર થતી હોવાથી અનેક શ્રદ્ધાળુઓનું આ દાદાના મંદિરે આવનજાવન રહેતું તેમજ વણીક પરીવારની મનોકામના પુરી થતાં કચ્છ અમદાવાદ સુરત વાપી સહિત ગુજરાત ભરમાંથી વણીકો પણ દાદાના પારે શીશ ટેકવવા આવવા લાગ્યા

બીજી એક એવી લોકવાયકા છે કે જે કોઈ ગર્ભિણી મહિલા અહીંથી પસાર થાય તો તેને ગોરૈયા વિરદાદાને સવા પાંચશેરની સુખડી નો નૈવેદ કરવો પડે અને ગોરૈયા વિરદાદાના મંદિર નજીક અભર (ગર્ભિણી) ધોડી પસાર થાય તો તે ઠાણ (વિયાર) થયા બાદ સુખડીનો નૈવેદ કરવાની પરંપરા છે અને કંબોઈ આજૂબાજૂના ૨૭ ગામો જેવાકે કંબોઈ રામગઢ ઘરમોડા ચંદુમાણા .ગામના ૧૮ વર્ણના લોકો પોતાનું પ્રથમ સંતાન પુત્રી કે પુત્ર હોય તો તેનો ગોરૈયો કરવાની પરંપરા આજેય એક બંધ જળવાઈ રહી હોવાનું સામાજિક કાર્યકર એવમૂ મહિલા મમતા દેસાઈએ જણાવ્યું હતું

હાલમાં ગોરૈયા વિરદાદાની પુજા અર્ચના હિતેશકુમાર રાવલ કરે છે. બહારથી આવતા યાત્રીકો માટે ધર્મશાળાનું નિર્માણ કરાયું હોવાનું અને વૈશાખ સુદી ૧૫ ના દિવસે ગોરૈયા વિર મહારાજનો પાટોત્સવની ઉજવણી કરી નવી ધજારોહણ. કરવામાં આવતું હોવાનું પુજારી હિતેશભાઈ રાવલે જણાવ્યું હતું



# HAPPY MOTHER'S day

માતાનો પ્રેમ નિસ્વાર્થતાની અંતિમ અભિવ્યક્તિ છે

માતા જવાબદારી લેતાં કદી ડરતી નથી, તે કોઈપણ પડકારનો સામનો કરે છે. વિશ્વની તમામ માતાને મધર્સ ડેની શુભેચ્છાઓ.

# મધર્સ ડે ક્યારે છે?

## કેવી રીતે થઈ મધર્સ ડે ની શરૂઆત? જાણો તેનો ઈતિહાસ અને મહત્વ

Mothers Day વિશ્વભરમાં માતા અને બાળકનો સૌથી પવિત્ર સંબંધ માનવામાં આવે છે. આમ તો માતાને યાદ કરવાનો કોઈ દિવસ નથી. પરંતુ, વિશ્વભરની માતાઓની યાદમાં એક ખાસ દિવસ રાખવામાં આવ્યો છે. જેથી આ દિવસે તેમને વિશેષ રૂપે યાદ કરી શકાય. મા અને બાળકના સંબંધો દુનિયાનો સૌથી સુંદર અને અણમોલ સંબંધ માનવામાં આવે છે. 9 મહિના સુધી ગર્ભમાં રાખવા અને પ્રસવ પીડા સહન કર્યા પછી જ્યારે બાળકનો જન્મ થાય છે તો તે હર ક્ષણ મા માટે ખુશનુમા હોય છે. મા માટે કોઈપણ શબ્દ, લેખ કે ઉપાધિ ઓછી પડશે. તેના પ્રેમ અને સમર્પણની કીમત આખુ જીવન સમર્પિત કરીને પણ ચુકવી શકાતી નથી. આ વખતે માતૃદિન એટલે કે મધર્સ ડે 12 મે એટલે કે રવિવારે ઉજવવામાં આવશે. જાણો આ દિવસનો ઈતિહાસ શું છે અને તે માત્ર રવિવારના દિવસે જ કેમ ઉજવવામાં આવે છે.

## મધર્સ ડે ઈતિહાસ

ચાલો તમને જણાવી દઈએ કે આ દિવસની શરૂઆત અમેરિકાથી થઈ હતી. આ પરંપરા શરૂ કરવાનો શ્રેય અમેરિકાના અન્ના એમ. જાર્વિસને જાય છે. તે 9 મે 1914 ના રોજ શરૂ કરાઈ હતી. એવું કહેવામાં આવે છે કે અમેરિકન કાર્યકર આના જાર્વિસ તેમની માતાને ખૂબ પ્રેમ કરે છે. જેના કારણે તેમણે ક્યારેય લગ્ન પણ કર્યા નહોતા અને તેમને કોઈ બાળકો પણ નથી . માતાના અવસાન પછી, તેમણે તેમના પ્રેમને વ્યક્ત કરવા માટે આ દિવસની ઉજવણી કરવાનું શરૂ કર્યું જેના પછી અમેરિકન રાષ્ટ્રપતિ વુડરો વિલ્સન 9 મે 1914 ના રોજ તેને એક કાયદા તરીકે પસાર કર્યો. આ કાયદામાં લખ્યું છે કે મેના બીજા રવિવારે મધર્સ ડે ઉજવવામાં આવશે. ત્યારથી, તે સમગ્ર વિશ્વમાં વ્યાપકપણે ઉજવવામાં આવે છે.

## આ વિશેષ દિવસની ઉજવણી કેવી રીતે કરવી


તેમનું સન્માન કરવા માટે આ વર્ષ ખાસ દિવસ છે. સ્ત્રીઓને કરુણાનું પ્રતીક તરીકે માનવામાં આવે છે, તેમનું મૂલ્ય હોઈ શકતું નથી, તે હંમેશાં માતા, પત્ની, બહેન, મિત્ર, કાકી, દાદી, દાદી અને અન્ય સ્વરૂપોમાં આપણા ઘરોમાં સેવા આપે છે. આ સિવાય તેઓ કોરોનાનીના આ વિનાશથી બચાવવા પણ તૈયાર છે. નર્સ, ડોકટરો, પોલીસકર્મીઓ, સૈન્ય કર્મચારીઓ, સફાઈ કામદારો અને અન્ય લોકો વિવિધ સ્વરૂપોમાં દેશની સેવા કરી રહી છે. જે દેશને સાથે લઈને તેના કરુણામય ક્ષેત્રમાં માતાનું સ્વરૂપ છે. આવી સ્થિતિમાં, કોરોના અને લોકડાઉન વચ્ચે, આપણે માતાને મધર્સ ડે પર વિશેષ લાગે તે માટે પ્રયાસ કરવો જોઈએ. આમ તો દરેક સંબંધની પોતાની એક જુદી ઓળખ હોય છે મહત્વ, પરંતુ માતા-બાળકોનો સંબંધ વિશ્વમાં સૌથી અલગ અને કિંમતી છે. માતાને પૃથ્વી પર ભગવાનનું સ્વરૂપ કહેવામાં આવે છે. મોટાભાગે મા શબ્દ સાંભળતા જ સાંભળીને પ્રથમ આપણા મનમાં પ્રેમ અને સમર્પણ યાદ આવી જાય છે. છે. મધર્સ ડેની ઉજવણી મા-બાળકના સંબંધને રિસ્પેક્ટ કરવા ઉજવવામાં આવે છે. મે ના બીજા રવિવારે દુનિયાભરમાં મધર્સ ડે ઉજવાય છે.




## મા માટે આજે થોડોક સમય કાઢો

- મે માતાને કંઈ નથી આપી શકતા. માતાએ જ જન્મ અને જીવન આપ્યું છે. કંઈ નહિ તો મા માટે થોડોક સમય તો કાઢો. કામકાજના સ્થળેથી વહેલા ઘરે આવી જાવો અથવા તો એક દિવસ માટે રજા લઈ લો. વાતો કરો. જુના આલબમ દેખીને બાળપણની યાદોને તાજી કરો. સાચું માનજો, માને ખૂબ જ સારું લાગશે.
- જ્યારે લાગણીશીલ ક્ષણોમાં માની સાથે હોવ ત્યારે મોબાઈલ બંધ કરી દો
- થિયેટરમાં તેમની પસંદગીની ફિલ્મ લાગી હોય તો તે દેખવા લઈ જાવ અથવા ઘરમાં જ તેમની પસંદની ફિલ્મની સીડી-ડીવીડી લાવીને જુઓ.
- તેમને ગીતો સાંભળવાનો શોખ હોય તો તેમની પસંદગીનાં ગીતોનું કલેક્શન ખરીદીને લાવો.
- યાદ કરો, જ્યારે તમે નાના હતા ત્યારે મા તમને કઈ-કઈ જગ્યાએ ફરવા લઈ જતી હતી. બગીચો, મંદિર વગેરે.. વગેરે.. આજે તેમને પણ ત્યાં લઈ જાવ.

## રામાયણ કાળની કેટલીક એવી માતાઓ જેના માતૃત્વનુ આજે પણ આપે છે ઉદાહરણ



**મા કૌશલ્યા :** મા કૌશલ્યા ભગવાન શ્રીરામની માતા હતી. માતા કૌશલ્યા ખૂબ ધાર્મિક અને તેના પતિ પ્રત્યે સમર્પિત હતી. તેમણે મર્યાદા પુરુષોત્તમ શ્રી રામને જન્મ આપીને બલિદાન અને માતૃત્વનું ઉદાહરણ સ્થાપિત કર્યું. માતા કૌશલ્યા જ્યારે તેમના પુત્ર ભગવાન શ્રી રામ વનવાસમાં ગયા ત્યારે તેમણે ત્યાગ નો પરિચય આપ્યો. તેણે તેના પુત્ર પ્રત્યેનો પ્રેમ છોડી દીધો અને તેના રાજ્ય અને સુખ -સુવિધાનો ત્યાગ કર્યો. માતા કૌશલ્યા ખૂબ જ હિંમતવાન સ્ત્રી હતી. તેમના પુત્ર ભગવાન શ્રી રામના વનવાસ પછી તેમને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો, પરંતુ તેમણે ક્યારેય હાર ન માની.



**માતા સીતા :** માતા સીતા રામાયણની મહાન નાયિકાઓ અને મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રી રામની પત્ની માતૃત્વનું અદભૂત ઉદાહરણ છે. સીતાજી માતાનું પ્રતિક છે. તેણીએ લવ-કુશ નામના બે પુત્રોને જન્મ આપ્યો અને ખૂબ જ પ્રેમ અને સ્નેહથી તેમનું પાલન-પોષણ કર્યું.



**માતા કૈકયી :** રામાયણમાં માતા કૈકયીની ભૂમિકા ખૂબ મહત્વપૂર્ણ હતી. માતાએ ભરતને રાજ સિંહાસન પર બેઠાવવા માટે ભગવાન શ્રી રામને 14 વર્ષ માટે વનવાસમાં મોકલવામાં આવ્યા હતા. પરંતુ બાદમાં માતાને પણ પસ્તાવો કર્યું શ્રી રામ વનવાસમાં ગયા પછી તે દિવસ-રાત તેમને યાદ કરીને રડતી હતી.

**મા સુમિત્રા :** મા સુમિત્રા રામાયણની એક મહાન પાત્ર છે. જે તેમની માતૃત્વ ભાવના, બલિદાન અને ધૈર્ય માટે યાદ કરવામાં આવે છે. શ્રી રામના વનવાસ દરમિયાન તેમણે અપાર પીડા અનુભવી હતી. લક્ષ્મણ તેમના ભાઈ રામ પ્રત્યેના અતૂટ પ્રેમ અને ભક્તિને કારણે તેમને વનવાસ જવું પડ્યું. શત્રુઘ્નને પણ ભાઈ ભરત સાથે વનવાસ જવું પડ્યું. આ બધું હોવા છતાં, માતા સુમિત્રા હકારાત્મક રહી અને બાળકોને હંમેશા પ્રેરણા આપતા રહ્યા.

# અફસાના કુછ નહિ લીખ શકતે, રાખ હૈ સબ કુછ જીત નહિ પાવોંગે....

ધ્રુવ ની સતત અગિયારમી બુક 'ડેથ વોરંટ' ની સફળતા ને લીધે ઘરમાં બધા ખૂબ ખુશખુશાલ હતા ખાસ કરીને પપ્પા ની ખુશીઓને આંકવી મુશ્કેલ હતી.પપ્પા એ દીકરા ની સફળતા ની ખુશીમાં પાર્ટી રાખી હતી.ફેમસ ટીવી પત્રકાર નિષાદ એ ધ્રુવ નું ઈન્ટરવ્યૂ લીધું ને પૂછ્યું કે ધ્રુવની આત્મ હત્યા નું સત્ય શું હતું છે? આત્મ હત્યા કરતી વખતે છેલ્લો વિચાર શું આવ્યો હતો? ધ્રુવ એ સ્માઈલ આપી ને કહ્યું કે આ વિશે વિચારું છું ને ત્યારે થાય છે કે દુનિયાનો સૌથી પાગલ માણસ હતો..ના પાગલ ને તો મગજ નથી હોતું એટલે ભૂલ કરે સ્વભાવિક છે.ધ્રુવ નું સત્ય એ સમજુ પાગલ માણસ નું વધારે છે. ગણિત માં નાપાસ થતાં અમૂલ્ય જીવન ને હરરાજી માં મૂકતાં મિનિટ નો પણ વિચાર નહતો કર્યો..સહેજ સ્માઈલ કરતા કહ્યું કે અમુક ઘટનાઓ આપણા થી થવી એમાં માણસ જવાબદાર નથી હોતો એ નબળી ક્ષણો માં ઘટનાઓ થઈ જતી હોય છે.દોસ્ત, મારી એ આત્મ હત્યા ની ઘટના ભૂતકાળ બની ગઈ છે વર્તમાન માં ફેમસ અંગ્રેજી લેખક ધ્રુવ સત્ય છું એટલું સમજો કે ધ્રુવ ને એ હાર જીત કે દુઃખ તકલીફ માં સત્ય ની સાથે જીવતા શીખવાનું છે.એંકર એ ધ્રુવ ની વાત માં સહમત થતા કહ્યું કર કે આપની પ્રત્યેક બુક પાછળ દોસ્ત અનુપમ નો ઋણી લાખો છો.આપની લાઈફ માં અનુપમ નું શું સ્થાન છે? ધ્રુવ છત તરફ સામે જોતા ધીમેથી બોલ્યો કે એ મળ્યો ને લાઈફ બદલાઈ ગઈ હતી.

ટીવી ઈન્ટરવ્યુ બાદ બેડ રૂમમાં મોબાઈલ પર અનુપમ ના ફોટા ને નિહાળતા બોલ્યો કે નિસ્વાર્થ પ્રેમ માં સતત સાથ આપવા બદલ ધન્યવાદ.પપ્પા એ લેપટોપ આપતા કહેલું કે બેટા,સમય પસાર કરવાનું બેસ્ટ સાધન છે દીદી એ વિડિયો ગેમ્સ,એપ્સ,સોશ્યલ નેટવર્ક સાઈટ વગેરે બધું અપલોડ લેપટોપ માં કરી આપ્યું છે લે આનંદ થી સમય પસાર કર. પહેલી વખત સોશિયલ મીડિયા માં તું મળિયો ત્યારે સમજાવ્યું હતું કે લેપટોપ વિડિયો ગેમ્સ રમવાનું સાધન નથી.આ સાધન થી ધ્રુવ ના સત્ય ઉજાગર કર.તુ તારા વિચારો થી લાખો યુવક યુવતીઓ સુધી શકીશ.બેસ્ટ લક ધ્રુવ મને ખબર છે કે તું તારા વિશે ખૂબ સરસ લખી શકીશ...

પપ્પા એ બેડ રૂમ માં વિચારો મા ખોવાયેલા ધ્રુવ ના ખંભે હાથ મૂકતાં પૂછ્યું શું વિચારી રહ્યો છે? અનુપમ વિશે વિચારે છે એ પણ તારી દીદી સાથે સાંજ સુધી માં પોહચી જશે. બેટા,થોડીવાર શાંતિથી આરામ કર સાંજે પાર્ટી મા જવાનું છે થાકી જઈશ. ધ્રુવ પપ્પા નો હાથ પકડી ને બોલ્યો કે પપ્પા,ભગવાન એ અનુપમ જેવો દોસ્ત આપીને મારા પર ખૂબ મોટો ઉપકાર કર્યો છે.મને fb પર અનુપમ મળ્યો ને એણે મને સમજાવ્યું કે એને આંખ નથી છતાં એ ઉંચે ઉડવા ની ઈચ્છા રાખે છે.કમી તો મન ની હોય છે પરંતુ ઈચ્છાઓ મન ને પણ ધાર્યું કરવા મજબૂર કરે છે મન મક્કમ રાખીશ તો ધાર્યું મળશે.જો ધ્રુવ તું માનીશ કે તારા શરીરમાં ખોડખાંપણ છે તો એ જીંદગીભર રહશે. પરંતુ બુદ્ધિ અને વિચારવાની ક્ષમતા ક્યાં અપંગ હોય છે,માટે આખો દિવસ તને જે ગમે તે,જેવું પણ લખતાં આવડે છે એવું બસ લખ્યા જ અનુપમે એક્સિડન્ટ માં બન્ને આખો ગુમાવી દીધી હતી. છતાં એ આજ સારો ગાયક અને સંગીતકાર છે એ એમની રચનાઓ ખુદ લખે છે ને કમપોઝ કરે છે.અનુપમ એ મને સમજાવ્યું હ માનીશ કે તારા શરીરમાં ખોડખાંપણ છે.પપ્પા બોલ્યાં કે બેટા,અનુપમ ની વાત તારા મનમાં ઉતરી ગઈ ને તે લેખક બનવાના પહેલા સોપન પર પગ મૂક્યો હતો.



ધ્રુવ સત્ય

- રુપાલી દવે


પપ્પા એ ધ્રુવ ને કહ્યું કે કેતકી મુંબઈ થી બન્ને બાળકો ને લઈને હમણાં આવી પોહચાશે.એ આવશે એટલે ઘર ભર્યું ભર્યું લાગશે.બાં ના મૃત્યુ બાદ ઘરમાં મહેમાન ની આવન જવન ઓછી થઈ ગઈ છે.કેતકી બાળકો ના વેકેશન માં દર વર્ષે અમદાવાદ આવે ત્યારે ઘર ભર્યું ભર્યું હોય છે. પરંતુ આ વખતે તો ઘરમાં પપ્પા, ધ્રુવ અને મમ્મી હશે.પરંતુ વિભુ અને વૈભવ હવે બાળક નથી રહિયા,બન્ને ઘણા મોટા થઈ ગયા છે.હવે એમને કંપની ની ખાસ જરૂર નથી પડતી કેમકે બન્ને આગળ મોબાઈલ છે એટલે આખો દિવસ એમાં જ વ્યસ્ત રહે છે.વૈભવ માટે તો મામુ મળી ગયા એટલે બધું મળી ગયું.એતો આખો દિવસ મામાની સાથે એના રૂમમાં આખો દિવસ રહે છે. પપ્પા તો ફેક્ટરી એ સવારના જાય તો રાત્રે જ ઘરે આવે છે. વિભુ ને નિરાલીના ભાઈ ની છોકરી નૂપુર ની સાથે મિત્રતા છે.જ્યારે જ્યારે વિભુ અમદાવાદ આવે ત્યારે નૂપુર પણ બેગ પેક કરી ધ્રુવમામા નાં ઘરે આવી જાય છે.કેતકી ના આવવા થી ઘરમાં પછી પહેલા જેવી રોનક આવી ગઈ.

ધ્રુવ બોલ્યો કે પપ્પા,ખૂબ મજા પડશે. દીદી પણ અનુપમ સાથે લગ્ન કર્યા બાદ ઘણા દિવસો બાદ આવવની છે. પપ્પા એ નારાજ થઈ ને કીધું હા!બેટા,અનુપમ ની સુંદરતા,સંગીત માં નેહા મોહી પડી ને એને સામેથી પ્રાપોઝ કરી એની સાથે કોર્ટ મેરેજ કર્યા બાદ મને જણાવ્યું કે એણે અનુપમ સાથે લગ્ન કરી નાખ્યાં છે. ભલે એ આજ નેહા અને અનુપમ તારી સફળતા સેલિબ્રેટ કરવા આવતા પણ હું નેહા ને ક્યારેય માફ જ કરવાનો નથી.લગ્ન બાદ નેહા એ મુંબઈ બદલી કરાવી નાખી તોય મને નહતું કીધું. ધ્રુવ એ પપ્પા ની સામુ જોઈને કહ્યું કે પ્લીઝ,પપ્પા મારા ખાતર.. પ્લીઝ દીદી ને માફ કરી દેજો..રાતની ધ્રુવ ના જીવનની સફળતાની પાર્ટી પૂરી થઈ જતાં નેહા અને અનુપમ રાત્રે જ મુંબઈ જવા નીકળી ગયા. નેહા ને રજા ની સમસ્યા હતી એટલે નીકળી જવું પડે એમ હતું.. નેહા અને અનુપમ ના ગયા બાદ ધ્રુવ ઉદાસ થઈ ગયો.નેહાદીદી એ એનું ધ્યાન રાખવામાં એકપણ કચાશ રાખી નથી.દીદી એ શું નથી કર્યું ઘર માટે છતાંય પપ્પા એ દીદી અને અનુપમને માફ ના કર્યા..કેમ?.પપ્પા!ધ્રુવ નો વિચાર કરીને પણ માફ કરી દીધા હોત.ધ્રુવ વ્હિલચર માં બેડ રૂમ ની બાલ્કની માં આવીને વાદળાંઓ વચ્ચે ના પૂનમ ના તેજસ્વી ચાંદ તરફ નજર કરતા દુઃખી થતા બોલ્યો કે 'અફસાના કુછ નહિ લીખ શકતે,રાખ હૈ સબ કુછ જીત નહિ પાવોંગે કભી રાખ સે તુમ..'

# કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં ભારત પર્વનો નજારો દેખાડવામાં આવશે

77માં કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં ભારત પર્વનો નજારો જોવા મળશે. વિશ્વભરના દિગ્દર્શકો, કલાકારો, નિર્માતાઓ અને લોકોને ભારત પર્વની ઝલક બતાવવામાં આવશે. કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ 14 થી 25 મે સુધી ચાલશે. આ સિવાય આ વખતનો કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ બીજી રીતે પણ ખાસ બનવાનો છે.

**IFFI ટ્રેલર પણ રીવિલ થશે; 30 વર્ષ બાદ ભારતીય ફિલ્મને પણ એન્ટ્રી**



(એજન્સી) મુંબઇ | ફિલ્મ નિર્માતા પાયલ કાપડિયાની ફિલ્મ 'ઓલ વી ઈમેજિન એઝ લાઈટ' 2024 કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ માટે પસંદ કરવામાં આવી છે. છેલ્લા 30 વર્ષ પછી કાન્સના આ સેક્શનમાં પહોંચનારી આ પ્રથમ ભારતીય ફિલ્મ હશે. મૃણાલ સેનની ફિલ્મ 'ખારીજ' 1983માં કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં બતાવવામાં આવી હતી. આ સિવાય 55માં ઈન્ડિયા ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ (IFFI)નું ટ્રેલર પણ આ વખતે કાન્સમાં બતાવવામાં આવશે. તેનું ટ્રેલર ભારત પર્વ ઈવેન્ટ દરમિયાન જાહેર કરવામાં આવશે. આ વખતે IFFI 20 થી 28 નવેમ્બર દરમિયાન ગોવામાં યોજવામાં આવશે. પ્રથમ કાન્સ ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ 1 થી 20 સપ્ટેમ્બર 1939 દરમિયાન યોજાયો હતો. તેનો હેતુ વિવિધ પ્રકારની ફિલ્મો અને સિનેમેટોગ્રાફીનો પ્રચાર કરવાનો હતો. કાન્સ ફિલ્મ ફેસ્ટિવલની શરૂઆતની વાર્તા ખૂબ જ રસપ્રદ છે.
તે 1939 માં જર્મન સરમુખત્યાર હિટલરની મનસ્વીતા સામે શરૂ થયું હતું. આ તે સમયગાળો હતો જ્યારે વિશ્વમાં માત્ર એક જ વેનિસ ફિલ્મ ફેસ્ટિવલ ચાલતો હતો, જેમાં ઈટાલીનો સરમુખત્યાર મુસોલિની અને જર્મનીના સરમુખત્યાર એડોલ્ફ હિટલર એકબીજા સાથે ચર્ચા કરીને ફિલ્મોને એવોર્ડ આપતા હતા. ફિલ્મમાં એક્ટિંગ, મેકિંગ અને આર્ટ જેવી બાબતોનું ધ્યાન રાખવામાં આવ્યું નથી. આ મનમાની સામે ફ્રાન્સના કાન્સ શહેરમાં 1939માં 'કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ'ની શરૂઆત કરવામાં આવી હતી. તેની શરૂઆત ખડકાળ હતી, પરંતુ હવે તે વિશ્વના સૌથી પ્રતિષ્ઠિત ફિલ્મ ફેસ્ટિવલમાંથી એક છે.

### શ્રેયસ તલપડેને 14 ડિસેમ્બર 2023ના રોજ હાર્ટએટેક આવ્યો હતો

# મને હાર્ટએટેક આવ્યો ત્યારે અક્ષયકુમાર સતત મારા પરિવારના સંપર્કમાં હતા : શ્રેયસ

(એજન્સી) મુંબઇ | શ્રેયસ તલપડેએ કહ્યું કે જ્યારે તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો ત્યારે ઈન્ડસ્ટ્રીના ત્રણ લોકો તેમના સંપર્કમાં હતા. શ્રોયસે કહ્યું કે અક્ષયકુમાર, રોહિત શેટ્ટી અને નિર્દેશક અહેમદ તેમના પરિવારના સભ્યોનો સતત સંપર્ક કરી રહ્યા હતા. શ્રોયસે અહીં મુખ્યત્વે અક્ષયનો ઉલ્લેખ કર્યો છે. શ્રોયસે કહ્યું કે અક્ષયકુમાર હંમેશા સ્ક્રીન સ્પેસના સંદર્ભમાં પરફેક્ટ બનવા માગતો હતો. અક્ષય સ્ક્રીન પર હંમેશા બેસ્ટ પર્ફોર્મન્સ આપવા માગે છે. તે સેટ પર ખૂબ જ પ્રોફેશનલ રહે છે, જો કે, જ્યારે મિત્રતાની વાત આવે છે, ત્યારે તેને કોઈ ટક્કર આપી શકે નહીં. તેઓ હંમેશા તેમના મિત્રોને ખુશ રાખવાનો પ્રયાસ કરે છે. અત્રે ઉલ્લેખનનીય છે કે, 14 ડિસેમ્બર, 2023ના રોજ શ્રોયસને અચાનક હાર્ટએટેક આવ્યો હતો. તે સમયે તે 'વેલકમ ટુ ધ જંગલ' ફિલ્મનું શૂટિંગ કરી રહ્યો હતો. શ્રોયસ તલપડેએ સિદ્ધાર્થ કાનન સાથે વાત કરતાં કહ્યું કે 'જ્યારે હું મારી બીમારી સામે ઝઝૂમી રહ્યો હતો ત્યારે રોહિત (રોહિત શેટ્ટી) હંમેશા મારી પત્ની દીપ્તિને ફોન કરતો હતો. તે હંમેશા મારા સ્વાસ્થ્ય અને જરૂરિયાતો વિશે પૂછતો રહેતો. આ બધી વસ્તુઓ છે જેના કારણે સંબંધો બને છે. આ સિવાય અક્ષયકુમાર અને અહેમદ ખાન પણ રોજ ફોન કરતા હતા.
તે બંને મને મળવા હોસ્પિટલ પણ આવ્યા હતા. શ્રોયસે અક્ષયકુમાર વિશે આગળ કહ્યું 'જો આપણે સ્ક્રીન પર સ્પર્ધાની વાત કરીએ તો અક્ષય ભાઈ હંમેશા આગળ હોય છે. તેઓ શ્રેષ્ટ રહેવા માગે છે, જોકે સ્ક્રીનની બહાર તેઓના ઘણા સારા મિત્રો છે. તે હંમેશા તેમના મિત્રોને ખુશ રાખવાનો પ્રયત્ન કરે છે. શ્રોયસ તલપડેને 14 ડિસેમ્બર 2023ના રોજ હાર્ટ એટેક આવ્યો હતો. જે બાદ તરત જ તેની એન્જિયોપ્લાસ્ટી કરવામાં આવી હતી. તેમની તબિયતમાં સુધારો થતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. શ્રોયસના મુશ્કેલ સમયમાં ઈન્ડસ્ટ્રીના લોકો સાથે ઊભા હતા.



# શું તમે અર્પિતાથી અલગ થઇ રહ્યા છો...?

### સલમાનના બનેવીએ કહ્યું, 'સવાલ સાંભળીને હું આશ્ચર્યચકિત થઈ ગયો, ઘરે જઈને પત્નીને કહ્યું તો હસીને લોટ-પોટ થઈ ગયા'

(એજન્સી) મુંબઇ | એક્ટર આયુષ શર્માએ 2014માં સલમાન ખાનની બહેન અર્પિતા ખાન સાથે લગ્ન કર્યા હતા. જો કે, છેલ્લા 10 વર્ષોમાં એવી ઘણી અફવાઓ છે કે અર્પિતા અને આયુષ છૂટાછેડા લેવાના છે. હાલમાં જ એક ઈન્ટરવ્યૂમાં આયુષે તે સમયને યાદ કર્યો જ્યારે એક પાપારાઝીએ તેમને અર્પિતા સાથે છૂટાછેડા વિશે પૂછ્યું હતું.
ન્યૂઝ 18ને આપેલા ઈન્ટરવ્યૂમાં તેમણે જણાવ્યું કે તે તેના પુત્ર સાથે ઢોસા ખાવા માટે બહાર ગયો હતો. ત્યારે એક પાપારાઝી આવ્યો અને પૂછ્યું કે શું તે અર્પિતાને છૂટાછેડા આપવા જઈ રહ્યો છે. પહેલાં તો આયુષ આ સવાલ સાંભળીને આશ્ચર્યચકિત થઈ ગયો હતો પરંતુ બાદમાં આ ઘટનાને યાદ કરીને તે તેની પત્ની સાથે ખૂબ હસ્યો હતો. તેમણે કહ્યું- જ્યારે હું ઘરે ગયો ત્યારે મેં અર્પિતાને પૂછ્યું કે શું તે મને છૂટાછેડા આપી રહી છે. આ પછી મેં તેને આખી ઘટના જણાવી અને અમે બંને હસવા લાગ્યા.
આયુષે વધુમાં કહ્યું કે અર્પિતા તેની ફિલ્મો પર યોગ્ય રિવ્યૂ આપે છે. તે માત્ર સારા કન્ટેન્ટની જ પ્રસંશા કરે છે. તેણે કહ્યું- તે ખૂબ જ ઈમાનદાર છે. અર્પિતા નિષ્પક્ષતાથી ફિલ્મો જુએ છે. એવું ઘણી વખત બન્યું છે કે અર્પિતાને મારી ફિલ્મો પસંદ નથી આવી અને તે રિલીઝ પહેલાં કેટલાક સીન ટાવવાનું કહે છે.
આયુષે વધુમાં કહ્યું કે તેની અને અર્પિતાની ફિલ્મોની પસંદગી અલગ છે. જ્યારે તેને માસ ફિલ્મો ગમે છે, અર્પિતાને મોટે ભાગે તે ફિલ્મો ગમે છે જે વાસ્તવિકતા પર આધારિત હોય છે.
આયુષે 18 નવેમ્બર 2014ના રોજ સલમાન ખાનની બહેન અર્પિતા ખાન સાથે લગ્ન કર્યા હતા. આ લગ્નથી તેમને એક પુત્ર અને એક પુત્રી છે. તેના વર્ક ફ્રન્ટ વિશે વાત કરીએ તો, તે છેલ્લે ગયા મહિનાની 26 તારીખે રિલીઝ થયેલી ફિલ્મ 'રુસલાન'માં જોવા મળ્યો હતો.



# સુનિલ શેટ્ટીની વેબ સીરિઝમાં પૂજા ભટ્ટની પણ એન્ટ્રી...




મુંબઇ | પૂજા ભટ્ટ સુનિલ શેટ્ટી સાથે એક એક્શન સીરિઝમાં દેખાવાની છે. બંને ૨૭ વર્ષ પછી કોઈ પ્રોજેક્ટમાં સાથે આવી રહ્યાં છે. પૂજા ભટ્ટ અને સુનિલ શેટ્ટી ૨૭ વર્ષ પહેલાં આવેલી જે.પી. દત્તાની 'બોર્ડર' ફિલ્મના સહકલાકારો હતાં. પૂજા ભટ્ટે પોતે જ આ સીરિઝનો પોતાનો ફર્સ્ટ લૂક પ્રગટ કર્યો હતો. તેમાં તે ગોલ્ડન બોર્ડર વાળી બ્લેક સાડીમાં દેખાય છે. પૂજાના જણાવ્યા અનુસાર તે એક સક્ષમ મહિલાનો રોલ ભજવી રહી છે. પૂજા એ આ જાહેરાત કર્યા પછી સુનિલ શેટ્ટીએ પણ પોતે પૂજા સાથે કોલબરેશન માટે તત્પર હોવાનું જણાવ્યું હતું. જોકે આ વેબ સીરીઝની વાર્તા અને તેના અને સુનિલ શેટ્ટીના રોલ વિશે કોઇ માહિતી આપવામાં આવી નથી. પરંતુ માનવામાં આવે છે કે આ એક એક્શન વેબ સીરિઝ હશે.

# રણબીરની રામાયણ કોપીરાઈટના વિવાદમાં ફસાઇ

### છૂટા પડેલા નિર્માતા દ્વારા જાહેર નોટિસ : પેમેન્ટ બાકી હોવાથી હજુ ફિલ્મ નિર્માણના હક્કો ટ્રાન્સફર થયા નહિ હોવાની ચેતવણી

(એજન્સી) મુંબઇ | રણબીર કપૂર અને સાઈ પલ્લવીની 'રામાયણ' ફિલ્મનું શૂટિંગ શરુ થઈ ચૂક્યું છે. પરંતુ, હવે આ ફિલ્મ કોપીરાઈટના વિવાદમાં ફસાઈ ગઈ છે. આ પ્રોજેક્ટ છોડી ચૂકેલા નિર્માતા મધુ મન્ટેનાએ જાહેર નોટિસ સાથે ચેતવણી આપી છે કે હજુ પેમેન્ટ બાકી હોવાથી ફિલ્મના હક્કો પોતાની પાસે જ છે અને તે ટ્રાન્સફર કરાયા નથી. આ ફિલ્મનાં બજેટ બાબતે વિવાદ થતાં મધુ મન્ટેનાએ આ પ્રોજેક્ટ છોડી દીધો હતો. તે પછી નમિત મલ્હોત્રા તથા પ્રાઈમ ફોક્સ સહિતના નિર્માતાઓ આ પ્રોજેક્ટને આગળ વધારી રહ્યા છે. 'કેજીએફ' સીરીઝનો સ્ટાર યશ પણ આ પ્રોજેક્ટમાં સહ નિર્માતા હોવાનું કહેવાય છે. મધુ મન્ટેનાએ નોટિસ આપતાં હ્યું છે કે રામાયણની સ્ક્રિપ્ટ તથા અન્ય મટિરિયલ સંબંધમાં પ્રાઈણ ફોક્સ સાથે એક કરાર થયો હતો. પરંતુ આ કરાર અનુસારનું પેમેન્ટ હજુ થયું નથી. બોલીવૂડ વર્તુળોમાં ચર્ચા અનુસાર હવે સહ નિર્માતા તરીકે યશ આ વિવાદનો નિવેડો લાવશે તેવી આશા છે. રણબીર તથા સાઈ પલ્લવી , સની દેઓલ સહિતના કલાકારો પણ જાહેર થઈ ચૂક્ય છે .આ સંજોગોમાં હવે આ પ્રોજેક્ટમાથી પાછી પાની કરાય તેમ નથી.



# 'મિસ્ટર એન્ડ મિસિસ માહી' ફિલ્મ માટે જહાન્વી કપૂરે અઢી વર્ષ ક્રિકેટની ટ્રેનિંગ લીધી



(એજન્સી) મુંબઇ | જહાન્વી કપૂરની આગામી ફિલ્મ 'મિસ્ટર એન્ડ મિસિસ માહી' ક્રિકેટની પૃષ્ઠભૂમિ પર આધારિત છે. ફિલ્મમાં જહાન્વીનું પાત્ર ક્રિકેટર બનવાની સફર પર નીકળે છે, જે રાજકુમાર રાવે તેના પતિના રોલમાં પૂર્ણ કરે છે. જહાન્વી કપૂરે આ ફિલ્મ માટે અઢી વર્ષ ક્રિકેટની ટ્રેનિંગ લીધી છે, આ માટે તેણે 2021થી જ ટ્રેનિંગ શરૂ કરી દીધી હતી. આ દરમિયાન તેના ખભામાં બે વાર ઈજા પણ થઈ હતી. ઈજા છતાં જહાન્વી કપૂરે શૂટિંગ ચાલુ રાખ્યું હતું. દરમિયાન, કોવિડની ત્રીજી વેવ, ચોમાસું અને કલાકારોની તારીખોના મુદ્દાને કારણે, ફિલ્મનું શૂટિંગ એક વર્ષ સુધી જુદા જુદા મહિનામાં ચાલુ અને બંધ રહ્યું. આ ફિલ્મ ભલે સ્પોર્ટ્સ બેકડ્રોપમાં હોય પરંતુ તેમાં ફેમિલી ડ્રામા પણ જોવા મળશે. સૂત્રોએ જણાવ્યું ફિલ્મનું ટ્રેલર ટૂંક સમયમાં રિલીઝ થશે. આમાં રાજકુમારના પાત્રનું નામ મહેન્દ્ર અને જહાન્વીના પાત્રનું નામ મહિમા છે. ક્રિકેટ જગતના બે પ્રખ્યાત લોકોએ જહાન્વીને ટ્રેનિંગ આપી છે. ફિઝિયોથેરાપિસ્ટ પણ હંમેશા સેટ પર તેની સાથે હતા. પાસેથી તાલીમ લીધી હતી. આ સિવાય દિગ્દર્શક શરણ પોતે પણ ક્રિકેટપ્રેમી છે. તેની પાસે ક્રિકેટ જગતની દરેક નાની-મોટી માહિતી હોય છે. આવી સ્થિતિમાં, તેના ઈનપુટ્સ અને આંતરસૂઝ શૂટિંગમાં ખૂબ ઉપયોગી થયા હતા.

# સલમાન ક્યારે પણ લગ્ન નહીં કરે

### મિથુને રમુજી અંદાજમાં કહ્યું, 'હું ગેરંટીથી કહું છે કે તે છોકરીઓને ઉલ્લુ જ બનાવે છે'

(એજન્સી) મુંબઇ | મિથુન ચક્રવર્તીનું કહેવું છે કે સલમાન ખાન ક્યારેય લગ્ન નહીં કરે. તેમના મતે સલમાન ઘણો તોફાની છે. તેઓ માત્ર છોકરીઓને ઉલ્લુ બનાવે છે. તે જ સમયે છોકરીઓ પણ તેના વ્યક્તિત્વથી મોહિત થઈ જાય છે અને લગ્નના સપના જોવા લાગે છે.
મિથુન દાએ એ પણ જણાવ્યું કે સલમાન તેને ખૂબ પ્રેમ કરે છે. શૂટિંગ દરમિયાન સલમાન રાત્રે પણ તેને એકલો નથી છોડતો, મસ્તી કરતો રહે છે.
જ્યારે ટીવી રિયાલિટી શો સારેગામપાના હોસ્ટ આદિત્ય નારાયણે મિથુનને પૂછ્યું કે જેકી શ્રોફ, સલમાન ખાન, સંજય દત્ત અને અક્ષય કુમારમાંથી કોણ તેને સૌથી વધુ પરેશાન કરે છે, ત્યારે મિથુન ચક્રવર્તીએ કટાક્ષ કર્યો, 'સલમાન ખાન'.
આ પછી તેમણે કહ્યું કેવી રીતે. તેણે કહ્યું, 'આ કંઈક વધારે જ છે. તેમને મારા માટે ઘણો પ્રેમ છે, જો અમે બંને સાથે હોઈએ તો તે એક મિનિટ પણ શાંત રહી શકતો નથી. તે મને શોધતો રહે છે, જો હું સૂતો હોઉં તો તે મને જગાડે છે. અમે સેન્ટ પીટર્સબર્ગમાં શૂટિંગ કરી રહ્યા હતા. હું રાત્રે 2 વાગ્યાની આસપાસ સૂતો હતો. મેં મારા રૂમને અંદરથી બંધ કરી દીધો હતો, તે કેવી રીતે દરવાજો ખોલીને અંદર આવ્યો, મને હજી ખબર નથી.
મિથુન દાએ આગળ કહ્યું, 'તે અંદર આવ્યો, તે પછી અંદર શું થયું તે હું તમને કહીશ નહીં, પરંતુ જ્યારે મેં મારી આંખ ખોલી ત્યારે તે મારી સામે ઊભો હતો અને હસતો હતો. મેં તેમને કહ્યું- તમે શું માણસ છો! આ ખૂબ તોફાની છે. આ પછી મિથુન દાએ કહ્યું, 'સલમાન ક્યારેય લગ્ન નહીં કરે પરંતુ દરેકને ડોઝ આપતા રહે છે (તે છોકરીઓને મૂર્ખ બનાવે છે). તે જ સમયે છોકરીઓ વિચારે છે કે આવો હેન્ડસમ સુપરસ્ટાર છે અને તે તેમની સાથે લગ્ન કરશે. પણ આ ભાઈ એવું નહીં કરે, હું ખાતરી આપું છું કે તે નહીં કરે. સલમાનના વર્ક ફ્રન્ટની વાત કરીએ તો તે છેલ્લે કેટરીના કૈફ સાથે ફિલ્મ 'ટાઈગર 3'માં જોવા મળ્યો હતો. આગામી સમયમાં તે આવતા વર્ષે રિલીઝ થનારી ફિલ્મ 'સિકંદર'માં જોવા મળશે.





# સરફરોશ ફિલ્મનું સ્પેશિયલ સ્ક્રીનિંગ યોજાયું

### આમિરે કહ્યું, 'લાગી નથી રહ્યું કે 25 વર્ષ પુરા થઈ ગયા છે, સોનાલી બેન્દ્રે અને નસીરુદ્દીન શાહ પણ પહોંચ્યા'


(એજન્સી) મુંબઇ | આમિર ખાનની 1999માં આવેલી ફિલ્મ 'સરફરોશ' રિલીઝ થયાને 25 વર્ષ થઈ ગયા છે. 25 વર્ષ પૂરા થવા પર ગઈ કાલે એટલે કે શુક્રવારે રાત્રે મુંબઈમાં તેની સ્પેશિયલ સ્ક્રીનિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. ફિલ્મની લગભગ આખી સ્ટારકાસ્ટ અહીં પહોંચી હતી.
આમિર ખાને પણ હાજરી આપી હતી. આ દરમિયાન આમિરે કહ્યું - મને નથી લાગતું કે ફિલ્મે 25 વર્ષ પૂરા કર્યા છે, આ ફિલ્મ સાથે જોડાયેલી યાદો હજુ પણ મારા મગજમાં તાજી છે. ફિલ્મની એક્ટ્રેસ સોનાલી બેન્દ્રે અને વિલનની ભૂમિકા ભજવનારએક્ટર નસીરુદ્દીન શાહ પણ જોવા મળ્યા હતા. 1999માં રિલીઝ થયેલી 'સરફરોશ' તે વર્ષની છઠ્ઠી સૌથી વધુ કમાણી કરનાર ફિલ્મ હતી. માત્ર 8 કરોડ રૂપિયામાં બનેલી આ ફિલ્મે બોક્સ ઓફિસ પર 33 કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો હતો. આ ફિલ્મમાં આમિર ઉપરાંત નસીરુદ્દીન શાહ, સોનાલી બેન્દ્રે, મુકેશ ઋષિ અને નવાઝુદ્દીન સિદ્દીકી જેવા કલાકારો પણ જોવા મળ્યા હતા.








# નીરજ ચોપરાએ દોહા ડાયમંડ લીગમાં સિલ્વર મેડલ જીત્યો




**નીરજ ચોપરાએ દોહા ડાયમંડ લીગમાં સિલ્વર મેડલ જીત્યો છે. તે પોતાના ટાઇટલનો બચાવ કરી શક્યો ન હતો. તેણે 6 રાઉન્ડ પછી 88.36 મીટરનો બેસ્ટ થ્રો ફેંક્યો, જે તેના છેલ્લા પ્રયાસમાં આવ્યો. ચેક રિપબ્લિકનો યાકુબ વાદલેચ પ્રથમ નંબરે રહ્યો, તેણે ત્રીજા એટેમ્પટમાં 88.38 મીટરનો બેસ્ટ થ્રો ફેંક્યો હતો. દોહા ડાયમંડ લીગ કતારની સ્પોર્ટ્સ ક્લબમાં યોજાઈ, નીરજે દોહાથી જ તેની સીઝનની શરૂઆત કરી. તેણે ગઈ સિઝનમાં દોહામાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. ભારતના અન્ય જેવલિન થ્રોઅર કિશોર જેના 10 એથ્લેટ્સમાં 9મા સ્થાને રહ્યો. તેણે ત્રીજા પ્રયાસમાં 76.31 મીટરનો બેસ્ટ થ્રો ફેંક્યો હતો. નીરજનો પહેલો થ્રો ફાઉલ રહ્યો હતો નીરજ ચોપરાનો પહેલો થ્રો ફાઉલ રહ્યો હતો. તેણે બીજા એટેમ્પ્ટમાં 84.93 મીટર, ત્રીજા એટેમ્પ્ટમાં 86.24 મીટર, ચોથા એટેમ્પ્ટમાં 86.18 મીટર, પાંચમા એટેમ્પ્ટમાં 82.28 મીટર અને છેલ્લા એટેમ્પ્ટમાં 88.36 મીટર લોન્ગ થ્રો ફેંક્યો હતો. ગોલ્ડ મેડલ વિજેતા યાકુબના પાંચમા અને છઠ્ઠો એટેમ્પ્ટ ફાઉલ રહ્યો હતો. તેણે પ્રથમ એટેમ્પ્ટમાં 85.87 મીટર, બીજા એટેમ્પ્ટમાં 86.93 મીટર, ત્રીજા એટેમ્પ્ટમાં 88.38 મીટર અને ચોથા પ્રયાસમાં 84.04 મીટરનો લાંબો થ્રો ફેંક્યો હતો. તેણે ત્રીજા એટેમ્પ્ટમાં સર્વશ્રેષ્ઠ થ્રો ફેંક્યો જે નીરજના બેસ્ટ થ્રો કરતાં વધુ સારો સાબિત થયો.**

**પીટર્સ એન્ડરસન ત્રીજા સ્થાને રહ્યો :** ગ્રેનાડાના પીટર્સ એન્ડરસન ત્રીજા, ફિનલેન્ડના હેલેન્ડર ઓલિવર ચોથા અને મોલ્ડોવાના મારડેયર એન્ડ્રીયન પાંચમા ક્રમે રહ્યો હતો. એન્ડરસનનો બેસ્ટ થ્રો 86.62 મીટર, ઓલિવરનો 83.99 અને એન્ડ્રીયનનો 81.33 મીટર રહ્યો હતો. જેના માત્ર 3 જ એટેમ્પ્ટ બાદ રેસમાંથી બહાર થયો ારતીય કિશોરી જેના 3 એટેમ્પ્ટ પછી માત્ર 9માં સ્થાને રહી શક્યો, જેના કારણે તેને છેલ્લા 3 એટેમ્પ્ટ મળી શક્યા નહીં. જેનાએ પ્રથમ એટેમ્પ્ટમાં 75.72 મીટર અને ત્રીજા એટેમ્પ્ટમાં 76.31 મીટરનો થ્રો ફેંક્યો હતો. તેનો બીજો એટેમ્પ્ટ ફાઉલ રહ્યો હતો. અમેરિકાના થોમ્પસન કર્ટિસ 10માં નંબરે રહ્યો હતા.

**દોહા ડાયમંડ લીગ 2023માં નીરજે ગોલ્ડ જીત્યો હતો :** નીરજે તેની 2023 સીઝનની શરૂઆત પણ દોહામાં કરી હતી. ગયા વર્ષે આ જ ઈવેન્ટમાં ચોપરાએ 88.67 મીટરના અંતર સાથે ગોલ્ડ જીત્યો હતો. તેમજ, ચેક રિપબ્લિકના યાકુબ વાદલેચ બીજા સ્થાને હતા. તેણે માત્ર 0.04 મીટરથી ટોપ સ્થાન ગુમાવ્યું હતું. જો કે, વાદલેચે 2023માં યુજીનમાં યોજાયેલી ફાઈનલમાં નીરજને હરાવીને ડાયમંડ લીગનો તાજ જીત્યો હતો. આ વખતે વાદલેચે દોહામાં પણ નીરજને હરાવ્યો હતો. નીરજ ચોપરાએ 2023 દોહા ડાયમંડ લીગમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. નીરજે કહ્યું હતું- હું 90 મીટર પર કંઈ કહીશ નહીં પ્રેસ કોન્ફરન્સમાં 90 મીટર થ્રો વિશે વાત કરતાં નીરજ ચોપરાએ કહ્યું કે, ગયા વર્ષે મેં કહ્યું હતું કે હું 90 ફેંકીશ. આ વર્ષે, હું કહેવા માંગતો નથી, હું બતાવવા માંગુ છું. નીરજે વધુમાં કહ્યું કે, લોકો મને આ સવાલ 2018થી પૂછી રહ્યા છે.

**ડાયમંડ લીગ શું છે? :** ડાયમંડ લીગ એ એથ્લેટિક્સ (ટ્રેક અને ફિલ્ડ) ની ટુર્નામેન્ટ છે, જેમાં 16 એથ્લેટિક્સ ઈવેન્ટ્સ (મેન્સ અને વિમેન્સ) નો સમાવેશ થાય છે. દર વર્ષે વિશ્વના વિવિધ શહેરોમાં તેનું આયોજન કરવામાં આવે છે. ડાયમંડ લીગ એથ્લેટિક્સ સિરીઝ દર વર્ષે મે થી સપ્ટેમ્બર દરમિયાન યોજવામાં આવે છે અને ડાયમંડ લીગ ફાઈનલ્સ સાથે સિઝનની સમાપ્તિ થાય છે. સામાન્ય રીતે ડાયમંડ લીગની સીઝનમાં સ્પર્ધાઓની સંખ્યા ફાઈનલ સહિત 14 હોય છે, પરંતુ કેટલીકવાર આ સંખ્યામાં ફેરફાર થાય છે.

**નીરજ ઓલિમ્પિકમાં મેડલ જીતનાર પ્રથમ ભારતીય એથ્લેટ બન્યો હતો :** નીરજ એકસાથે ઓલિમ્પિક અને વર્લ્ડ ચેમ્પિયનશિપ બંને ગોલ્ડ જીતનાર પ્રથમ ભારતીય એથ્લેટ બન્યો. તેણે 2021માં ટોક્યો ઓલિમ્પિકમાં ગોલ્ડ જીત્યો હતો. ભારત 1900થી ઓલિમ્પિકમાં ભાગ લઈ રહ્યું છે, પરંતુ નીરજ પહેલાં, કોઈ પણ ભારતીયે ટ્રેક અને ફિલ્ડ ઈવેન્ટ્સમાં કોઈપણ રંગનો મેડલ જીત્યો ન હતો. નીરજ પહેલાં, મિલ્ખા સિંહ અને પીટી ઉષાનું અલગ-અલગ ઓલિમ્પિકમાં ચોથું સ્થાન મેળવવું એ ભારતનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન હતું.

**નીરજ ચોપરાએ 88.36 મીટરનો બેસ્ટ થ્રો ફેંક્યો હતો.** જ્યારે મેં એશિયન ગેમ્સમાં 88.06નો સ્કોર કર્યો હતો. પરંતુ, તે પછી ઘણું બધું થયું, મારી કોણીની ઈજા, સર્જરી અને હવે હું 88 થી 90 મીટરની વચ્ચે અટવાઈ ગયો છું. દરેક ઈવેન્ટમાં, ટોપ- 8 ખેલાડીઓને પોઈન્ટ મળે છે, પ્રથમ ખેલાડીને 8 પોઈન્ટ અને 8મા ખેલાડીને એક પોઈન્ટ મળે છે. 13 ઈવેન્ટ પછી, તમામ ખેલાડીઓના પોઈન્ટ ગણવામાં આવે છે. ટોપ-10માં સ્થાન મેળવનાર ખેલાડીઓને ડાયમંડ લીગની ફાઈનલમાં સ્થાન મળે છે. આમાં, વિજેતા ખેલાડીને ડાયમંડ લીગ વિજેતાની ટ્રોફી અને રોકડ ઈનામ મળે છે. ગોલ્ડ મેડલ વિજેતા યાકુબના પાંચમા અને છઠ્ઠો એટેમ્પ્ટ ફાઉલ રહ્યો હતો. તેણે પ્રથમ એટેમ્પ્ટમાં 85.87 મીટર, બીજા એટેમ્પ્ટમાં 86.93 મીટર, ત્રીજા એટેમ્પ્ટમાં 88.38 મીટર અને ચોથા પ્રયાસમાં 84.04 મીટરનો લાંબો થ્રો ફેંક્યો હતો.

## ગુજરાત જીત્યું: ચેન્નઈને 35 રનથી હરાવ્યું




(એજન્સી) નવી દિલ્હી | તા 11

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) 2024ની 59મી મેચમાં ગુજરાત ટાઇટન્સે ચેન્નાઇ સુપર કિંગ્સને 35 રનથી હરાવ્યું હતું. નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ચેન્નાઈએ ટોસ જીતીને બોલિંગ કરવાનું પસંદ કર્યું હતું.

ગુજરાતે 20 ઓવરમાં 3 વિકેટ ગુમાવીને 231 રન બનાવ્યા હતા. જવાબમાં ચેન્નાઈની ટીમ 20 ઓવરમાં 8 વિકેટે 196 રન જ બનાવી શકી હતી.

GTના કેપ્ટન શુભમન ગિલ (104 રન)એ IPL ઈતિહાસમાં 100મી સદી ફટકારી હતી. ગિલ બાદ સાઈ સુદર્શન (103 રન)એ પણ પોતાની કારકિર્દીની પ્રથમ સદી પૂરી કરી હતી. બંનેએ 210 રનની ઓપનિંગ ભાગીદારી કરી હતી. CSK તરફથી તુષાર દેશપાંડેએ 2 વિકેટ લીધી હતી.

CSK તરફથી ડેરીલ મિશેલે 63 રન, મોઈન અલીએ 56 રન, એમએસ ધોનીએ 26 રન અને શિવમ દુબેએ 21 રન બનાવ્યા હતા. મોહિત શર્માએ 3 અને રાશિદ ખાને 2 વિકેટ લીધી હતી. 18મી ઓવર ફેંકવા આવેલા રાશિદ ખાને ચેન્નાઈને બે ઝટકા આપ્યા હતા. તેણે રવિન્દ્ર જાડેજા અને મિશેલ સેન્ટનરને પેવેલિયન મોકલ્યા હતા.

ઓવર પછી ચેન્નાઈનો સ્કોર 170/8 હતો. ચેન્નાઈએ 17મી ઓવરમાં છઠ્ઠી વિકેટ ગુમાવી દીધી છે. અહીં શિવમ દુબે 21 રન બનાવીને આઉટ થયો હતો. તેને મોહિત શર્માએ નૂર અહેમદના હાથે કેચ આઉટ કરાવ્યો હતો. મોહિતને ત્રીજી સફળતા મળી છે. ડેબ્યૂ કરી રહેલા કાર્તિક ત્યાગીએ 4 ઓવરના ક્વોટામાં 51 રન ખર્ચ્યા છે. તેણે તેની 16મી અને પોતાની ઈનિંગની છેલ્લી ઓવરમાં 19 રન આપ્યા હતા.

## ચાલુ મેચમાં મેદાનમાં ઘૂસ્યો ધોનીનો 'જબરો' ફેન: ધોનીને પગે લાગ્યો અને ભેટી પડ્યો



(એજન્સી) નવી દિલ્હી | તા 11

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL 2024) માં ગુરુવારે, ગુજરાત ટાઇટન્સ (GT) એ ચેન્નાઈ સુપર કિંગ્સ (CSK) ને 35 રનથી હરાવ્યું હતું. મેચની છેલ્લી ઓવરમાં એક ફેન મેદાનમાં ઘૂસ્યો અને એમએસ ધોનીના પગે લાગ્યો અને ધોનીને ભેટી પડ્યો હતો. ચેન્નાઈના બે ફિલ્ડરોએ કેચ છોડ્યા અને ટીમનો રચિન રવિન્દ્ર રનઆઉટ થયો. ગુજરાતના રાશિદ ખાને બાઉન્ડ્રી પર શાનદાર કેચ ઝડપી લીધો હતો.

તુષાર દેશપાંડેએ 14મી ઓવરમાં શુભમન ગિલને જીવનદાન આપ્યું હતું. ડેરિલ મિશેલે ઓવરનો ત્રીજો બોલ સ્લો ફેંક્યો, શુભમને આગળની તરફ શોટ રમ્યો પરંતુ બોલ લોંગ ઓફની દિશામાં ગયો. અહીં ઉભેલા તુષારના હાથમાં બોલ આવ્યો પરંતુ તે તેને પકડી શક્યો નહીં અને બોલ 6 રનમાં બાઉન્ડ્રીની બહાર ગયો. જીવનદાન સમયે શુભમન 78 રનના સ્કોર પર બેટિંગ કરી રહ્યો હતો.GTના કેપ્ટન શુભમન ગિલે સિમરજીત સિંહ સામે ચોગ્ગો ફટકારીને સદી પૂરી કરી હતી. આ સદી IPL ઈતિહાસની 100મી સદી હતી. ટૂર્નામેન્ટની પ્રથમ સદી KKRના બ્રેન્ડન મેક્કુલમે 2008માં પહેલી જ મેચમાં ફટકારી હતી. તેણે 158 રન બનાવ્યા હતા. શુભમન 104 રન બનાવીને આઉટ થયો હતો.સાઈ સુદર્શને સિક્સર ફટકારીને પોતાની સદી પૂરી કરી ગુજરાતના સાઈ સુદર્શને સિક્સર ફટકારીને પોતાની સદી પૂરી કરી, આ તેની IPL કારકિર્દીની પ્રથમ સદી હતી. તેણે 17મી ઓવરમાં સિમરજીત સિંહ સામે સિક્સર ફટકારીને પોતાની સદી પૂરી કરી હતી. સુદર્શને 51 બોલમાં 103 રનની ઈનિંગ રમી હતી. સાઈ સુદર્શને સિક્સર ફટકારીને પોતાની સદી પૂરી કરી હતી.CSKનો રચિન રવિન્દ્ર બીજા દાવની પહેલી જ ઓવરમાં રનઆઉટ થયો હતો. ઉમેશ યાદવની ઓવરના છેલ્લા બોલ પર અજિંક્ય રહાણેએ બોલને પોઈન્ટની દિશામાં પુશ કર્યો અને રન લેવા લાગ્યો. રચિન સ્ટ્રાઈકરના એન્ડ સુધી પહોંચે તે પહેલાં જ મિલરે ડાઈવ મારીને એક હાથે ડાયરેક્ટ હિટ માર્યો. રચિન 2 બોલમાં એક રન બનાવીને આઉટ થયો હતો.રાશિદ ખાને ત્રીજી ઓવરમાં બાઉન્ડ્રી પર એક શાનદાર જગલિંગ કેચ ઝડપ્યો હતો. ઉમેશ યાદવે ઓવરના પાંચમા બોલ પર શોર્ટ પીચ ફેંકી, ગાયકવાડે પુલ શોટ રમ્યો પરંતુ ડીપ સ્ક્વેર લેગ પર કેચ થયો. રશીદે બોલને જજ કર્યો અને બાઉન્ડ્રી મારતા પહેલા કેચ પૂરો કર્યો. ગાયકવાડ ખાતું પણ ખોલાવી શક્યો નહોતો.મોઈન અલીએ 20મી ઓવરમાં ડેવિડ મિલરને જીવનદાન આપ્યું હતું. ઓવરનો ચોથો બોલ સિમરજીત સિંહે ગુડ લેન્થ પર વાઈડ લાઈન ફેંક્યો હતો. મિલરે લોંગ ઓન તરફ શોટ રમ્યો, મોઈન દોડીને બોલની નીચે આવ્યો પણ તે બોલને પકડી શક્યો નહીં. મિલરે 11 બોલમાં 16 રન બનાવ્યા હતા. મેચની છેલ્લી ઓવરમાં એમએસ ધોનીને મળવા મેદાનમાં કૂદી પડ્યો હતો. ફેન જમીન પર બેસીને તે ધોનીને પગે લાગ્યો હતો અને ભેટી પડ્યો હતો. ત્યારબાદ સિક્યુરિટી આવી અને ફેનને મેદાનની બહાર લઈ ગઈ. ધોની 11 બોલમાં 26 રન બનાવ્યા બાદ મેચમાં નોટઆઉટ રહ્યો હતો.

## BCCI ટૂંક સમયમાં નવા કોચ માટે નોટિફિકેશન બહાર પાડશે



(એજન્સી) નવી દિલ્હી | તા 11

ટીમ ઈન્ડિયાને ટૂંક સમયમાં નવો હેડ કોચ મળી શકે છે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) ટૂંક સમયમાં નવા કોચ માટે અરજીઓ બહાર કરશે. આ વાતનો ખુલાસો BCCI સેક્રેટરી જય શાહે કર્યો છે. ક્રિકબઝના અહેવાલ મુજબ, જય શાહે બુધવારે મુંબઈમાં કહ્યું કે બોર્ડ ટૂંક સમયમાં ટીમ ઈન્ડિયાના મુખ્ય કોચના પદ માટે જાહેરાત બહાર પાડવા જઈ રહ્યું છે. વર્તમાન મુખ્ય કોચ રાહુલ દ્રવિડનો કાર્યકાળ જૂનમાં પૂર્ણ થવા જઈ રહ્યો છે. જય શાહે કહ્યું, રાહુલનો કાર્યકાળ જૂન સુધી જ છે. તેથી જો તે અરજી કરવા માંગે છે, તો તે આમ કરવા માટે સ્વતંત્ર છે.

લાંબા કાર્યકાળ માટે નવા કોચની નિમણૂક કરવામાં આવશે શાહે વધુમાં કહ્યું કે, કોચિંગ સ્ટાફના અન્ય સભ્યો જેમ કે બેટિંગ, બોલિંગ અને ફિલ્ડિંગ કોચની પસંદગી નવા કોચ સાથે ચર્ચા કર્યા બાદ કરવામાં આવશે. તેમણે કહ્યું, અમે નક્કી કરી શકતા નથી કે નવો કોચ ભારતીય હશે કે વિદેશી. શાહે પુષ્ટિ આપી હતી કે નવા કોચની નિમણૂક લાંબા કાર્યકાળ માટે કરવામાં આવશે અને તે ત્રણ વર્ષના પ્રારંભિક સમયગાળા માટે સેવા આપશે.

રવિડ નવેમ્બર 2021માં ટીમ ઈન્ડિયાના મુખ્ય કોચ તરીકે નિયુક્ત થયા હતા હાલમાં ટીમ ઈન્ડિયાના મુખ્ય કોચ રાહુલ દ્રવિડ છે. BCCIએ ગયા વર્ષે નવેમ્બરમાં તેમનો કાર્યકાળ લંબાવ્યો હતો. દ્રવિડનો બે વર્ષનો કાર્યકાળ ODI વર્લ્ડ કપ ફાઈનલમાં સમાપ્ત થયો. આ પછી, બોર્ડ અને દ્રવિડ વચ્ચે ચર્ચા થઈ અને નિર્ણય લેવામાં આવ્યો કે દ્રવિડ ઓછામાં ઓછા T20 વર્લ્ડ કપ સુધી ટીમ સાથે જોડાયેલો રહેશે. આ વર્ષે જૂનમાં વેસ્ટ ઈન્ડિઝ અને અમેરિકામાં T20 વર્લ્ડ કપનું આયોજન થવાનું છે. રાહુલ દ્રવિડને નવેમ્બર 2021માં ટીમ ઈન્ડિયાના મુખ્ય કોચ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.

## WTC ફાઈનલ નવા વેન્યુ પર યોજાઈ શકે!:BCCI સેક્રેટરી જય શાહે

(એજન્સી) નવી દિલ્હી | તા 11

વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC) 2023-25ની ફાઈનલ નવા સ્થળે યોજાઈ શકે છે. શુક્રવારે, ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) ના સચિવ જય શાહે જણાવ્યું હતું કે બોર્ડે ICC સાથે સંભવિત નવા સ્થળો અંગે ચર્ચા કરી છે. શાહે એમ પણ કહ્યું છે કે જૂન 2025માં યોજાનારી ડબ્લ્યુટીસી ફાઈનલ યોજવા માટે અલગ સમય સ્લોટ અથવા અન્ય સ્થળ શોધવાનું મુશ્કેલ હશે. શાહે આઈપીએલમાં ગત સિઝનથી લાગુ કરવામાં આવેલા ઈમ્પેક્ટ પ્લેયર નિયમ વિશે પણ વાત કરી હતી, 'ઈમ્પેક્ટ પ્લેયર ટેસ્ટ કેસની જેમ છે. અમે તેને ધીમે ધીમે અમલમાં મૂક્યો છે. તેનો સૌથી મોટો ફાયદો એ છે કે એક જ ટીમના બે ભારતીય ખેલાડીઓને એક મેચમાં તક મળી રહી છે, જે સૌથી મહત્વપૂર્ણ છે.




શાહે કહ્યું- 'ખેલાડીઓ અને ફ્રેન્ચાઈઝી માલિકો સાથે વાત કર્યા પછી અમે વિચારીશું કે તેને આગળ ચાલુ રાખવું કે નહીં. જો કે, તેમણે એવું કહ્યું ન હતું કે ઈમ્પેક્ટ પ્લેયરનો નિયમ આગળ વધશે નહીં. ખેલાડીઓ રોહિત શર્મા અને મિશેલ સ્ટાર્કે ખેલાડીઓના નિયમ પર અસર અંગે ચિંતા વ્યક્ત કરી હતી. WTCની અગાઉની બંને ફાઈનલ ઈંગ્લેન્ડમાં યોજાઈ હતી WTCની અગાઉની બંને ફાઈનલ ઈંગ્લેન્ડમાં જ રમાઈ છે. બંને ફાઈનલ જૂન મહિનામાં થઈ હતી અને બંનેમાં ફાઈનલમાં પહોંચ્યા બાદ ભારતને હારનો સામનો કરવો પડ્યો હતો. વર્ષ 2021માં ન્યુઝીલેન્ડની ટીમ સાઉથમ્પ્ટનના મેદાન પર જીતી હતી. તે જ સમયે, 2023માં, ઓસ્ટ્રેલિયા લંડનના ઓવલમાં વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયન બન્યું.

ICC તેની મોટાભાગની આવક BCCIની મદદથી મેળવે છે. આવી સ્થિતિમાં, ICC ભારતીય દર્શકોને ધ્યાનમાં રાખીને મોટાભાગની ટૂર્નામેન્ટનો સમય રાખે છે. બોલરોના ખરાબ પ્રદર્શનનું કારણ છે ઈમ્પેક્ટ પ્લેયરનો નિયમ- સ્ટાર્ક કોલકાતા નાઈટ રાઈડર્સના ફાસ્ટ બોલર મિચેલ સ્ટાર્કનું પણ માનવું છે કે આઈપીએલ 2024ની વર્તમાન સિઝનમાં બોલરોના ખરાબ પ્રદર્શન માટે ઈમ્પેક્ટ પ્લેયરનો નિયમ એક મુખ્ય કારણ છે. તેણે કહ્યું, ઈમ્પેક્ટ પ્લેયરનો નિયમ વસ્તુઓને બદલે છે. જો બેટર નંબર-8 અથવા નંબર-9 સુધી આવે છે, તો મોટો સ્કોર બને છે.

## ગુજરાત સ્ટેટ ફૂટબૉલ એસોસિએશન દ્વારા ફૂટબૉલ ટુર્નામેન્ટનું આયોજન

તેજસ મહેતા । અમદાવાદ

ગુજરાત સ્ટેટ ફુટબોલ એસોસિએશન (GSFA) ચેમ્પિયનશિપ -2024 જુનીયર્સ બોય અંડર -15 youth league માં ગુજરાત સ્ટેટ ફૂટબૉલ એસોસિએશન દ્વારા ફૂટબૉલ ટુર્નામેન્ટ નું આયોજન કરવામાં આવયુ હતું તેમાં 11 ટીમે ભાગ લીધો હતો. તેમાંથી સ્પોર્ટ ઓથોરિટી ઓફ ગુજરાત (DISTIK LEVAL SPORT SCHOOL) ટીમ ના ખેલાડીઓ શ્રેયસ ઠાકોર,નીલ ચાદેકર,તીર્થ મેહતા,રોનક શેલર , નૈત્ય પરમાર, દેવર્ષ પટેલ,જય પરમાર,અર્પિત રામ, હેરિત સુવાઘીયા,




રાઘવ પોવલ,શ્યામ પટેલ,કેવિન, મેહુલ, માનસ, અક્ષર જયમીન,શિવ. ટીમ ના ખેલાડી ઓ એ ગુજરાત ફૂટબોલ હેડ કોચ શ્રી સુનિત આઝાદ સર, આસિસ્ટન કોચ સુ.શ્રીરિના રાવત,શ્રી મુસ્કાન સિંધી તથા સ્પોર્ટ એડ્વાઇઝર શ્રી મુકેશ રંજન સર એ ટીમ ના દરેક ખેલાડીઓ ને સારું માર્ગ દર્શન આપી ને સેકન્ડ રન અપ ટીમ બનાવી ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિએશન (GSFA) ચેમ્પિયનશિપ -2024 તરફ થી 50,000 રૂપિયા ઈનામ માં મળેલ.દરેક કોચ તેમજ ખેલાડી ઓ ને આભાર વ્યક્ત વાલીઓ એ કરેલ.

## શુભમન ગિલે તોફાની સદી ફટકારી, IPLની 100મી સદી




(એજન્સી) નવી દિલ્હી | તા 11

શુભમન ગિલની આ IPL સિઝન સારી રહી ન હતી અને આ ઈનિંગ પહેલા તેના નામે માત્ર એક અડધી સદી હતી, પરંતુ ગુજરાત ટાઈટન્સનો કેપ્ટન કરો યા મરો મેચમાં સદી ફટકારીને ફોર્મમાં પરત ફર્યો અને ટીમને મોટા સ્કોર તરફ લઈ ગયો હતો. ચેન્નાઈ સામે શુભમન ગિલે ફટકારી IPLમાં પોતાની ચોથી સેન્ચુરી ફટકારી હતી. ગુજરાત ટાઈટન્સનો કેપ્ટન શુભમન ગિલ ખરાબ ફોર્મમાંથી બહાર આવ્યો અને IPL 2024ની સૌથી મહત્વપૂર્ણ મેચમાં જબરદસ્ત સદી ફટકારી. ચેન્નાઈ સુપર કિંગ્સ સામેની પોતાની ટીમની 'કરો યા મરો' મેચમાં સ્ટાર બેટ્સમેન ગિલે માત્ર 49 બોલમાં પોતાની સદી પૂરી કરી અને પોતાની ટીમને વિશાળ સ્કોર સુધી લઈ ગયો. ગિલના બેટમાંથી આ સદી પણ IPL ઈતિહાસની 100મી સદી સાબિત થઈ. માત્ર ગિલ જ નહીં પરંતુ તેના યુવા ઓપનિંગ પાર્ટનર સાઈ સુદર્શને પણ તેની પ્રથમ સદી ફટકારી હતી. બંનેએ સાથે મળીને 200થી વધુ રનની ભાગીદારી કરી અને ચેન્નાઈને વિકેટ માટે તડપાવ્યું હતું. ગુજરાતમાં અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાયેલી આ મેચ અન્ય ટીમો માટે પણ મહત્વની હતી અને આવી સ્થિતિમાં ગુજરાતના સુકાનીએ તમામ વતી જવાબદારી સંભાળી હતી. જો કે તે ટોસ હારી ગયો અને પહેલા બોલિંગ કરવા માંગતો હતો, તેમ છતાં તેને અજાણતા ચેન્નાઈના કેપ્ટન ઋતુરાજ ગાયકવાડે પ્રથમ બોલિંગ કરવાનું પસંદ કર્યું તેનો ફાયદો મળ્યો. ગિલે પ્રથમ ઓવરમાં જ ચોગ્ગા અને છગ્ગા ફટકારીને આક્રમણની શરૂઆત કરી અને 18મી ઓવર સુધી ચેન્નાઈના બોલરોને ફટકારવાનું ચાલુ રાખ્યું.

આ મેચ પહેલા ગિલ IPL 2024માં 11 ઈનિંગ્સમાં માત્ર 1 અડધી સદી ફટકારી શક્યો હતો, પરંતુ આ વખતે તેણે તેની પાછલી નિષ્ફળતાઓનું વળતર આપ્યું.

## પાકિસ્તાને PoKમાં કર્ફ્યુ લગાવ્યો:વધતી મોંઘવારી, વીજકાપના વિરોધમાં લોકોનો વિરોધ

(એજન્સી) કરાંચી | તા 11

PoKમાં વધતી મોંઘવારી અને વીજળી કાપના વિરોધમાં શુક્રવારે (10 મે) પોલીસ અને પ્રદર્શનકારીઓ વચ્ચે અથડામણ થઈ હતી. વિરોધને રોકવા માટે પાકિસ્તાને PoKના મીરપુર જિલ્લામાં કર્ફ્યુ લગાવી દીધો હતો. લોકો કર્ફ્યુનો વિરોધ કરી રહ્યા છે. PoKના મીરપુરમાં પોલીસે શાળાના વિદ્યાર્થીઓ પર ટીયર ગેસના શેલ છોડ્યા, જેમાં ઘણા વિદ્યાર્થીઓ ઘાયલ થયા.

તેના જવાબમાં પાકિસ્તાનના મુઝફ્ફરાબાદમાં લોકો 11 મેના રોજ વિધાનસભાની બહાર જોરદાર વિરોધ પ્રદર્શન કરશે. PoKની સૌથી મોટી પાર્ટી યુનાઈટેડ કાશ્મીર પીપલ્સ નેશનલ પાર્ટી (UKPNP) એ વિરોધ પ્રદર્શન દરમિયાન



થયેલી ધરપકડ પર સવાલ ઉઠાવ્યા છે. પાર્ટીએ કહ્યું કે પોલીસ અને સેનાએ મળીને ધરપકડ કરાયેલા પ્રદર્શનકારીઓ પર લાઠીચાર્જ કર્યો. UKPNP નેતાઓ શૌકત અલી કાશ્મીરી અને નાસિર અઝીઝ ખાને ધરપકડ કરાયેલા દેખાવકારોને તાત્કાલિક મુક્ત કરવાની માગ કરી હતી. UKPNP એ યુએન માનવાધિકાર સંસ્થાને વિલંબ કર્યા વિના હસ્તક્ષેપ કરવા હાકલ કરી છે.પાકિસ્તાનના માનવાધિકાર પંચે કહ્યું- PoKમાં માનવાધિકારોનું ઉલ્લંઘન થઈ રહ્યું છે

PoKમાં ખરાબ પરિસ્થિતિ અંગે, પાકિસ્તાનના માનવ અધિકાર પંચ (એચઆરસીપી) એ પોતે સ્વીકાર્યું છે કે ત્યાં માનવ અધિકારોનું સતત ઉલ્લંઘન થઈ રહ્યું છે. ગત મહિને પણ લોકોએ મોંઘવારી સામે વિરોધ દર્શાવ્યો હતો.

અનેક જગ્યાએ લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા અને પોલીસ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. ત્યાં એક કિલો લોટ 800 પાકિસ્તાની રૂપિયામાં મળે છે. જ્યારે પહેલા તે 230 રૂપિયામાં મળતો હતો. ત્યાં એક રોટલીની કિંમત 25 રૂપિયા સુધી પહોંચી ગઈ છે.

પાકિસ્તાનની ગરીબી... દેશનો વિદેશી હૂંડિયામણનો ભંડાર હાલમાં $8 બિલિયન છે, જે લગભગ દોઢ મહિના માટે માલની આયાત સમકક્ષ છે. દેશમાં ઓછામાં ઓછા 3 મહિના માટે માલની આયાત કરવા માટે પૂરતા પૈસા હોવા જોઈએ.

2024માં પાકિસ્તાનનો GDP માત્ર 2.1%ના દરે વૃદ્ધિ પામે તેવી શક્યતા છે. હાલમાં એક ડોલરની કિંમત 276 પાકિસ્તાની રૂપિયા બરાબર છે.

### ન્યૂઝ ફ્લેશ

## હિંમત હાર્યું હમાસ, યુદ્ધવિરામની તમામ શરતોને રાખી માન્ય

ઈઝરાયેલના અનેક વિનાશક હુમલાઓથી તબાહ થયેલા હમાસે યુદ્ધવિરામની તમામ શરતો સ્વીકારવાની જાહેરાત કરી છે. હવે ઈઝરાયલે આ અંગે નિર્ણય લેવાનો છે. હમાસ દ્વારા જાહેર કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, તેણે કતાર અને ઈજિપ્તને પણ આ નિર્ણય વિશે જાણ કરી છે, જેઓ હમાસ અને ઈઝરાયેલ વચ્ચે મધ્યસ્થી તરીકે કામ કરી રહ્યા હતા. જો કે તેની સ્થિતિ શું હશે અને પેલેસ્ટાઈન અને ઈઝરાયેલના બંધકોનું શું થશે તે અંગે કોઈ સ્પષ્ટ માહિતી આપવામાં આવી નથી. હમાસે તેની સત્તાવાર વેબસાઈટ પર જાહેર કરેલા નિવેદનમાં, યુદ્ધવિરામની તમામ શરતો સ્વીકારવાની પુષ્ટિ કરી છે. હમાસના નેતા ઈસ્માઈલ હનીયેહનું કહેવું છે કે, કતારના વડાપ્રધાન શેખ મોહમ્મદ અબ્દુલરહમાન અલ થાની અને ઈજિપ્તના મંત્રી અબ્બાસ કામેલ સાથેની ટેલિફોન વાતચીતમાં આ માહિતી આપવામાં આવી છે. હવે ઈઝરાયલે આ અંગે નિર્ણય લેવાનો છે. હમાસે યુદ્ધવિરામની તમામ શરતો સ્વીકારી લીધી હોવાની જાહેરાત કર્યા બાદ મધ્ય ગાઝામાં ખુશીનો માહોલ છે. BBBના અહેવાલ મુજબ, અલ અક્સા હોસ્પિટલની બહાર લોકોની ભીડ એકઠી થઈ ગઈ છે. બાળકો ઝાના લોકોને રાહત તરીકે આવી છે.હમાસના નેતા ઈસ્માઈલ હનીયેહનું કહેવું છે કે, કતારના વડાપ્રધાન શેખ મોહમ્મદ અબ્દુલરહમાન અલ થાની અને ઈજિપ્તના મંત્રી અબ્બાસ કામેલ સાથેની ટેલિફોન વાતચીતમાં આ માહિતી આપવામાં આવી છે. હવે ઈઝરાયલે આ અંગે નિર્ણય લેવાનો છે.

## કેનેડામાં ભણતા ગુજરાતી વિદ્યાર્થીઓ માટે માઠા સમાચાર

કેનેડા એ ભણવા માટે વિદ્યાર્થીઓ માટે પહેલી પસંદ બની છે. ત્યારે હવે મટી સંખ્યામાં ગુજરાત થી દર વર્ષે લોકો મોટી સંખ્યામાં કેનેડા જતાં હોય છે. મહત્વનું છે કે હવે આ વિદ્યાર્થીઓ સહિત તમામ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે કેનેડાએ કેટલાક નિયમોમાં ફેરફાર કર્યો છે. જે વિદ્યાર્થીઓને ત્યાં રહેવા તેમજ પોતાના જીવન નિર્વાહના ખર્ચ સહિત વિવિધ બાબતો પર અસર થશે. સરકારે હવે વિદ્યાર્થીઓ કૉલેજ કેમ્પસની બહાર કામ કરવાના લઈ કેટલાક બંધનો લાદી દીધા છે. જાણો શું છે આ નિયમ અને કેવા કરાયા ફેરફાર અગાઉ, આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને 20 કલાકથી વધુ સમય માટે કેમ્પસની બહાર કામ કરવાની મંજૂરી આપવામાં આવી હતી, પરંતુ આ અસ્થાયી નીતિ 30 એપ્રિલે નાબૂદ કરવામાં આવી હતી. મહત્વ નું છે કે કેનેડાના સિટીઝનશિપ મિનિસ્ટર માર્ક મિલરે કહ્યું કે અમે કેમ્પસની બહાર કામ કરવાની સમય મર્યાદા ઘટાડીને અઠવાડિયામાં માત્ર 24 કલાક કરી રહ્યા છીએ.અગાઉ, આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને 20 કલાકથી વધુ સમય માટે કેમ્પસની બહાર કામ કરવાની મંજૂરી આપવામાં આવી હતી, પરંતુ આ અસ્થાયી નીતિ 30 એપ્રિલે નાબૂદ કરવામાં આવી હતી. મહત્વ નું છે કે કેનેડાના સિટીઝનશિપ મિનિસ્ટર માર્ક મિલરે કહ્યું કે અમે કેમ્પસની બહાર કામ કરવાની સમય મર્યાદા ઘટાડીને અઠવાડિયામાં માત્ર 24 કલાક કરી રહ્યા છીએ.સપ્ટેમ્બરથી, આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ કેમ્પસની બહાર માત્ર 24 કલાક કામ કરી શકશે. કેનેડામાં આવતા વિદ્યાર્થીઓએ અભ્યાસ માટે આવવું જ જોઈએ, જેથી તેઓ તેમના અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત કરી શકે, તેથી આ કરવામાં આવી રહ્યું છે.

### ઇઝરાયલની સેનાએ કેટલાક હથિયારો અંગે સંપૂર્ણ માહિતી આપી નથી

## ઈઝરાયલ-ગાઝા યુદ્ધ અંગે યુએસ સરકારનો રિપોર્ટ:નક્કર પુરાવા મળ્યા ન હોવાથી અમેરિકા ઈઝરાયલ વિરુદ્ધ કાર્યવાહી નહીં કરે

(એજન્સી) ન્યૂયોર્ક | તા 11

યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટ દ્વારા શુક્રવારે એક રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો હતો. એવી આશંકા વ્યક્ત કરવામાં આવી છે કે ઈઝરાયલે આંતરરાષ્ટ્રીય કાયદા અનુસાર ગાઝામાં અમેરિકન શસ્ત્રોનો ઉપયોગ કર્યો નથી, જેનાથી માનવ અધિકારોનું ઉલ્લંઘન થયું છે. જો કે, અમેરિકાએ એમ પણ કહ્યું છે કે ગાઝામાં યુદ્ધને કારણે તે એવા નક્કર પુરાવા શોધી શક્યું નથી. તેથી સત્તાવાર રીતે કંઈ કહી શકાય નહીં. માનવાધિકાર અંગે અમેરિકાને ઈઝરાયલની ખાતરી ભરોસાપાત્ર છે.

અમેરિકાના સાંસદોએ ફેબ્રુઆરીમાં ઈઝરાયેલ પર માનવાધિકાર ઉલ્લંઘનનો આરોપ લગાવ્યા હતા. આ પછી ફેબ્રુઆરીમાં જ રાષ્ટ્રપતિ જો બાઈડને તપાસ સમિતિની રચના કરી હતી. તેણે 7 ઓક્ટોબરથી એપ્રિલ સુધી બનેલી ઘટનાઓને આવરી લેતો રિપોર્ટ તૈયાર કર્યો હતો. તે હવે જાહેર કરવામાં આવ્યો છે. અમેરિકાના સાંસદોએ ગાઝામાં માનવાધિકાર ઉલ્લંઘનનો આરોપ લગાવ્યો હતો. રાષ્ટ્રપતિ જો બાઈડને આની તપાસ માટે તપાસ સમિતિની રચના કરી હતી. અમેરિકાના સાંસદોએ ગાઝામાં માનવાધિકાર ઉલ્લંઘનનો આરોપ લગાવ્યો હતો. રાષ્ટ્રપતિ જો બાઈડને આની તપાસ માટે તપાસ સમિતિની રચના કરી હતી.

ઈઝરાયલે માનવ અધિકારોનું ઉલ્લંઘન કરતા હથિયારો વિશે માહિતી આપી નથી.



**અમેરિકા ઇઝરાયલને શસ્ત્રો મોકલી શકશે :** યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના રિપોર્ટ પહેલા યુનાઈટેડ નેશન્સ સહિત અનેક સંસ્થાઓએ ગાઝામાં માનવાધિકારના ઉલ્લંઘન પર રિપોર્ટ જાહેર કર્યો હતો. જેમાં કહેવામાં આવ્યું હતું કે ઈઝરાયલ ગાઝામાં માનવાધિકારનું ઉલ્લંઘન કરી રહ્યું છે. જો કે, અમેરિકાની સરકારના રિપોર્ટમાં આવી નક્કર માહિતી બહાર આવી નથી. અમેરિકાની સરકારે એમ પણ કહ્યું છે કે ઈઝરાયલે ગાઝામાં મોકલવામાં આવતી મદદ અટકાવી નથી.અમેરિકાએ લશ્કરી સહાયતા મેળવતા દેશો માટે ફેબ્રુઆરીમાં NSM-20 જાહેર કર્યું હતું. તેના દ્વારા અમેરિકાએ દેશો પાસેથી લેખિત ખાતરી લીધી હતી કે તેઓ અમેરિકન હથિયારોનો આંતરરાષ્ટ્રીય કાયદા અનુસાર ઉપયોગ કરશે. ત્યારપછી અમેરિકા તે લેખિત ખાતરીઓના આધારે ભાવિ લશ્કરી સહાય અંગે નિર્ણય લેશે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ઈઝરાયેલે 7 ઓક્ટોબર પછી NSM20 હેઠળ આવતા હથિયારોનો ઉપયોગ કર્યો હતો. આ કારણોસર તપાસ પૂર્ણ કરવી મુશ્કેલ બની રહી છે.

### પેલેસ્ટાઈન યુએનના સભ્ય બનવા માટે લાયક છે

આ પહેલા 18 એપ્રિલે અમેરિકાએ પેલેસ્ટાઈનને સંયુક્ત રાષ્ટ્ર (UN)માં પૂર્ણ સભ્યપદ આપવાના પ્રસ્તાવને વીટો લગાવી દીધો હતો. અલ્જીરિયાએ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC)માં આ પ્રસ્તાવ રજૂ કર્યો હતો, જેના પર મતદાન થયું હતું. અમેરિકાના વીટો પાવર બાદ પેલેસ્ટાઈન UNનું કાયમી સભ્ય બની શક્યું નથી. સંયુક્ત રાષ્ટ્રના 193 સભ્ય દેશોમાંથી 143એ પેલેસ્ટાઈનની તરફેણમાં જ્યારે 9 લોકોએ તેની વિરુદ્ધમાં મતદાન કર્યું હતું. વિરોધ કરનારા દેશોમાં અમેરિકા અને ઈઝરાયલનો સમાવેશ થાય છે. રાફામાં ઇઝરાયલની સેનાના હુમલા બાદ અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડને કહ્યું હતું કે અમેરિકા ઈઝરાયલને હથિયાર મોકલવાનું સંપૂર્ણપણે બંધ કરી દેશે. રાફામાં ઈઝરાયલની સેનાના હુમલા બાદ અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડને કહ્યું હતું કે અમેરિકા ઈઝરાયલને હથિયાર મોકલવાનું સંપૂર્ણપણે બંધ કરી દેશે. 25 દેશોએ આ વોટિંગથી પોતાને દૂર રાખ્યા હતા. આ વોટિંગથી પેલેસ્ટાઈન યુએનનું સભ્ય તો નથી બન્યું, પરંતુ સભ્ય બનવા માટે ક્વોલિફાય થઈ શક્યું છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ઇઝરાયલ તરફથી કોઈ નિયમોનું ઉલ્લંઘન થતું નથી. જો કે આ પહેલા અમેરિકાના રાષ્ટ્રપતિએ ખુલ્લેઆમ કહ્યું છે કે જો ઇઝરાયલ રાફામાં સૈન્ય કાર્યવાહી કરશે તો તે મદદ બંધ કરી દેશે. અમેરિકાના બોમ્બનું એક કન્સાઈનમેન્ટ પણ અટકાવવામાં આવ્યું છે.

### અમેરિકા ઇઝરાયલને શસ્ત્રો મોકલી શકશે

યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના રિપોર્ટ પહેલા યુનાઈટેડ નેશન્સ સહિત અનેક સંસ્થાઓએ ગાઝામાં માનવાધિકારના ઉલ્લંઘન પર રિપોર્ટ જાહેર કર્યો હતો. જેમાં કહેવામાં આવ્યું હતું કે ઈઝરાયલ ગાઝામાં માનવાધિકારનું ઉલ્લંઘન કરી રહ્યું છે. જો કે, અમેરિકાની સરકારના રિપોર્ટમાં આવી નક્કર માહિતી બહાર આવી નથી. અમેરિકાની સરકારે એમ પણ કહ્યું છે કે ઈઝરાયલે ગાઝામાં મોકલવામાં આવતી મદદ અટકાવી નથી. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ઈઝરાયલ તરફથી કોઈ નિયમોનું ઉલ્લંઘન થતું નથી. જો કે આ પહેલા અમેરિકાના રાષ્ટ્રપતિએ ખુલ્લેઆમ કહ્યું છે કે જો ઈઝરાયલ રાફામાં સૈન્ય કાર્યવાહી કરશે તો તે મદદ બંધ કરી દેશે. અમેરિકાના બોમ્બનું એક કન્સાઈનમેન્ટ પણ અટકાવવામાં આવ્યું છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ઈઝરાયલે (નેશનલ સિક્યુરિટી મેમોરેન્ડમ) NSM-20 હેઠળ આવરી લેવામાં આવેલા હથિયારો વિશે સંપૂર્ણ માહિતી આપી નથી. આ કારણોસર તપાસ પૂર્ણ કરવી મુશ્કેલ બની રહી છે. અમેરિકાએ લશ્કરી સહાયતા મેળવતા દેશો માટે ફેબ્રુઆરીમાં NSM-20 જાહેર કર્યું હતું

## અમેરિકન પોલીસે અશ્વેત સૈનિકની હત્યા કરી: મહિલાની ફરિયાદ પર પોલીસકર્મી ખોટા ઘરમાં ઘૂસ્યો

(એજન્સી) ફ્લોરિડા | તા 11

અમેરિકન પોલીસકર્મીએ ફ્લોરિડામાં એરફોર્સના અશ્વેત સૈનિક રોજર ફોર્ટસનને ગોળી મારી દીધી. આ ઘટનાનો વીડિયો પોલીસકર્મીના બોડી કેમેરામાં રેકોર્ડ થઈ ગયો, જેને ગુરુવારે જાહેર કરવામાં આવ્યો. બ્રિટિશ મીડિયા બીબીસી અનુસાર, મૃતકના પરિવારે કહ્યું કે ફરિયાદની તપાસ કરવા આવેલા પોલીસકર્મી ખોટા ઘરમાં ઘૂસી ગયો હતો, ત્યારબાદ તેણે 23 વર્ષીય રોજરને દરવાજા પર જ ગોળી મારી દીધી હતી. પોલીસે આરોપોને નકારી કાઢતા કહ્યું કે, 'જ્યારે સૈનિકે દરવાજો ખોલ્યો ત્યારે તેના હાથમાં બંદૂક હતી. પોલીસકર્મીએ પોતાને બચાવવા માટે ગોળીબાર કર્યો હતો.' રોજર્સ ફ્લોરિડા સ્પેશિયલ ઓપરેશન્સ વિંગ પાસે રહેતા હતા, જ્યાં તેની 3 મેના રોજ હત્યા કરવામાં આવી હતી. આરોપી પોલીસકર્મીને રજા પર મોકલી દેવામાં આવ્યો બીબીસી અનુસાર, ઘટના બાદ આરોપી પોલીસકર્મીને રજા પર મોકલી દેવામાં આવ્યો છે. વિસ્તારના શેરિફે ખાતરી આપી હતી કે આ બાબતની તપાસ કરવામાં આવી રહી છે અને સંપૂર્ણ પારદર્શિતા સાથે કાર્યવાહી કરવામાં આવશે. ઘટનાના વીડિયો અનુસાર, પોલીસકર્મી 3 મેના રોજ સૈનિકના ઘર પાસે પહોંચે છે. પછી એક મહિલા તેને કહે છે કે તેણે સૈનિકના ઘરમાંથી લડાઈનો અવાજ સાંભળ્યો હતો. આ પછી પોલીસકર્મી ઘરનો દરવાજો ખખડાવે છે. જ્યારે સૈનિકે દરવાજો ખોલ્યો તો તેના હાથમાં બંદૂક હતી. હુમલા સમયે સૈનિક એક મિત્ર સાથે વીડિયો કોલ પર હતો રોજર્સના પરિવારે ગુરુવારે એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું કે તે એક દેશભક્ત હતો. તે યુએસ એરફોર્સ સ્પેસ ઓપરેશન ટીમના ભાગ રૂપે દેશ માટે લડતો હતો. ઘટના સમયે સૈનિક એક મિત્ર સાથે વીડિયો કોલ પર વાત કરી રહ્યો હતો. સૈનિકને શંકા ગઈ અને તેણે બંદૂક ઉપાડી. ત્યારે કર્યું. રોજર નવેમ્બર 2019થી યુએસ એરફોર્સનો ભાગ હતો. એટલાન્ટા યુનિવર્સિટીમાંથી હાઈસ્કૂલ પૂર્ણ કર્યા બાદ તે સેનામાં જોડાયો હતો.

## મુંબઈ એરપોર્ટ પર રૂ. 18 કરોડના સોનાની દાણચોરીમાં ઝડપાયા મહિલા રાજદૂત

ઝાકિયા વર્દાકે કહ્યું, 'હું અનેક અંગત હુમલાઓ અને માનહાનિના કારણે રાજીનામું આપી રહી છું. વર્તમાન પરિસ્થિતિએ, મારી ભૂમિકાને અસરકારક રીતે નિભાવવાની મારી ક્ષમતા પર ગંભીર અસર કરી છે. ભારતમાં સૌથી વરિષ્ઠ અફઘાન રાજદ્વારીએ ગઈકાલ શનિવારે પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું હતું. વાસ્તવમાં તેને ગયા મહિને મુંબઈ એરપોર્ટ પરથી અટકાયતમાં લેવામાં આવી હતી. ઝાકિયા વર્દાક પર દુબઈથી અંદાજે $2.2 મિલિયનની કિંમતનું 25 કિલોગ્રામ સોનાની દાણચોરી કરવાનો પ્રયાસ કરવાનો આરોપ હતો. આવા સમાચારો વચ્ચે આખરે તેમણે ગઈકાલ શનિવારે પોતાનું પદ છોડી દીધું હતું. વર્દાકને ત્રણ વર્ષ પહેલા મુંબઈમાં કોન્સલ જનરલ તરીકે ભારત મોકલવામાં આવી હતી. તે ગયા વર્ષના અંતથી નવી દિલ્હીમાં કાર્યકારી રાજદૂત તરીકે કામ કરી રહી હતી. ઝાકિયા વર્દાકે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પોસ્ટ કર્યું, વર્તમાન પરિસ્થિતિએ મારી ભૂમિકાને અસરકારક રીતે નિભાવવાની મારી ક્ષમતા પર ગંભીર અસર કરી છે. તેણે પોતાની પોસ્ટમાં વધુમાં કહ્યું કે મેં આ નિર્ણય ખૂબ જ અફસોસ કરી રહી છું. આવું માત્ર મારી સાથે જ નહીં, મારા પરિવારના નજીકના લોકો સાથે પણ થયું છે. અહેવાલો અનુસાર, ઝાકિયા વર્દાકની ધરપકડ કરવામાં આવી નથી, કારણ કે તેને રાજદ્વારી પ્રતિરક્ષા છે. સામાન્ય રીતે, જો દાણચોરીના સોનાની કિંમત રૂ. 1 કરોડથી વધુ હોય, તો શંકાસ્પદની ધરપકડ કરવામાં આવે છે.

## શાંત જાપાનીઓ હવે આક્રમક બની ગુસ્સાથી પ્રતિક્રિયા આપે છે

(એજન્સી) ટોક્યો | તા 11

સામાન્ય રીતે શાંત, વિનમ્ર અને બીજાનું સમ્માન કરવા માટે ઓળખાતા જાપાનીઓનો સ્વભાવ ઝડપથી બદલાઈ રહ્યો છે. તે ચીડચીડા થઈ રહ્યા છે. આક્રમક થઈને બીજાને જવાબ આપવા લાગ્યા છે. તેને ઝડપથી ગુસ્સો આવી રહ્યો છે. આ કારણે સ્થાનીક પ્રશાસન ચીડચીડા જાપાનીઓને માટે અલગથી કાયદો બનાવી રહ્યું છે.

ઘણી સ્કૂલોમાં પણ આવા લોકો માટે અલગ નિયમ બનાવાય રહ્યા છે. તેના કારણે સાર્વજનિક સ્થાનો પર ગેરવર્તુણકના વધતા કેસ છે. ઈસ્ટ જાપાન રેલવે કંપનીએ હાલમાં જ એક નવી કર્મચારી મેન્યુઅલ જારી કરી છે, જેમાં આક્રમક યાત્રીઓનો સામનો કરવા માટેના દિશાનિર્દેશો સામેલ છે. ટોક્યો નગર નિગમે 22 એપ્રિલથી 'ગ્રાહક ઉત્પીડન' પર માનક તૈયાર કર્યા છે. આ એ લોકો માટે છે જે સ્ટોર કર્મચારી સાથે દુર્વ્યવહાર કરે છે. જાપાનની ચુઓ યુનિવર્સિટીમાં પ્રોફેસર ઈજૂમી સૂજૂ કહે છે-જાપાનમાં લોકોમાં અશિષ્ટતા અને આક્રમકતા સાથે પ્રતિક્રિયા આપવાની પ્રવૃતિ એટલા માટે વધી રહી છે કેમકે પહેલાની સરખામણીએ વધુ તણાવમાં છે. દેશની અર્થવ્યવસ્થા ખરાબ થઈ રહી છે. મોંઘવારી વધી છે. લોકો વધતી કિંમતોના કારણે તો તણાવગ્રસ્ત થઈ જાય છે. આ તણાવને કારણે તેનો વ્યવહાર બદલાઈ રહ્યો છે. વિકસિત જાપાનમાં પહેલા કરિયર, અર્થવ્યવસ્થા કે આવી જ કોઈ અન્ય બાબતો માટે વધુ ચિંતા કરવાની જરૂર નહોતી.

## ઈઝરાયલી ટેન્કો રાફાની રેડ ઝોનમાં પ્રવેશી, હવાઈ હુમલામાં 15નાં મોત

(એજન્સી) ન્યૂયોર્ક | તા 11

અમેરિકી રાષ્ટ્રપ્રમુખ જો બાઈડનની ધમકી છતાં ઈઝરાયલને કોઈ અસર થઈ નથી. ઈઝરાયલે રાફા પર સૈન્ય કાર્યવાહી વધુ તેજ કરી છે. અમેરિકાની ચેતવણી પર ઈઝરાયલના પીએમ નેતન્યાહૂની જીદ ભારે પડી રહી છે. શુક્રવારે ઈઝરાયલી ટેન્કોએ પૂર્વીય રાફાના અડધા ભાગને ઘેરી લીધો હતો. ઈજિપ્તને અડીને આવેલા દક્ષિણ-પૂર્વીય ભાગથી રાફામાં પ્રવેશ્યા પછી ઈઝરાયલની ટેન્કો ગાઝાપટ્ટીને બે ભાગમાં વહેંચનાર સલાહુદ્દીન રોડ પર પહોંચી ગઈ છે. 'રેડ ઝોન'માં પ્રવેશી છે. છેલ્લા 24 કલાકમાં હવાઈ હુમલામાં 15 લોકોના મોત થયા છે. આ પહેલા રાફા હુમલાના લીધે બાઈડન-નેતન્યાહુના સંબંધો વધુ ખરાબ થયા હતા. બંને દેશો વચ્ચે તણાવભર્યા સંબંધોના બીજ રોપાયાં છે. નેતન્યાહુએ કહ્યું હતું કે જો જરૂર પડશે તો ઈઝરાયલ પોતાના નખથી લડશે. લોકોએ કહ્યું- આખા શહેરમાં ગોળા વરસી રહ્યા છે, અમે સુરક્ષિત નથી રાફાના પશ્ચિમ ભાગમાં રહેતા 50 વર્ષીય અલ સુલાનનું કહેવું છે કે આખા શહેરમાં ટેન્કના શેલ પડી રહ્યા છે. અહીં કોઈ જગ્યા સુરક્ષિત નથી. ઈઝરાયલની સેના સમગ્ર રાફાને ટેન્કના શેલ અને હવાઈ હુમલાથી નિશાન બનાવી રહી છે. તેમણે કહ્યું કે પૂર્વ રાફાને ખાલી કરાવવામાં આવ્યું છે અને હવે લોકો પશ્ચિમ રાફાથી ભાગી રહ્યા છે. અલ સુલતાનનું કહેવું છે હું રાફાથી જવાનો પણ પ્રયાસ કરી રહ્યો છું, પરંતુ મારા પરિવાર માટે ટેન્ટ ખરીદવા માટે હું 2,000 શેકેલ પરવડી શકતો નથી. ઈઝરાયલ સમર્થકોએ સંયુક્ત રાષ્ટ્ર એજન્સી (યુએનઆરડબલ્યૂએ)ની ઓફિસ પર હુમલો કર્યો અને આગચંપી કરી. ત્યારબાદ પેલેસ્ટાઈનીઓને રાહત આપતી એજન્સીએ તેના કર્મચારીઓની સુરક્ષાને કારણે જેરુસલેમમાં તેનું મુખ્યાલય અસ્થાયી રૂપે બંધ કરવાનો નિર્ણય લીધો છે.

## બાઇડનને શંકા છે કે ઈઝરાયલે અમેરિકન શસ્ત્રોનો દુરુપયોગ કર્યો:US યુદ્ધને કારણે પુરાવા એકત્ર કરવામાં સક્ષમ નથી

(એજન્સી) ન્યૂયોર્ક | તા 11

યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટે શુક્રવારે એક રિપોર્ટ જાહેર કર્યો છે. એવી શંકા વ્યક્ત કરવામાં આવી છે કે ઈઝરાયલે આંતરરાષ્ટ્રીય કાયદા અનુસાર ગાઝામાં અમેરિકન હથિયારોનો ઉપયોગ કર્યો નથી, જેનાથી માનવ અધિકારોનું ઉલ્લંઘન થયું છે. જોકે, અમેરિકાએ એમ પણ કહ્યું છે કે ગાઝામાં યુદ્ધને કારણે તે આવા નક્કર પુરાવા શોધી શક્યું નથી. તેથી સત્તાવાર રીતે કંઈ કહી શકાય નહીં. અમેરિકા શસ્ત્રોનો પુરવઠો ચાલુ રાખશે. હકિકતમાં. અમેરિકી ધારાશાસ્ત્રીઓએ ફેબ્રુઆરીમાં ઈઝરાયલ પર માનવાધિકાર ઉલ્લંઘનનો આરોપ મૂક્યો હતો. આ પછી ફેબ્રુઆરીમાં જ રાષ્ટ્રપતિ જો બાઇડને તપાસ સમિતિની રચના કરી હતી. તેમણે 7 ઓક્ટોબરથી એપ્રિલના અંત સુધી બનેલી ઘટનાઓને આવરી લેતો અહેવાલ તૈયાર કર્યો હતો. તે હવે બહાર પાડવામાં આવ્યું છે. અમેરિકન ધારાશાસ્ત્રીઓએ ગાઝામાં માનવાધિકાર ઉલ્લંઘનનો આરોપ લગાવ્યો હતો. રાષ્ટ્રપતિ જો બાઇડને આની તપાસ માટે તપાસ સમિતિની રચના કરી હતી. અમેરિકન ધારાશાસ્ત્રીઓએ ગાઝામાં માનવાધિકાર ઉલ્લંઘનનો આરોપ લગાવ્યો હતો. રાષ્ટ્રપતિ જો બાઇડને આની તપાસ માટે તપાસ સમિતિની રચના કરી હતી. ઈઝરાયલે અમેરિકાથી માહિતી છુપાવી હતી

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ઈઝરાયલે (નેશનલ સિક્યુરિટી મેમોરેન્ડમ) NSM-20 હેઠળ આવરી લેવામાં આવેલા હથિયારો વિશે સંપૂર્ણ માહિતી આપી નથી. આ કારણે અમેરિકા દ્વારા આપવામાં આવેલા હથિયારોનો ઉપયોગ ઈઝરાયલે કોની વિરુદ્ધ કર્યો તે નક્કી કરવું મુશ્કેલ બની રહ્યું છે. ફેબ્રુઆરીમાં, બાઇડન વહીવટીતંત્રે અમેરિકા પાસેથી લશ્કરી સહાય મેળવતા દેશોને એક મેમોરેન્ડમ પર હસ્તાક્ષર કરવા માટે મેળવ્યા હતા. તેને NSM-20 નામ આપવામાં આવ્યું હતું. આ મેમોરેન્ડમ હેઠળ, લશ્કરી સહાય મેળવતા દેશો પાસેથી લેખિત ખાતરી લેવામાં આવી હતી કે તેઓ આંતરરાષ્ટ્રીય કાયદા અનુસાર અમેરિકન હથિયારોનો ઉપયોગ કરશે. તેના આધારે અમેરિકા ભવિષ્યમાં તે દેશોને સૈન્ય મદદ કરશે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ઈઝરાયલે 7 ઓક્ટોબર પછી NSM-20 હેઠળ આવતા હથિયારોનો ઉપયોગ કર્યો હતો. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે હમાસ પોતાની સુરક્ષા માટે ઘણીવાર લોકોનો ઢાલ તરીકે ઉપયોગ કરે છે.

તે જ સમયે, ગાઝામાં અમેરિકન સૈનિકોની હાજરીની ગેરહાજરીને કારણે, તેઓ ચોક્કસ મૂલ્યાંકન કરવામાં સક્ષમ નથી. આ તમામ બાબતોને ધ્યાનમાં રાખીને અમેરિકા હાલમાં એવું માનતું નથી કે ઈઝરાયલે નિયમોનું ઉલ્લંઘન કર્યું છે. ઈઝરાયલના હુમલાને કારણે ગાઝામાં અત્યાર સુધીમાં 34,900થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે. મૃત્યુ પામેલાઓમાં 14 હજારથી વધુ બાળકો અને 9 હજારથી વધુ મહિલાઓનો સમાવેશ થાય છે. 19 લાખથી વધુ લોકોને ઘર છોડવું પડ્યું છે. રાફામાં ઈઝરાયલી સેનાના હુમલા બાદ અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઇડને કહ્યું હતું કે અમેરિકા ઈઝરાયલને હથિયાર મોકલવાનું સંપૂર્ણપણે બંધ કરી દેશે. અમેરિકન મીડિયા હાઉસ ન્યૂયોર્ક ટાઈમ્સ અનુસાર, ગાઝામાં યુદ્ધની વચ્ચે અમેરિકાએ ઈઝરાયલને 52,229 155 mm M795 આર્ટિલરી શેલ અને હોવિત્ઝર ગન માટે 30 હજાર શેલ મોકલ્યા છે. ઈઝરાયલને $320 મિલિયનના મૂંગા બોમ્બ પણ આપવામાં આવ્યા છે જે ચોક્કસ હુમલાઓ કરવામાં અસરકારક બનાવવા માટે GPS સાથે ફીટ કરી શકાય છે. આ સિવાય એર ડિફેન્સ સિસ્ટમ, ટેન્ક, હેલફાયર મિસાઈલ અને શોલ્ડર ફાયરિંગ રોકેટ પણ મોકલવામાં આવ્યા છે. આ સિવાય 250 થી 2 હજાર પાઉન્ડના બોમ્બ પણ આપવામાં આવ્યા છે.

## 20 વર્ષ બાદ સૌથી મોટું સૌર વાવાઝોડું પૃથ્વી પર ટકરાયું

ન્યૂયોર્ક | વિશ્વનું સૌથી શક્તિશાળી સૌર વાવાઝોડું 20 વર્ષ બાદ 10 મે, શુક્રવારે ધરતી પર ટકરાયું હતું. આ સૌર વાવાઝોડાના કારણે તસ્માનિયાથી લઈને બ્રિટન સુધી આકાશમાં વીજળીના તેજ કડાકા થયા હતા. ઘણા સેટેલાઈટ અને પાવર ગ્રીડને પણ નુકસાન થયું હતું. સૌર વાવાઝોડાને કારણે વિશ્વના અનેક સ્થળોએ ધ્રૃવિય જ્યોતિ (અરોરા)ની ઘટનાઓ પણ જોવા મળી હતી. આ દરમિયાન, સૌર વાવાઝોડાને કારણે આકાશ રંગબેરંગી દેખાયું હતું. લદ્દાખથી લઈને ફ્લોરિડા સુધીના દુનિયાના અનેક શહેરોમાં આકાશ રંગબેરંગી દેખાયું છે.

અમેરિકન વૈજ્ઞાનિક સંગઠન 'નેશનલ ઓશનિક એન્ડ એટમોસ્ફિયર એડમિનિસ્ટ્રેશન' (NOAA) અનુસાર, આ સૌર વાવાઝોડાની અસર સપ્તાહના અંત સુધી રહેશે. તે મુખ્યત્વે વિશ્વના ઉત્તર અને દક્ષિણ ભાગોમાં જોઈ શકાય છે. પરંતુ જો તે શક્તિશાળી થશે તો તે અન્ય ઘણી જગ્યાએ દેખાઈ શકે છે. વિશ્વભરના સેટેલાઈટ ઓપરેટરો, એરલાઈન્સ અને પાવર ગ્રીડ ઓપરેટરો એલર્ટ પર છે. નેશનલ ઓશનિક એન્ડ એટમોસ્ફિયર એડમિનિસ્ટ્રેશન (NOAA)ના સ્પેસ વેધર પ્રિડિક્શન સેન્ટર અનુસાર, પૃથ્વી પર આ સૌર વાવાઝોડું અનેક કોરોનલ માસ ઈજેક્શન (CMEs)ને કારણે આવ્યું છે.

### સંપત્તિ 16 કરોડની છે જેમાં 10 કરોડ 48 લાખની સ્થાવર મિલકત

# મોંઘેરી કાર, લંડનમાં બેન્ક ખાતું, લાઈસન્સવાળી બંદૂક... ભાજપના ઉમેદવારની સંપત્તિ ચોંકાવનારી

(એજન્સી) નવી દિલ્હી | તા 11

ઉત્તરપ્રદેશની દેવરિયા લોકસભા બેઠક પરથી ભાજપના ઉમેદવાર શશાંક મણિ ત્રિપાઠીએ ગુરુવારે ચાર સેટમાં ઉમેદવારી નોંધાવી. તેમની એફિડેવિટ મુજબ તેમની સંપત્તિ 16 કરોડની છે જેમાં 10 કરોડ 48 લાખની સ્થાવર મિલકત છે. તોની પાસે મોંઘેરી મર્સિડીઝ કાર છે.

મણિ ત્રિપાઠી સામે કોઈ કેસ પણ નોંધાયેલો નથી. આ સિવાય ત્રિપાઠીનું લંડનના કેન્સિંગ્ટન સ્થિત નેટવેસ્ટ બેંકમાં ખાતું છે. ભાજપના ઉમેદવાર શશાંક ફેસબુક, ટ્વિટર અને ઈન્સ્ટાગ્રામ પર ખૂબ જ એક્ટિવ રહે છે. દેવરિયાના બૈતલપુર વિસ્તારના ગામ અરાઈપર (બારપર) ના રહેવાસી શશાંક મણિ ત્રિપાઠીના શિક્ષણ વિશે વાત કરીએ તો, તેમણે 1986માં IIT મુંબઈમાંથી B.Tech અને 1996માં IMD લુકાનમાંથી MBA પૂર્ણ કર્યું હતું. તેઓ વ્યવસાયે સલાહકાર છે અને તેમની કુલ વાર્ષિક આવક રૂ. 1.84 કરોડ છે. શશાંક મણિ પાસે વિવિધ મોંઘેરી કારો છે. એફિડેવિટ મુજબ તેમની પાસે લાયસન્સવાળા હથિયારમાં બે બેરલની બંદૂક છે.પોતાના અને પરિવારના સભ્યોના પૈસા લંડનના બેંક ખાતામાં જમા શશાંક મણિ, તેમની પત્ની અને પુત્રીના બેંક એકાઉન્ટ કેન્સિંગ્ટન લંડનની નેટવેસ્ટ બેંકમાં છે જ્યાં શશાંક મણિના બેંક ખાતામાં 6,48,96,339 રૂપિયા છે, પત્ની ગૌરી ત્રિપાઠીના ખાતામાં 32,43,530 રૂપિયા છે

### ભાજપના આ ઉમેદવારની સંપત્તિ



ભાજપના ઉમેદવાર શશાંક મણિ પાસે મુંબઈમાં 1950 ચોરસ ફૂટનો રહેણાંક ફ્લેટ છે અને તેમણે દેવરિયામાં 4.54 એકર ખેતીની જમીન ખરીદી છે, જેની બજાર કિંમત 2 કરોડ 48 લાખ રૂપિયા છે. તેમની પાસે 55 ગ્રામ સોનું છે. અને મોટી પુત્રીના ખાતામાં રૂ. 32,42,530 તો નાની દીકરીની લંડનમાં ત્રણ અલગ-અલગ બેંકોમાં 7,58,568 રૂપિયા જમા છે.

### પત્ની શું કરે છે?

શશાંકની પત્ની વ્યવસાયે કલાકાર છે. તેમની પાસે 800 ગ્રામ સોનું અને 18 કિલોગ્રામ ચાંદી સહિત એક કરોડ 60 લાખ એકવીસ હજારની સંપત્તિ છે. તેમના ખાતામાં 43.77 લાખ રૂપિયા છે. તેમની પાસે 32.33 લાખ રૂપિયાની જંગમ સંપત્તિ છે અને શશાંક પાસે બે લાખ રૂપિયા છે અને તેની પત્ની ગૌરી પાસે વીસ હજાર રૂપિયા રોકડ તરીકે છે.

### કોંગ્રેસના ઉમેદવાર પાસે લગભગ 1.5 કરોડની સંપત્તિ છે

બીજી તરફ, દેવરિયા લોકસભા બેઠક પરથી શુક્રવારે ચાર સેટમાં ઉમેદવારી નોંધાવી હતી. એફિડેવિટ અનુસાર તેમની પાસે કુલ 1 કરોડ 44 લાખ રૂપિયાની સ્થાવર અને જંગમ મિલકતો છે. અખિલેશ પ્રતાપ સિંહ પર બેંકની 13 લાખ રૂપિયાની લોન છે અને તેમની પાસે કોઈ હથિયાર નથી. અખિલેશ પ્રતાપ સિંહ વિરુદ્ધ કોઈ કેસ નોંધવામાં આવ્યો નથી.



### ત્રણ તબક્કા બાદ મોદી-અમિત શાહની ચિંતા વધી

# ‘હું વડાપ્રધાન મોદી સાથે ગમે ત્યાં વન-ટુ-વન ડિબેટ કરવા તૈયાર...’ રાહુલ ગાંધીએ સ્વીકાર્યો પડકાર

(એજન્સી) નવી દિલ્હી | તા 11

લોકસભાની ચૂંટણીમાં માહોલ ગરમાઇ રહ્યો છે, બે પૂર્વ જજો અને એક વરીષ્ઠ પત્રકારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીને સામસામે ડિબેટ માટે આમંત્રણ આપ્યું હતું, રાહુલ ગાંધીએ આ આમંત્રણનો સ્વીકાર કરી લીધો છે. સાથે જ પડકાર ફેંકતા કહ્યું હતું કે હું કોઇ પણ મંચ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે ડિબેટ (ચર્ચા) કરવા માટે તૈયાર છું. નરેન્દ્ર મોદી અને રાહુલ ગાંધીને સામસામે ચર્ચા કરવા માટે સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયાધીશ મદન ભીમરાવ લોકુર, દિલ્હી હાઈકોર્ટના પૂર્વ મુખ્ય ન્યાયાધીશ અજીત પી. શાહ અને વરીષ્ઠ પત્રકાર એન. રામ દ્વારા પત્ર લખીને આમંત્રણ અપાયું છે. જેનો હાલ રાહુલે સ્વીકાર કરી લીધો છે.

રાહુલ ગાંધીએ આ આમંત્રણને સ્વીકારતા કહ્યું હતું કે હું નરેન્દ્ર મોદી સાથે ડિબેટ માટે તૈયાર છું, પણ મને ખાતરી છે કે નરેન્દ્ર મોદી મારી સાથે ડિબેટ કરવા તૈયાર નહીં થાય. લખનઉમાં એક કાર્યક્રમમાં રાહુલે વધુમાં કહ્યું હતું કે હું ૧૦૦ ટકા કોઇ પણ મંચ પર જનતાના મુદ્દાઓને લઇને નરેન્દ્ર મોદી સાથે ચર્ચા કરવા માટે તૈયાર છું. પરંતુ હું મોદીને જાણુ છું, તેઓ ૧૦૦ ટકા મારી સાથે ડિબેટ કરવા માટે તૈયાર નહીં થાય. જો મોદી મારી સાથે ડિબેટ કરવા તૈયાર ના હોય તો કોંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે સાથે ડિબેટ કરી શકે છે.

નરેન્દ્ર મોદી અને રાહુલ ગાંધી બન્ને એકબીજા પર ઉદ્યોગપતિ અદાણી-અંબાણી પાસેથી કરોડો રૂપિયા લીધા હોવાના આરોપો લગાવી રહ્યા છે. રાહુલ ગાંધીએ કહ્યું હતું કે કહ્યું હતું કે જો ઇન્ડિયા ગઠબંધનની કેન્દ્રમાં સરકાર બનશે તો સરકાર ગરીબો, મજૂરો, બેરોજગાર યુવાઓને એટલી જ રકમ આપશે જેટલી રકમ મોદીએ અદાણી અને અંબાણીને આપી છે. મોદીએ અગાઉ દાવો કર્યો હતો કે કોંગ્રેસે અદાણી-અંબાણી સાથે ડીલ કરી છે તેથી હાલ બન્ને પર કઇ બોલતી નથી. જેનો જવાબ આપતા રાહુલે કહ્યું હતું કે છેલ્લા ૧૦ વર્ષમાં મોદીએ અદાણી અને અંબાણીના નામનો ઉલ્લેખ નથી કર્યો. જોકે હવે મોદી બન્નેના નામો લેવા લાગ્યા છે. મોદીજી કહી રહ્યા છે કે ઇન્ડિયા ગઠબંધને મને ઘેરી લીધો છે, હું હારી રહ્યો છું, અદાણી-અંબાણીજી મને બચાવો. સાથે દાવો કર્યો હતો કે ઉત્તર પ્રદેશમાં ઇન્ડિયા ગઠબંધનનું વાવાઝોડુ આવી રહ્યું છે, નરેન્દ્ર મોદી ફરી વડાપ્રધાન નહીં બને. કોંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું હતું કે ત્રીજા તબક્કા બાદ અમિત શાહ અને નરેન્દ્ર મોદીની ચિંતા વધી ગઇ છે. જેને કારણે તેઓ વિકાસના નામે મત માગવાના બદલે રાહુલ ગાંધીને શેહઝાદા કહીને અપમાન કરવાનો પ્રયાસ કરવા લાગ્યા છે. ત્રણ તબક્કા પૂર્ણ થયા બાદ તેમની ચિંતા વધી ગઇ છે અને હવે મોદી-શાહ ભાજપના ચૂંટણી ઢંઢેરા પર કોઇ વાત નથી કરતા. સાથે જ ખડગેએ મોદીને જુઠો કા સરદાર કહ્યા હતા.

### વિકાસના મુદ્દા છોડી બિનજરૂરી આરોપો લગાવવા લાગ્યા : ખડગે



## ન્યૂઝ કોર્નર

### ‘પાડોશી પહેલો’ તે સિદ્ધાંતને અનુસરી માલદીવના વિદેશ મંત્રીને ડો. એસ. જયશંકરે આપેલો સધ્યારો

નવી દિલ્હી | હિન્દ મહાસાગરના હાર્દ સમા વિસતારમાં રહેલા અતિવ્યૂહાત્મક દ્વિપ સમુહ માલદીવના વિદેશ મંત્રી મૂસા ઝમીર ભારતની યાત્રાએ આવ્યા છે. છેલ્લા કેટલાક સમયથી ભારત અને માલદીવ વચ્ચેના સંબંધો વણસી ગયા હોવાથી તેઓ બંને દેશના સંબંધો ફરી સુધારવા ભારતની મુલાકાતે ઝમીર આવી પહોંચતાં, ભારતના વિદેશ મંત્રી ડો. એસ. જયશંકરે તેઓને ઉષ્માભર્યો આવકાર આપ્યો હતો. આ પછી બંને દેશોના વિદેશ મંત્રીઓ પોતપોતાના પ્રતિનિધિ મંડળો સાથે મળ્યા હતા. તેમજ એક થી એક મંત્રણાઓ પણ કરી હતી.

### કેજરીવાલને માત્ર ચૂંટણી પ્રચાર માટે વચગાળાના જામીન

નવી દિલ્હી | દેશમાં લોકસભા ચૂંટણીનો માહોલ છે. ત્રણ તબક્કાનું મતદાન પૂરું થઈ ગયું છે અને હવે બે દિવસ પછી સોમવારે ચોથા તબક્કાનું મતદાન થવાનું છે ત્યારે સુપ્રીમ કોર્ટે આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલને ચૂંટણી પ્રચાર માટે ૧ જૂન સુધી વચગાળાના શરતી જામીન આપ્યા છે. જોકે, આ સાથે સુપ્રીમે દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલ પર સીએમ ઓફિસમાં જવા, સરકારી દસ્તાવેજો પર હસ્તાક્ષર કરવા પર પ્રતિબંધ મૂકી દીધો છે. આ સાથે તેમને બે જૂને આત્મસમર્પણ કરવા આદેશ આપ્યો છે.

### ટોચના કમાન્ડરોને પકડવા 1200 જવાનોનું સર્ચ અભિયાન

# છત્તીસગઢમાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં 12 નક્સલી ઠાર, ભારે માત્રામાં વિસ્ફોટ-હથિયારો જપ્ત

(એજન્સી) નવી દિલ્હી | તા 11

છત્તીસગઢના બીજાપુરમાં પીડિયાના જંગલોમાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં 12 નક્સલવાદીઓ ઠાર થયા છે. ઘટનામાં બે જવાનો પણ ઈજાગ્રસ્ત થયા છે. સુરક્ષા દળોએ ઘટનાસ્થળેથી મોટા પ્રમાણમાં વિસ્ફોટક સામગ્રી અને હથિયારો જપ્ત કર્યા છે. હાલ સુકમા, બીજાપુર અને દંતેવાડાની ડીઆરજી કોબરાની 210 બટાલિયન અને એસટીએફના જવાનો દ્વારા સર્ચઓપરેશન ચાલી રહ્યું છે.સુરક્ષા જવાનોએ જંગલમાં ઘણા નક્સલવાદીઓને ઘેરીને રાખ્યા છે. ઘટનાસ્થળે શુક્રવારે સવારે માર્યા ગયેલા નક્સલવાદીઓના મૃતદેહો અને હથિયારો સહિતનો સામાન જપ્ત કરાયો છે. જંગલમાં ટોચનો કમાન્ડર હોવાની સૂચના મળ્યા બાદ સર્ચઓપરેશન હાથ ધરાયું છે, જેમાં ત્રણેય જિલ્લાના જવાનો હાલ એન્ટી નક્સલ ઓપરેશન પર છે.

જવાનોને સૂચના મળી હતી કે, ગંગાલૂર પોલીસ સ્ટેશન ક્ષેત્રના પીડિયા વિસ્તારમાં નક્સલીઓના ટોચના કમાન્ડર લિંગા, પાપારાવ સહિત મોટા લીડર્સો જંગલમાં છે. આ ઉપરાંત નક્સલવાદીઓની ટીમમાં DKSJC, DVCM તેમજ ACM કેડરના મોટા નક્સલવાદીઓ પણ હાજર છે.

### દિલ્હી-NCRમાં વરસાદ થતાં ગરમીથી રાહત, તોફાન અને વરસાદને યલો એલર્ટ જાહેર



દિલ્હી-NCRમાં ગઈકાલે રાત્રે તોફાન સાથે સારો વરસાદ થયો હતો. જેને લઈને હાલ હવામાન ઠંડું થઈ ગયું છે. વામાન વિભાગ દ્વારા આજે પણ દિલ્હી-NCRમાં તોફાન અને વરસાદને યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે દેશના ઉત્તરી ભાગોમાં ચેન્જ જોવા મળશે. જેના કારણે ઉચ્ચ હિમાલયી ક્ષેત્રોમાં હિમવર્ષા, ભારે વરસાદ થઈ શકે છે.

### ભાજપ નેતૃત્વને ચેતવણી આપી હતી કે પ્રજ્વલને હાસન લોકસભા બેઠક પરથી ટિકિટ ન આપવી જોઇએ

# રેવન્ના સેક્સ સ્કેન્ડલ મામલે ભાજપ નેતાની ધરપકડ, પ્રજ્વલના અશ્લીલ વીડિયો લીક કરવાનો આરોપ

(એજન્સી) નવી દિલ્હી | તા 11

પ્રજ્વલ રેવન્ના સેક્સ સ્કેન્ડલ કેસમાં ભાજપ નેતા જી.દેવરાજ ગૌડાની પણ ધરપકડ કરવામાં આવી છે. ભાજપના નેતા અને વ્યવસાયે વકીલ. દેવરાજે ગૌડાની શુક્રવારે રાત્રે હાસન ખાતેથી જનતા દળ સેક્યુલર(જેડીએસ) સાંસદ પ્રજ્વલ રેવન્ના સાથે સંબંધિત અશ્લીલ વીડિયો કેસમાં ધરપકડ કરવામાં આવી હતી.પોલીસના જણાવ્યા અનુસાર, દેવરાજે ગૌડાને હિરીયુર પોલીસે ચિત્રદુર્ગ જિલ્લાના ગુલિહાલ ટોલ નાકા પર પેન ડ્રાઈવ દ્વારા વીડિયો લીક કરવા બદલ ધરપકડ કરી હતી. પોલીસે જણાવ્યું કે, હાસન પોલીસ પાસેથી મળેલી બાતમીના આધારે ગૌડાની ધરપકડ કરવામાં આવી હતી.કર્ણાટકમાં 26 એપ્રિલના રોજ મતદાન પહેલા પ્રજ્વલ સાથે કથિત રીતે સંબંધિત કેટલાક અશ્લીલ વીડિયો સામે આવ્યા હતા. દેવરાજે ગૌડા પર આ વીડિયો લીક કરવાનો આરોપ છે, જેને તેમણે સંપૂર્ણપણે ફગાવી દીધા છે. એક મહિલાએ દેવરાજ ગૌડા સામે જાતીય સતામણીનો કેસ પણ નોંધાવ્યો હતો. આરોપ છે કે તેણે પોતાની મિલકત વેચવાના નામે મહિલાની છેડતી કરી હતી.2023માં ગૌડાએ પ્રજ્વલના પિતા એચ.ડી. રેવન્ના સામે હોલેનારસીપુરથી વિધાનસભાની ચૂંટણી લડી હતી. જ્યારે ગૌડાનું કહેવું છે કે પ્રજ્વલના વીડિયો તેમણે નહીં પરંતુ કોંગ્રેસે લીક કર્યા છે. ગૌડાએ કહ્યું કે તેમણે અગાઉ પણ ભાજપ નેતૃત્વને ચેતવણી આપી હતી કે પ્રજ્વલને હાસન લોકસભા બેઠક પરથી ટિકિટ ન આપવી જોઈએ.




# ‘બંને પક્ષકારો 25-25 વૃક્ષો વાવો અને...’ રાજસ્થાન હાઈકોર્ટે એક મંદિર મામલે આપ્યો અનોખો આદેશ

(એજન્સી) જયપુર | તા 11

જયપુરના મંદિરમાં ભગવાનની મૂર્તિઓ અને તસવીરો પર પર ચંદન લગાવવા સંબંધિત કેસમાં રાજસ્થાન હાઈકોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. હાઈકોર્ટે બંને પક્ષકારોને મંદિર પરિસરમાં 25-25 વૃક્ષો વાવવા અને કેસનો નિકાલ ન થાય ત્યાં સુધી તેમની સંભાળ રાખવા આદેશ આપ્યો છે. જાણો શું છે સમગ્ર મામલો....રાજસ્થાન હાઈકોર્ટે શહેરના મ્યુઝિયમ રોડ પર સ્થિત શિવ મંદિરમાં કૃષ્ણાનંદજીની મૂર્તિઓ અને તસવીર પર ચંદન લગાવવા સંબંધિત કેસમાં બંને પક્ષકારોને મંદિર પરિસરમાં 25-25 વૃક્ષો વાવવા અને જ્યાં સુધી કેસનો નિકાલ ન થાય ત્યાં સુધી તેમની સંભાળ રાખવાનો આદેશ આપ્યો છે. આ સાથે હાઈકોર્ટે નીચલી કોર્ટમાં ચાલી રહેલા કેસનો નિકાલ ન થાય ત્યાં સુધી દર વર્ષે જુલાઈના પ્રથમ સપ્તાહમાં આ વૃક્ષોની તસવીરો કોર્ટમાં રજૂ કરવા પણ જણાવ્યું છે.

ભાનુ પ્રકાશ શર્માએ તેમજ અન્યોએ નીચલી અદાલતના આદેશને હાઈકોર્ટમાં પડકાર્યો. જસ્ટિસ અનૂપ કુમાર ઘંડની સિંગલ બેન્ચે ભાનુ પ્રકાશ શર્મા અને અન્યો દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી કરતી વખતે આ આદેશ આપ્યો હતો. હાઈકોર્ટે સુનાવણી દરમિયાન કહ્યું હતું કે ‘વૃક્ષો વાવવાથી પક્ષકારોની ભગવાન અને પ્રકૃતિમાં શ્રદ્ધા વધશે.’ આ ઉપરાંત હાઈકોર્ટે પોતાના આદેશમાં કહ્યું કે ‘દરેક નાગરિકની આપણી સંસ્કૃતિ અને વારસાની રક્ષા કરવાની ફરજ છે. આ સિવાય કોઈને પણ મૂર્તિ કે પ્રતિમાને નુકસાન પહોંચાડવાનો અધિકાર નથી, પરંતુ મંદિરમાં પૂજા કરતા કોઈને રોકવાનો પણ કોઈને અધિકાર નથી.’

આ ઉપરાંત હાઈકોર્ટે વધુમાં કહ્યું કે ‘પ્રતિમા પર ભેળસેળયુક્ત દૂધ, દહીં, કુમકુમ કે ગુલાલ ચઢાવવાની પરવાનગી આપી શકાય નહીં. ચંદનની આડમાં કોઈને રંગ કરવાની મંજૂરી આપી શકાતી નથી. સાથે જ વ્યક્તિની ધાર્મિક ભાવનાઓને પણ ઠેસ પહોંચાડી શકાતી નથી.’ અરજીમાં કહેવામાં આવ્યું છે કે ‘તેઓ (અરજદારો) મ્યુઝિયમ રોડ પર સ્થિત શિવ મંદિરમાં લગભગ ત્રણ દાયકાથી સ્વામી કૃષ્ણાનંદજીની તસવીર પર ચંદન લગાવી રહ્યા છે અને તસવીર પર નામ લખી રહ્યા છે, પરંતુ હવે તેમની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડીને તેમને આમ કરવાથી રોકવામાં આવી રહ્યા છે. નીચલી અદાલતના આદેશની આડમાં તેમને (અરજદારો) સેવા અને પૂજા કરવાથી રોકવામાં આવી રહ્યા છે. તેથી નીચલી અદાલતના આદેશને રદ કરવો જોઈએ.’ અરજદારના વિરોધમાં મંદિર વતી એવું કહેવામાં આવ્યું હતું કે ‘અરજદારને પૂજા કરવાથી રોકવામાં આવી રહ્યા નથી, પરંતુ તેઓ ધાર્મિક લાગણીઓની આડમાં મંદિરની મૂર્તિને નુકસાન પહોંચાડી રહ્યા છે. બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ હાઈકોર્ટે સ્વીકાર્યું હતું કે ‘મંદિરની મૂર્તિને નુકસાન પહોંચાડી શકાય નહીં, પરંતુ પૂજા કરવાથી પણ કોઈને રોકી શકાય નહીં. આ સાથે કોર્ટે બંને પક્ષકારોને મંદિર પરિસરમાં વૃક્ષારોપણ કરવા જણાવ્યું છે.





## ઉત્તર મધ્ય રેલવે

ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટીસ નંબર :- 24/30 તારીખ :- 07-05-2024

ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટીસ

ભારતના રાષ્ટ્રપતિ વતી, મુખ્ય ચીફ મટિરિયલ મેનેજર, નોર્થ સેન્ટ્રલ રેલવે, પ્રયાગરાજ (AN ISO 9001: 2015 પ્રમાણિત એકમ) નીચેના ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડરોને આમંત્રણ આપે છે.

| ક્રમ નં. | ટેન્ડર નંબર | ટૂંકું વર્ણન | જથ્થો | ટેન્ડર ખુલવાની તારીખ |
|---|---|---|---|---|
| 1 | 80244008 | વધારાની વાજબી ટિકિટ | 140563નંગ | 27.05.2024 |
| 2 | 10244003 | એલિમેન્ટ એન્જિન એર ફિલ્ટર | 160 નંગ | 03.06.2024 |
| 3 | 20243726 | સર્કિટ બ્રેકર 10A | 100 નંગ | 27.05.2024 |
| 4 | 20243539A | સિંગલ ડક્ટ લેધર બેલોનો સેટ. | 43 સેટ | 29.05.2024 |
| 5 | 50245120 | 48 OFC ફાઈબર. | 469.50 કિમી | 10.06.2024 |
| 6 | 64235060A | ટેમ્પિંગ યુનિટ ફિર MFI. | 01 સેટ | 10.06.2024 |
| 7 | 64245103 | રેડિયલ સીલ. | 1272 નંગ | 05.06.2024 |
| 8 | 64245115 | ટંગસ્ટન કાર્બાઇડ ટેમ્પિંગ સાધન. | 10 સેટ | 13.06.2024 |
| 9 | 64235153 | ટ્રિપલ પંપ , સર્વો વાલ્વ , પ્રવાહ નિયંત્રણ. | 97 નંગ | 13.06.2024 |
| 10 | 64235096D | ડિસ્ક ક્લેમ્પ રોલર અને બુશ. | 38 નંગ | 29.05.2024 |
| 11 | 64235104C | હાઈડ્રોલિક પંપ. | 09 નંગ | 30.05.2024 |
| 12 | 64235204B | સ્લીવનો સમૂહ. | 54 સેટ | 03.06.2024 |
| 13 | 64245025B | લવચીક કોપર કેબલ | 800 મીટર | 12.06.2024 |
| 14 | 64245010A | સ્પેસર રીંગ. | 969 નંગ | 10.06.2024 |

નોંધ :- ઉપરોક્ત ટેન્ડરોની સંપૂર્ણ માહિતી IREPS વેબસાઈટ એટલે કે https://www.ireps.gov.in પરથી જોઈ અને ડાઉનલોડ કરી શકાય છે. , ટેન્ડરમાં કોઈપણ ફેરફાર/શુદ્ધિ માટે કૃપા કરીને નિયમિતપણે આ વેબસાઈટની મુલાકાત લો. ન્યૂઝ પેપરમાં કોઈ અલગ સુધારણા/ફેરફાર પ્રકાશિત કરવામાં આવશે નહીં. 817/24(K)

@CPRONCR @northcentralrailway North central railways www.ncr.indianrailways.gov.in



## ઉત્તર મધ્ય રેલવે

ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટીસ નંબર :- ઝાંસી/ઉમુસાપ્ર/2024/13 તારીખ :- 06-05-2024

ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટીસ

ભારતના રાષ્ટ્રપતિ વતી, ડેપ્યુટી ચીફ મટિરિયલ મેનેજર જનરલ સ્ટોર ડેપો ઝાંસી નીચેની વસ્તુઓ માટે ઈ-પ્રોક્યુરમેન્ટ ટેન્ડરો આમંત્રિત કરે છે.

ક્રમ નં :- 1 | ટેન્ડર નંબર :- 51245006એ | જથ્થો :- 01 નંગ

વસ્તુ નુ વિવરણ :- ઈલેક્ટ્રિક સંચાલિત સ્ક્રુ પ્રકારના એર કોમ્પ્રેસર માટે કોમ્બી કૂલર, મેક -KPCL, મોડલ:- KES 30-15, ભાગ નંબર:- 271.10.267.50, બનાવો - KPCL/સમાન, ખાસ શરતઃ- 1. KPCL અથવા OEM નું અધિકૃત ડીલરશીપ પ્રમાણપત્ર એર કોમ્પ્રેસર સપ્લાય સમયે સપ્લાયર દ્વારા સબમિટ કરવું આવશ્યક છે. , 2. સફળ ઈન્સ્ટોલેશન અને કમિશનિંગ તારીખ પછી સપ્લાયર સામગ્રીની એક વર્ષની વોરંટી. વસ્તુઓની ગેરંટી/વોરંટી અને પરીક્ષણ પ્રમાણપત્ર સપ્લાય સમયે પ્રદાન કરે છે.

ક્રમ નં :- 2 | ટેન્ડર નંબર :- 51245088એ | જથ્થો :- 01 નંગ

વસ્તુ નુ વિવરણ :- એર કોમ્પ્રેસર માટે કોમ્બી કૂલર, મેક-કિર્લોસ્કર ન્યુમેટિક કંપની લિમિટેડ. , મોડલ નંબર - KES 75 માં કોમ્બી કુલરનો જથ્થો 01 નંગ, પંખો 01 નંગ, પંખો 01 નંગ, પંખો મોટર 01 નંગ, સ્ક્રુ હેક્સ std 06 નંગ અને વૉશર સ્પ્રિંગ સ્ટીલ 06 નંગ ID 8.2×2.0 ભાગ નંબર -32.0 ભાગ. KES 75 માટે 710.50. , સામગ્રી માત્ર KPCL અને OEM ફર્મના અધિકૃત ડીલરો પાસેથી ખરીદવી જોઈએ. , KPCL નું અધિકૃત ડીલરશીપ પ્રમાણપત્ર સપ્લાય સમયે સપ્લાયર દ્વારા સબમિટ કરવું આવશ્યક છે. સફળ ઈન્સ્ટોલેશન અને કમિશનિંગ તારીખ પછી સપ્લાય કરેલી વસ્તુઓની એક વર્ષની વોરંટી. ઓપન ટેન્ડર.

ટેન્ડર ખુલવાની તારીખ :- બન્ને ટેન્ડરો માટે 31-05-2024

બાના રકમ :- બન્ને ટેન્ડરો માટે શૂન્ય

નોંધ :- (1) ઉપરોક્ત ઈ-પ્રોક્યોરમેન્ટની સંપૂર્ણ માહિતી વેબસાઈટ http://www.ireps.gov.in પર ઉપલબ્ધ છે. (2) ઉપરોક્ત ટેન્ડરો સામે ઈ-બીડના સ્વરૂપ સિવાયની બિડ સ્વીકારવામાં આવશે નહીં. આ હેતુ માટે વિક્રેતાઓએ IT એક્ટ-2000 હેઠળ CCA દ્વારા જારી કરાયેલ ડિજિટલ હસ્તાક્ષર પ્રમાણપત્ર સાથે IREPS વેબસાઈટ પર પોતાને નોંધણી કરાવવાની જરૂર છે. (3) નાણાકીય દર પેજમાં દાખલ કરેલ અને યોગ્ય રીતે ડિજિટલી સહી કરેલ દરો ધ્યાનમાં લેવામાં આવશે. દરો અને અન્ય કોઈપણ નાણાકીય એન્ટિટી કોઈપણ અન્ય સ્વરૂપમાં/લેટર હેડમાં જો વિક્રેતાઓ દ્વારા જોડવામાં આવે તો તેને તરત જ અવગણવામાં આવશે અને ધ્યાનમાં લેવામાં આવશે નહીં. 823/24(A)

North central railways | www.ncr.indianrailways.gov.in | @northcentralrailway | @CPRONCR


રીવેરિફિકેશન

### ડિજિટલ છેતરપિંડી રોકવા સરકારનો મહત્વનો નિર્ણય

# 28200 મોબાઈલ ફોન બંધ થશે, 20 લાખ ફોન નંબરનું રીવેરિફિકેશન કરાશે, સરકારે કેમ લીધો નિર્ણય?

(એજન્સી) નવી દિલ્હી | તા 11

‘ડિજિટલ ઈન્ડિયા’ તરફ આગળ વધી રહેલા ભારતમાં સાયબર ગુનાઓનું પ્રમાણ પણ વધી રહ્યું છે ત્યારે સરકારે મોબાઈલ ફોનથી થતા સાયબર ગુનાઓ પર લગામ લગાવવા માટે શુક્રવારે મોટું પગલું ભર્યું છે. સરકારે શુક્રવારે ટેલિકોમ કંપનીઓને 28200 મોબાઈલ ફોન બંધ કરવાનો નિર્દેશ આપ્યો છે. સાથે જ આ હેન્ડસેટ સાથે સંકળાયેલા 20 લાખ મોબાઈલ નંબરોની ફરીથી તપાસ કરવા પણ જણાવ્યું છે.

દેશમાં સાયબર ક્રાઈમ અને નાણાકીય છેતરપિંડીમાં ટેલિકોમ સંશાધનોનો દુરુપયોગ રોકવા માટે સરકારે ટેલિકોમ કંપનીઓને આ નિર્દેશ આપ્યા છે. ટેલિકોમ મંત્રાલયે શુક્રવારે એક નિવેદનમાં કહ્યું કે, ડિજિટલ જોખમોથી નાગરિકોની સુરક્ષા અને કૌભાંડીઓનું નેટવર્ક તોડી પાડવાના આશયથી ટેલિકોમ વિભાગ, ગૃહમંત્રાલય અને રાજ્ય પોલીસ દ્વારા મળીને સંયુક્ત રીતે આ કાર્યવાહી કરવામાં આવી રહી છે. ગૃહમંત્રાલય અને રાજ્ય પોલીસની તપાસમાં જણાયું હતું કે, 28200 મોબાઈલ હેન્ડસેટનો સાયબર ક્રાઈમમાં ઉપયોગ થઈ રહ્યો છે. ત્યાર પછી ટેલિકોમ વિભાગની તપાસમાં જણાયું કે, આ મોબાઈલ ફોન પરથી 20 લાખ જેટલા નંબરોનો ઉપયોગ કરાઈ રહ્યો હતો. આ તપાસ પછી હવે ટેલિકોમ વિભાગે આ મોબાઈલ ફોનને આખા દેશમાં બ્લોક કરવા માટે ટેલિકોમ કંપનીઓને આદેશ આપ્યો છે. સાથે જ આ ફોન સાથે સંકળાયેલા 20 લાખ મોબાઈલ નંબરોની તુરંત ફરીથી તપાસ કરવા માટે પણ જણાવાયું છે. પુનઃ તપાસમાં આ નંબર યોગ્ય નહીં હોવાનું જણાય તો તેને પણ બંધ કરી દેવાનો આદેશ ટેલિકોમ કંપનીઓને ટેલિકોમ વિભાગ દ્વારા અપાયો છે.ટેલિકોમ વિભાગે ટેલિકોમ છેતરપિંડી સંબંધિત ફરિયાદો સાંભળવા માટે બે મહિના પહેલા ચક્ષુ પોર્ટલ લોન્ચ કર્યું હતું. આ પોર્ટલ લોન્ચ કર્યા બાદથી વિભાગે સમગ્ર દેશમાં નાણાકીય છેતરપિંડીના ઈરાદાથી એસએમએસ મોકલનારા બાવન એકમોને બ્લેકલિસ્ટ કરી દીધા હતા, 348 મોબાઈલ હેન્ડસેટ બ્લોક કરી દીધા હતા અને 10834 શકમંદ મોબાઈલ નંબર્સની પુનઃ તપાસના નિર્દેશ આપ્યા હતા.

# ISRO દ્વારા 3D પ્રિન્ટિંગ ટેકનિકથી બનેલા લિક્વિડ રૉકેટ એન્જિનનું સફળ પરીક્ષણ

(એજન્સી) નવી દિલ્હી | તા 11

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO) એ 9 મે, 2024ના રોજ 665 સેકન્ડના સમયગાળા માટે એડિટિવ મેન્યુફેક્ચરિંગ ટેક્નોલોજી (3D પ્રિન્ટિંગ ટેક્નોલોજી) દ્વારા ઉત્પાદિત લિક્વિડ રોકેટ એન્જિનના સફળ હોટ ટેસ્ટિંગ સાથે વધુ એક મોટી સફળતા હાંસલ કરી છે.


## ઉત્તર મધ્ય રેલવે

ઈ-ટેન્ડરિંગ ટેન્ડર સૂચના

ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેના માટે, ડિવિઝનલ રેલ્વે મેનેજર/વર્કસ/ઝાંસીએ નીચેના કામ માટે ઓનલાઈન (ઈ-ટેન્ડરિંગ) દ્વારા ઓપન ટેન્ડર આમંત્રિત કર્યા છે.

ઈ-ટેન્ડર સૂચના નંબર :- ઝાંસી-ઈન્જી-સી-2024-89

કામનું નામ:- વીરાંગના લક્ષ્મીબાઈ ઝાંસી - કાનપુર વિભાગ: અતિક્રમણ સ્થાન પર મર્યાદિત ઊંચાઈના પેડેસ્ટ્રિયન સબવેની જોગવાઈ (ભુઆ ઓરાઈ વચ્ચે 2 નંબર સબવે અને એટ-માલાસા વિભાગ વચ્ચે 6 નંબર સબવે.

અંદાજીત ખર્ચ રૂ :- 166249971.73 | અનામત રકમ :- 981300.00

સ્વીકૃતિ પત્ર મળ્યાથી કાર્ય પૂર્ણ કરવાનો સમય /અવધિ ની તારીખ :- 12 મહિના

ટેન્ડર બંધ થવાની તારીખ :- 03-06-2024એ 15:00 કલાક • ટેન્ડર તારીખ 03-06-2024 એ 15:00 કલાક સુધી ઓનલાઈન જમા કરાવી શકાશે. • પૂર્ણ માહિતી તેમજ ટેન્ડર પ્રસ્તુતિ માટે કૃપા કરીને ભારતીય રેલવેની વેબસાઈટ www.ireps.gov.in પર જુઓ 824/24(P)

North central railways www.ncr.indianrailways.gov.in @northcentralrailway @CPRONCR

સિટી એક્સપ્રેસ
SUNDAY 12 MAY-2024
AHMEDABAD



## રૂપિયાનો થેલો ભૂલી ગયેલાને શોધીને પરત કરાયો

અંબાજી | યાત્રાધામ અંબાજીમાં શ્રદ્ધાથી મા અંબાની સામે માથુ ટેકવે છે. અંબાજી પોલીસે એક કિસ્સામાં માનવતાની મિસાલ કાયમ કરી છે. મહારાષ્ટ્રથી અંબાજી દર્શન કરવા આવેલા એક શ્રદ્ધાળુ 30 હજાર ભરેલી થેલી ત્યાં જ ભૂલીને જતા રહ્યા હતા. ત્યારે અંબાજી પોલીસે આ શ્રદ્ધાળુઓને શોધીને તેમનો રૂપિયા ભરેલો થેલો પરત સોંપ્યો હતો. યુગલ મંદિર બહાર ફોટા પાડવામાં મશગૂલ હતુ. ફોટો પાડવાના ચક્કરમાં તેઓ રૂપિયા 30 હજાર જેટલી માતબર રકમ ભરેલી થેલી મંદિર આગળ જ ભૂલીને ચાલ્યા ગયા હતા.

## લગ્નમાં જમણવાર બાદ 39 લોકોને ફૂડ પોઇઝનિંગ

સુરેન્દ્રનગર | સુરેન્દ્રનગરના લીંબડી તાલુકાના રોજાસર ગામે લગ્ન પ્રસંગમાં જમણવાર બાદ ફૂડ પોઇઝનિંગના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. મળતી માહિતી મુજબ, લગ્ન પ્રસંગમાં જમણવાર બાદ બાળકો અને મહિલાઓ સહિત અંદાજે 25 થી વધુ લોકોને ફૂડ પોઇઝનિંગની અસર થતા હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. રોજાસર ગામે લગ્ન પ્રસંગમાં જમણવાર બાદ ફૂડ પોઇઝનિંગની અસર થઈ હતી. બાળકો અને મહિલાઓ સહિત અંદાજે 39 થી વધુ લોકોને ફૂડ પોઇઝનિંગની અસર થતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

# ધોરણ 10નું 82.56% પરિણામ: 30 વર્ષનું રેકોર્ડબ્રેક રિઝલ્ટ

(એજન્સી) અમદાવાદ | તા.11


ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચ માસમાં યોજાયેલી ધોરણ 10ની પરીક્ષાનું પરિણામ આજે 11 મે, 2024ને શનિવારે જાહેર કરવામાં આવ્યું છે. આ વર્ષે એટલે કે 2024ના વર્ષનું 82.56 ટકા રિઝલ્ટ આવ્યું છે. જ્યારે ગત વર્ષ 2023 કરતાં 17.94 ટકા પરિણામ વધ્યું છે. આ વર્ષે એટલે કે 2024ના વર્ષનું છેલ્લાં 30 વર્ષનું રેકોર્ડબ્રેક રિઝલ્ટ આવ્યું છે. આ વર્ષે છોકરાઓ કરતાં છોકરીઓએ બાજી મારી છે, 2023 કરતાં આ વર્ષે 17.94 ટકા વધુ પરિણામ આવ્યું છે. સૌથી વધુ ગાંધીનગર જિલ્લાનું 87.22 ટકા પરિણામ આવ્યું છે. ગત વર્ષ કરતાં A1 ગ્રેડ વિદ્યાર્થીઓની સંખ્યા ચાર ગણી વધી છે. ગત વર્ષે A1 ગ્રેડ મેળવનારા વિદ્યાર્થીઓની સંખ્યા 6111 હતી, જ્યારે આ વર્ષે A1 ગ્રેડ મેળવનારા વિદ્યાર્થીઓની સંખ્યા 23,247 પહોંચી છે.





**રાજકોટમાં કેદીઓએ પરીક્ષા પાસ કરી :** રાજકોટમાં આજે ધોરણ 10નું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું જેમાં રાજકોટ જિલ્લા જેલમાં સજા ભોગવતા 8 કેદીઓએ પણ પરીક્ષા આપી હતી.જે પૈકી 4 કેદીઓ ઉતીર્ણ થતાં જેલનું પરિણામ 50 ટકા આવ્યું છે પાસ થયેલા પાકા કામના ચુડાસમા નરેશ મનસુખભાઇ, વેસરા રવા હમીરભાઈ તેમજ કાચા કામના જુનેબ ઈકબાલ ચૌહાણ અને પાર્થ મહેશભાઇ જોગિયાણીને જેલ સહાયક ચંદ્રવાડિયા અને જેલ અધિક્ષક જાડેજાએ પુષ્પગુચ્છ આપી સન્માનિત કર્યા હતા. 8 કેદીઓ પૈકી બે કાચા-બે પાકા સહિત ચાર કેદીઓ થયા છે ઉતીર્ણ.

### લીંબડીનો વિદ્યાર્થી 99.99% સાથે રાજયમાં પ્રથમ નંબરે



સુરેન્દ્રનગરના લીંબડીનો વિદ્યાર્થી રાવલ મિત કે જેણે 99.99% સાથે રાજ્યમાં પ્રથમ નંબરે ઉતીર્ણ થયો છે,ધોરણ 10માં સમગ્ર ગુજરાત રાજ્યમાં 600 માંથી 589 માર્ક મેળવ્યા છે.સાથે સાથે ગણિત, વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન વિષયમાં 100 માંથી 100 માર્ક મેળવ્યા છે.મિતે લીંબડી તાલુકાની સસ્વતી શાળામાં અભ્યાસ પૂર્ણ કર્યો છે.

**અમદાવાદની રીયા પણ 93 ટકા સાથે A1 ગ્રેડ :** આજે ધોરણ 10નું ગુજરાત બોર્ડનુ પરિણામ આવ્યું છે,જેમાં ઘણા બાળકો અવ્વલ નંબરે પહોચ્યાં છે,જેમાંની એક છોકરી છે રીયા કે જેણે પોતાના માતા-પિતાનું નામ રોશન કર્યુ છે,રીયાના માતા-પિતા એ મૂકબધીર છે,અને તેણે 93 ટકા સાથે A1 ગ્રેડ મેળવ્યો છે.રીયાએ સંદેશ સાથેની વાતચીતમાં જણાવ્યું કે તે શાળાએ ભણવા કોઈ વાહન નહી પણ AMTS બસમાં જતી હતી.



**પાણીપુરીની લારી ચલાવતા પિતાની દીકરીએ ડંકો વગાડ્યો :** વડોદરામાં પાણીપૂરીની લારી ચલાવતા પિતાની દીકરીએ 99.72 પીઆર મેળવી આગળ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરી ડોક્ટર બનવાનું સપનું સેવ્યું છે. વડોદરામાં છેલ્લાં 25 વર્ષથી રહેતા અને પાણીપૂરીની લારી ચલાવતા પ્રકાશભાઈ કુશવાહાની દીકરી અંગ્રેજી મીડિયમમાં અભ્યાસ કરે છે અને ધોરણ 10માં 99.72 પીઆર મેળવી સ્કૂલમાં આગવું સ્થાન મેળવ્યું છે. પરિવારમાં 2 દીકરી અને 1 દીકરો છે, તે પણ અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરે છે. તેઓ શહેરના ફતેપુરા કુંભરવાડામાં રહે છે અને બાળકોને ભણાવે છે.

### રત્નકલાકારના પુત્રએ મેળવ્યો A1 ગ્રેડ

સુરતના ચિરાગભાઈ વેકરિયાએ જણાવ્યું હતું કે મારે A1 ગ્રેડ આવ્યો છે, સાથે 94.85 ટકા આવ્યા છે. પર્સન્ટાઈલ 99.25 છે. મારાં મમ્મી હાઉસવાઈફ છે અને પપ્પા હીરાનું કામ કરે છે. તૈયારીની વાત કરીએ તો સવારે વહેલા ઊઠીને અને સવારે ન જાગું તો મોડી રાત સુધી વાંચતો હતો. આગળ એન્જિનિયર બનવાની ઈચ્છા છે.

CRIME NEWS

## અંબાજી મંદિરના સુવર્ણમય શિખરની કામગીરી માટે ભક્તે 67.960 ગ્રામ સોનુ અર્પણ કર્યું

અમદાવાદ | યાત્રાધામ અંબાજી મંદિરના સુવર્ણમય શિખરની કામગીરી માટે બરોડાના માઈભક્તે 67.960 ગ્રામ સોનાની લગડીનું ગુપ્ત દાન કર્યું છે. અંદાજીત રૂપિયા 4. 89 લાખની કિંમતનું સોનુ અંબાજી મંદિર ટ્રસ્ટને ભેટમાં આપ્યું છે. બરોડાના દાતાએ સોનાનું દાન કરી પોતાની ઓળખ ગુપ્ત રાખી શક્તિ, ભક્તિ અને આસ્થાનો ત્રિવેણી સંગમ એટલે જગવિખ્યાત યાત્રાધામ અંબાજી ગુજરાત અને રાજસ્થાનની સરહદ ઉપર આવેલું છે. અંબાજી દેશના 51 શક્તિપીઠમાં આદ્યશક્તિ પીઠ તરીકે ઓળખાય છે. અંબાજી મંદિર ઉપર નાના-મોટા 358 સુવર્ણ કળશ લાગેલા છે એટલે આ શક્તિપીઠ ગોલ્ડન ટેમ્પલ તરીકે ઓળખાય છે. અંબાજી મંદિરમાં ભક્તો દાન દિલ ખોલીને કરી રહ્યા છે. ત્યારે અંબાજી મંદિરને સુવર્ણમય શિખર બનાવવાની કામગીરી માટે ભક્તો અંબાજી મંદિરમાં સોનાનું પણ દાન આપી રહ્યા છે.

## દાહોદના વાતાવરણમાં આવ્યો પલટો, કમોસમી વરસાદને લઈ ખેડૂતો ચિંતિત

વડોદરા | હવામાન વિભાગની આગાહી પ્રમાણે, દાહોદ શહેરમાં કમોસમી માવઠું પડ્યું છે. કાળઝાળ ગરમી વચ્ચે હળવો વરસાદ થતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. કમોસમી વરસાદને લઈને ખેડૂતોમાં ચિંતાનો માહોલ છે. દાહોદ શહેર સહિત છાપરી, રામપુરા, ગલાલીયા વાડ, રળીયાતી સહિત વિસ્તારમાં વરસાદ છે. હવામાન વિભાગે આજે વલસાડ, નવસારી, ડાંગ, દાહોદ, છોટાઉદેપુરમાં વરસાદની આગાહી કરી છે. દાહોદના વાતાવરણમાં આવ્યો પલટો આવ્યો છે. સવારથી વાદળછાયું વાતાવરણ અને અસહ્ય ગરમી વચ્ચે હળવો વરસાદ ખાબક્યો છે. વરસાદના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. જોકે કમોસમી વરસાદને લઈને ખેડૂતોમાં ચિંતા વ્યાપી ગઈ છે. ઉનાળુ પાકને નુકસાન થવાની ભીતિં ખેડૂતોમાં સેવાઇ રહી છે. રાજ્યમાં સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થતાં વરસાદની આગાહી કરવામાં આવી છે. ગાજવીજ અને ભારે પવન સાથે રાજ્યમાં વરસાદની આગાહી છે.

## દહેજની દીપેક કંપનીમાં મોટી દુર્ઘટના; 5 લાખ લિટરની ટાંકી ફાટતા 2ના મોત, 4 ઘાયલ

વડોદરા |ભરૂચ જિલ્લાના દહેજની ઈપેક કંપનીમાં એક મોટી દુર્ઘટના સર્જાઈ છે. ઈપેક કંપનીમાં પાણીની ટાંકી ફાટી જતા 2 લોકોના કરૂણ મોત થયા છે, જ્યારે 4 લોકોને ઈજા પહોંચી છે. પાણીની ટાંકી ફાટી જતા કામદારો તણાયા હતા. આ ઘટનામાં મળતી માહિતી પ્રમાણે, દહેજની ઈપેક કંપનીમાં પાંચ લાખ લિટરની લોખંડની પાણીની ટાંકી ફાટી જતા એક મોટી દુર્ઘટના બની છે. પાણીની ટાંકી ફાટી જતા કામદારો પાણીના વહેણમાં તણાયા. જેમાં 2 લોકોના મોત થયા જ્યારે 4 લોકોને ઈજા પહોંચી છે. આ ઘટનાની માહિતી મળજા પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. પોલીસે ઘટનામાં 2 મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે ભરૂચ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસને મળેલી પ્રાથમિક માહિતી અનુસાર ઈપેક કંપનીમાં બનેલી ઘટનામાં સૂરજ રામ બહાદુર (ઉં.વર્ષ 21) તથા વિશાલકુમાર કલ્યાણ રાય (ઉં.22)નું કરૂણ મોત થયું છે.

# DEOના આદેશ છતાં સ્કૂલમાં પ્રવેશ મામલે વિવાદ

## વાલીઓએ પ્રવેશ ફોર્મ માગતા કહ્યું- અમને DEO તરફથી લેખિત આદેશ મળ્યો નથી, શિક્ષકોની અછતના કારણે ટાળે છે નવા એડમિશન

(એજન્સી) અમદાવાદ | તા.11

અમદાવાદની રાજસ્થાન સ્કૂલમાં પ્રવેશ મામલે ફરી એકવાર વિવાદ સર્જાયો છે. સ્કૂલ દ્વારા ધોરણ-9માં વિદ્યાર્થીઓને પ્રવેશ માટે ફોર્મ આપવામાં આવી રહ્યા નથી, જેથી વાલીઓએ સ્કૂલમાં હોબાળો કર્યો હતો. સ્કૂલ સંચાલકોનું કહેવું છે કે, અમને DEO કચેરી તરફથી લેખિતમાં કોઈ આદેશ મળ્યો નથી અને અમારી સ્કૂલમાં શિક્ષકોની અછત છે, જેથી અમે પ્રવેશ આપી રહ્યા નથી.

### સ્કૂલ દ્વારા DEOના આદેશનું ઉલ્લંઘન

શાહીબાગમાં આવેલી રાજસ્થાન સ્કૂલમાં થોડા દિવસ અગાઉ ધોરણ-9માં હિન્દી મીડિયમમાં પ્રવેશ ન આપવામાં આવતા વાલીઓએ DEOને જાણ કરતા DEO દ્વારા સ્કૂલને બંધ ન કરી વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા જાણ કરવામાં આવી હતી તેમછતાં સ્કૂલ દ્વારા DEOના આદેશનું ઉલ્લંઘન કરી પ્રવેશ આપવામાં આવ્યો નથી. વાલીઓને અલગ-અલગ તારીખ પર આવવાનું જણાવી એડમિશન માટેનું ફોર્મ પણ આપવામાં આવતું નથી.

### ■ શિક્ષકો જ નથી તો એડમિશન કેમ આપવું?



સ્કૂલ સંચાલકોના કહ્યા મુજબ તેમને DEO તરફથી એડમિશન આપવા કોઈ લેખિતમાં જાણ કરવામાં આવી નથી અને શિક્ષકો પૂરતા પ્રમાણમાં ન હોવાથી એડમિશન આપી શકાય નહિ. જ્ઞાન સહાયક શિક્ષકો માટે મંજૂરી માંગી નથી. માત્ર કાયમી શિક્ષકો આપવામાં આવે એવી માંગ કરવામાં આવી છે. તો બીજી તરફ DEO દ્વારા કહેવામાં આવે છે કે, સ્કૂલને નોટિસ આપવામાં આવી જ હતી હવે સ્કૂલ એડમિશન ન આપે તો કડક પગલાં લેવામાં આવશે.

### ■ DEO એ અમને લેખિતમાં સૂચના આપી નથી

સ્કૂલના સંચાલક દીપચંદ બાફરાએ જણાવ્યું હતું કે, ધોરણ-9માં નવેસરથી એડમિશન આપવાનું હોય છે. અમારે ત્યાં 9માંથી 8 શિક્ષકોની ઘટ છે.શિક્ષક ન હોય તો વિદ્યાર્થીઓના હિતમાં એડમિશન ન આપી શકાય. અમે ટ્રસ્ટના ફંડમાંથી શિક્ષકોને પૈસા ચૂકવીએ છીએ. અમે DEOને અનેક લેટર લખ્યા છે પરંતુ, તેમનો જવાબ મળતો નથી. જ્ઞાન સહાયક સપ્ટેમ્બર મહિનામાં મળે છે, જેથી અમે લીધા નથી. અમારે કાયમી શિક્ષકો જ જોઈએ છે.

# સંતરામપુરના પરથમપુર ગામ ખાતે શાંતિપૂર્ણ માહોલમાં ચૂંટણી સંપન્ન

જગદીશ ત્રિવેદી | લુણાવાડા

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત આજે ફરી વખત સંતરામપુર તાલુકાના પરથમપુર ગામ ખાતે ચૂંટણી માટે શાંતિપૂર્ણ વાતાવરણમાં મતદાન પ્રક્રિયાનો સવારે ૭-૦૦ કલાકે પ્રારંભ થયો હતો. મતદારો મતદાન મથકો ઉપર સવારથી જ મતદાન કરવા પરિવારના સભ્યો સાથે ઉમટી પડયા હતાં. મતદારોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.



જિલ્લા ચૂંટણી તંત્રે અહીં વધુમાં વધુ મતદાન થાય તે માટેના હાથ ધરેલા પ્રયાસોને સારો પ્રતિસાદ મળવા પામ્યો હતો. સાથે જિલ્લાના મતદારો નિર્ભિક થઈ, પારદર્શક રીતે મતદાન કરી શકે તે માટે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સહિત,સી.સી.ટીવી કેમેરા જેવી વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરી, સમગ્ર પ્રક્રિયા ઉપર ચાપતી નજર રાખવામાં આવી હતી.

મહીસાગર જિલ્લા ચૂંટણી અધિકારી શ્રીમતી નેહા કુમારીની આગેવાની હેઠળ જિલાના ચુંટણી તંત્રે સમગ્ર ચૂંટણી પ્રક્રિયા નિષ્પક્ષ, પારદર્શી રીતે સમ્પન્ન થાય તેની વિશેષ તકેદારી જાળવી હતી. મતદાન મથકો ઉપર ચૂંટણીની આદર્શ આચાર સંહિતાનું પાલન થાય તેની પુરતી તકેદારી રખાઈ હતી. સમગ્ર દિવસ દરમિયાન જિલ્લામાં કોઈપણ અનિચ્છનીય બનાવ બન્યો નથી. તેમજ મતદાન મથકો ઉપર શાંતીપૂર્વક મતદાનની પ્રક્રિયા ચાલી હતી.

### ઈફકો ચેરમેન દિલીપ સંઘાણીનું રાજકોટમાં ભવ્ય સ્વાગત

# વાદ નહીં વિવાદ નહીં, વિકાસ સિવાય કોઇ વાત નહીં: દિલીપ સંઘાણી

(એજન્સી) રાજકોટ | તા.11

ઈફકો ચેરમેન દિલીપ સંઘાણી રાજકોટ પહોંચ્યા છે. રાજકોટ એરપોર્ટ ઉપર દિલીપ સંઘાણીનું ભવ્ય સ્વાગત કરવામા આવ્યું છે. ચેરમેન બન્યા પછી દિલીપ સંઘાણી રાજકોટ પહોંચ્યા છે. રાજકોટ પહોંચતાની સાથે જ દિલીપ સંઘાણીનું કાર્યકરો આગેવાનો, સહકારી અગ્રણીઓએ ભવ્ય સ્વાગત કર્યુ હતું.



ઈફકો ચેરમેન દિલીપ સંઘાણી રાજકોટ પહોંચતાની સાથે મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે, પહેલા મેન્ડેટ પ્રથા હતી જ નહીં, વાદ નહી વિવાદ નહી, એક માત્ર વિકાસની જ વાત થશે, ખેડૂતો માટે નક્કર કામગીરી કરવામાં આવે છે. આ સાથે હું કોઈપણ જૂથવાદમાં પડવા માંગતો નથી. પણ જેમને સહયોગ જોશે તેમને સહયોગ આપીશ. હોદ્દા પર રહેનારાઓએ મર્યાદા રાખવી જોઈએ.

ઈફકો ચૂંટણીને લઈને ચાલી રહેલા વિવાદમાં દિલીપ સંઘાણીએ કહ્યું હતું કે પહેલા મેન્ડેડ પ્રથા હતી જ નહીં. સીઆર પાટીલના નિવેદન અંગે કહ્યું હું કોઈથી ડરું તેઓ નથી. હોદ્દા ઉપર રહેનારાઓએ મર્યાદા રાખવી જોઈએ. મહત્વનું છે કે જયેશ રાદડિયાએ ભાજપના મેન્ડેડ વિરુદ્ધ ઉમેદવારી નોંધાવી હતી. જયેશ રાદડિયા ડિરેક્ટર તરીકે ચૂંટાઈ જતા ભાજપનું જ એક જૂથ સક્રિય થયું છે. દિલીપ સંઘાણીએ વધુમાં કહ્યું હતું કે, રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની યોજનાઓ અને વિકાસની જ વાત છે. પ્રધાનમંત્રી મોદીએ ગરીબો માટે, મહિલાઓ માટે, યુવાનો માટે અને ખેડૂતો માટે અનેક યોજનાઓ છે. ખેડૂતો માટે નક્કોર કામગીરી કરવામાં આવે છે અને આવશે. ઈફકોના ચેરમેન તરીકે મતદાન બાદ દિલિપ સંઘાણીની નિયુક્તિ કરવામાં આવ્યા છે. તેઓ સતત બીજી વખત ચેરમેન તરીકે નિમણૂંક પામ્યા છે. આ મતદાનમાં વાઈસ ચેરમેન તરીકે બલવિંદરસિંઘની નિયુક્તિ કરવામાં આવી છે.

# AMCએ સાડા 5 વર્ષમાં એવરેસ્ટના માત્ર 10 નમૂના લીધા તો MDHનો એકેય નહીં

## RTIમાં ઘટસ્ફોટ: વિદેશમાં પ્રતિબંધિત, અમદાવાદમાં વેચાણ

(એજન્સી) અમદાવાદ | તા.11



તાજેતરમાં જ વિદેશમાં ભારતીય મસાલા બનાવનારી કંપની MDH પ્રાઈવેટ લિમિટેડ અને એવરેસ્ટ ફૂડ પ્રાઈવેટ લિમિટેડ નામની કંપનીઓના મસાલા પ્રોડક્ટ્સ પર પ્રતિબંધ મૂક્યો છે, ત્યારે અમદાવાદ શહેરમાં અનેક વિસ્તારમાં MDH અને એવરેસ્ટ કંપનીના મસાલા વેચાઈ રહ્યા છે.RTIમાંથી મળેલી માહિતી મુજબ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ના ફૂડ વિભાગ દ્વારા છેલ્લા સાડા પાંચ વર્ષમાં એવરેસ્ટ મસાલાના માત્ર 10 નમૂના લેવામાં આવ્યા છે. જ્યારે MDH મસાલાના એક પણ નમૂના લેવામાં આવ્યા નથી.

### 2 નમૂનાનો રિપોર્ટ પબ્લિક હેલ્થ લેબોરેટરી દ્વારા આપવાનો બાકી

**શહેર કોંગ્રેસના માયનોરિટી વિભાગના વર્કિંગ ચેરમેન તેમજ એડવોકેટ અતીક સૈયદે મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગ પાસે RTI દ્વારા મળેલી માહિતી મુજબ વર્ષ 2018થી વર્ષ 2024ના એપ્રિલ મહિના સુધીમાં એવરેસ્ટ મસાલાના કુલ 10 નમૂના લેવામાં આવ્યા છે. જેમાંથી 2 નમૂનાનો રિપોર્ટ પબ્લિક હેલ્થ લેબોરેટરી દ્વારા આપવાનો બાકી છે. જ્યારે MDH મસાલા કંપનીના વર્ષ 2018થી વર્ષ 2024ના એપ્રિલ મહિના સુધીમાં પ્રોડક્ટનો એક પણ નમૂનો ફૂડ એનાલિસિસ માટે અમદાવાદ શહેરમાથી લેવામાં જ આવ્યો નથી.**

**ચોરીની હદ...** ટંકારા તાલુકાના સખપર ગામે ચોરોએ હદ વટાવી !

# ચોરોએ સોનું-ચાંદી છોડી લસણ-જીરુંની કરી ચોરી

(એજન્સી) મોરબી | તા.11

ટંકારાના સખપર ગામે મકાન પાસે બંધ વાડાના મકાનમાંથી જીરૂના 36 અને લસણના 11 કોથળાની ચોરી કરવામાં આવી હતી. જેથી 4,12,500 ની કિંમતના મુદ્દામાલની ચોરી થઈ હોવાની ભોગ બનેલા યુવાને ટંકારા તાલુકા પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે પોલીસે ગુનો નોંધી આરોપીને પકડવા માટે ચક્રોગતિમાન કર્યા હતા અને હાલમાં આ ગુનામાં પાંચ આરોપીની ધરપકડ કરીને પોલીસે તેની પાસેથી 10.12 લાખનો મુદ્દામાલ કબજે કરેલ છે અને બોલેરો ગાડીના હપ્તા ચડી ગયા હોવાથી ચોરીનો પ્લાન બનાવ્યો હોવાનું સામે આવ્યું હતું.

વર્તમાન સમયમાં ચોરીની ઘટનામાં તસ્કરો જે હાથમાં આવે તેની ચોરી કરતા હોય છે. તેવામાં ટંકારા તાલુકાના સખપર ગામે રહેતા હસમુખભાઈ રણછોડભાઈ કોરીંગા જાતે પટેલ (44)એ ટંકારા તાલુકા પોલીસ સ્ટેશન ખાતે અજાણ્યા શખ્સની સામે ચોરીની ફરિયાદ નોંધાવી હતી. જેમાં તેને જણાવ્યું હતું કે, ફરિયાદી યુવાને તેના ઘર પાસે આવેલ વાડામાં બંધ મકાનમાં જીરુંના 36 કોથળા જેમાં 75 મણ જીરૂનો જથ્થો તેમજ લસણના 11 કોથળા જેમાં 30 મણ લસણનો જથ્થો હતો. ટંકારા પોલીસ સ્ટેશનના વિજયભાઈ નાગજીભાઇ બાર, સિધ્ધરાજસિંહ અર્જુનસિંહ ઝાલા અને કૌશિકકુમાર રતિલાલ પેઢડીયાને સયુક્ત બાતમી મળી હતી. જેના આધારે પોલીસે આરોપી સાગરભાઇ દીલીપભાઇ અત્રેસા રહે. મૂળ સખપર હાલ રહે. વાવડી રોડ બાપાસીતારામ મઢુલી પાસે જીવન જયોત સોસાયટી મોરબી, રમેશભાઇ અવચરભાઇ દારોદ્રા રહે. નેકનામ તાલુકો ટંકારા, બીપીનભાઇ વીરજીભાઇ સાણદીયા રહે. નેકનામ તાલુકો ટંકારા, હીન્દુભાઇ લાખાભાઇ સાટકા રહે. સખપર તાલુકો ટંકારા અને પ્રવિણભાઇ વાલજીસભાઇ વેદાણી રહે. હોળાયા તાલૂકો ગઢડા હાલ રહે. નેકનામ તાલુકો ટંકારા વાળાની ધરપકડ કરેલ છે. વધુમાં પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ આરોપી સાગરભાઇ અને બિપીનભાઈએ બોલેરો ગાડી લીધેલ હતી જેના હપ્તા ચડી ગયા હતા જે ભરવા માટે જીરૂ અને લસણ ચોરી કરવાનો પ્લાન કર્યો હતો તેવુ સામે આવેલ છે.



### 4,12,500ની કિંમતનો મુદ્દામાલ ચોરાયો

આ લસણ અને જીરું ભરેલા કોથળાની ચોરી કરવામાં આવે છે. જેથી કરીને 4,12,500ની કિંમતના મુદ્દામાલની ચોરી થઈ હોવા અંગેની ભોગ બનેલા યુવાને ટંકારા તાલુકા પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવેલ હતી. જેના આધારે પોલીસે પાંચ આરોપીની ધરપકડ કરવામાં આવેલ છે. આ આરોપીઓ ચોરી કરેલ જીરૂનો જથ્થો આરોપીઓ ઉંઝામાં જઈને વેંચી નાખ્યુ હતું. જો કે, પોલીસે આરોપી પાસેથી રોકડા રૂપિયા સહિતનો મુદ્દામાલ કબજે કરેલ છે.

### ગુજરાતભરની આંગડિયા પેઢીમાં CID ક્રાઈમની તપાસ

# આંગડિયા પેઢીઓમાં દરોડા, 1 કિલો સોનું સહિત 18-કરોડ જપ્ત

### ■ 12 પેઢીની અલગ અલગ ઓફિસોમાં CID ક્રાઈમ તપાસ

(એજન્સી) અમદાવાદ | તા.11

રાજ્યભરમાં આંગડિયા પેઢીમાં CID ક્રાઈમની તપાસ આજે પણ યથાવત છે. વાત જાણે એમ છે કે, CID ક્રાઈમની ટીમને તપાસ દરમિયાન કરોડોના વ્યવહારો મળી આવ્યા છે. આંગડિયાની 12 પેઢીની અલગ અલગ ઓફિસોમાં CID ક્રાઈમ તપાસ કરી રહી છે.

વિગતો મુજબ CID ક્રાઈમની તપાસમાં અત્યાર સુધી 18 કરોડ 19 લાખની રોકડ, 1 કિલો સોનું, 66 મોબાઈલ સહિત મુદ્દામાલ પણ કબજે કરવામાં આવ્યો છે. આ સાથે 75 લાખનું વિદેશી ચલણ પણ તપાસ દરમિયાન મળી આવ્યું છે.

ગુજરાતભરની આંગડિયા પેઢીમાં હાલ CID ક્રાઈમની તપાસ ચાલી રહી છે. હજી આજે પણ અનેક આંગડિયા પેઢીમાં CID ક્રાઈમની તપાસ ચાલી રહી છે. વિગતો મુજબ CID ક્રાઈમે PM આંગડિયા, HM આંગડિયા, NR આંગડિયામાં તપાસ હાથ ધરી છે.

આ દરમિયાન CID ક્રાઈમની ટીમને પ્રાઈમ એન્ટરપ્રાઈઝ, વી પટેલ નામની આંગડિયા પેઢીમાં તપાસમાં દુબઈ સાથેના કરોડોના આંગડિયાના વ્યવહારો મળી આવ્યા છે. આ સમગ્ર મામલે આંગડિયાના સંચાલકો સહીત 10 કર્મચારીઓની પૂછપરછ કરવામાં આવશે. મહત્વનું છે કે CID સાથે IT અને ED પણ તપાસ કરી રહી છે.